वैद्यक चिकित्सासार

(पूर्वार्ध)

इदमागमसिद्धत्वात् प्रत्यक्षफलदर्शनात् ।
मंत्रवत्संप्रयोक्तव्यं न मीमांस्यंकथंचन ॥

卐

લખનાર:

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર આયુર્વેદાચાર્ય

સંપાદક: "આરોગ્યસિન્ધુ" અને "લોહાણાજીવન"

લેખક: વૈદ્યક ચિકિત્સાપદ્ધતિ, અનુભૂત પ્રયોગાવલી, રસાયનસાર સંગ્રહ, મકરધ્વજ રહસ્ય, કુપીપક્વ રસાયન, આસવારિષ્ટ વિજ્ઞાન, ઉપયોગી પેટંટ દવાઓ, આયુર્વેદિક પ્રીસ્ક્રીપશનો વગેરે.

માલીક: **ધી સિન્ધ આયુર્વેદિક ફાર્મસી (રજીસ્ટર્ડ)**
કરાચી અને મુંબઈ નં. ૨.

卐

કિંમત રૂપીયા ત્રણ.

પ્રકાશક:
વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
માલિક સિન્ધ આયુર્વેદિક ફાર્મસી
નાનકવાડા, કરાચી.

અર્પણપત્ર



તિર્થસ્વરૂપ, સ્વર્ગવાસી,

પૂજ્ય પિતાશ્રી કુંવરજી પેરાજ કતીરા,

આપને વૈદ્યક વિદ્યા તથા શિક્ષણ પ્રત્યે પૂર્ણ
પ્રેમ હુતો, અને આપે મને વૈદ્યક વિદ્યા પ્રાપ્ત
કરાવવા માટે અથાગ શ્રમ લઈ વૈદ્યક
પ્રવૃતિમાં પ્રવેશ કરાવ્યો, પરિણામે
હું આ ક્ષેત્રમાં પ્રવૃત થઇ મારી
અલ્પ સેવા બજાવી રહ્યો છું
એ સર્વ સેવાનું પૂણ્ય
આપના ચરણોમાં
અર્પણ છે.

આપની
પૂણ્ય સ્મૃતિ
આ લઘુ પરંતુ
લોકપ્રિય પુસ્તક સાથે
જળવાઇ રહે એમ સમજી
આપના ચરણોમાં આ પુસ્તક
અર્પણ કરી આનંદ માનું છું.

આપનો બાળક
ગોપાલજી
ગ્રન્થકર્તા.

પહેલી આવૃતિની પ્રસ્તાવના.



ચાલુ જમાનામાં વૈદ્યક શિક્ષણના અભાવે આપણા દેશમાં અનેક પ્રકારના રોગો ફેલાય છે અને તેથી લાખો મનુષ્યો અકાળે મરણને શરણ થાય છે વળી અનેક મનુષ્યો રોગથી પીડાય છે તેમજ સમય અને પૈસાનો ખર્ચ પણ ઘણો મોટો એ દિશામાં થઇ જાય છે. આ સર્વ થતું અટકાવવાનો મુખ્ય ઉપાય એજ છે કે આરોગ્ય અને વૈદ્યક શિક્ષણનો પ્રચાર જેમ બને તેમ મોટા પ્રમાણમાં કરવાની જરૂર છે. પરંતુ આવા પવિત્ર કાર્યને માટે ભારતવર્ષમાં ગણ્યા ગાંઠ્યા ચિકિત્સકોજ સાહસ ખેડી આ કાર્ય કરે છે. જ્યારે મોટો સમુદાય કેવળ રોગોના ઉપાય કરી પોતાની આજીવીકા ચલાવી પૈસા સંચય કરવામાંજ રોકાયલો દેખાય છે. ચિકિત્સકોની પહેલી ફરજ તો એ છે કે જેમ બને તેમ લોકોને રોગના પંજામાં સપડાતા બચાવવા, પરંતુ દુઃખની વાત છે કે જેવી રીતે વૈદ્યક જાણનાર સમુદાય આ બાબનમાં સુસ્તી બતાવે છે તેવીજ રીતે જનસમાજ પણ ઘણીજ બેદરકારી રાખી હેરાન થયા કરે છે

એકાદ કુટુંબમાં વૈદ્યક જ્ઞાનનો પ્રચાર કરવાથી કાર્ય પુરેપુરૂ થઈ જાય તેમ નથી. પરંતુ આખા જનસમાજને એ શિક્ષણ મળે તેવી રીતે તેનો પ્રચાર કરવાની જરૂર છે. ગુજરાતમાં માત્ર બે-ચાર વૈદ્યકનાં માસિકપત્રો પ્રગટ થાય છે અને તે સર્વ ઘણે ભાગે ખોટ વેઠીને પ્રગટ થતાં જણાય છે. માસિકપત્ર વડે વૈદ્યકના પવિત્ર વિચારોનું વાતાવરણ ઘેર ઘેર દરેક મનુષ્યને પહોંચતું કરવાનું બની શકે એમ છે જેથી મેં મારા તે વિચારોને અમલમાં મુકવા આજે ચાર વર્ષ થયાં કરાચીમાંથી "આરોગ્યસિન્ધુ" નામનું ગુજરાતિ વૈદ્યક માસિક

પત્ર પ્રગટ કરવાની શરૂઆત કરી છે. અનેક નાનાં મોટાં કષ્ટો ઉઠાવી અર્થનો મોટો બોજો સહન કરી બનતી નુકશાનીના ભોગે આ પત્ર શરૂ કર્યું અને હજી પણ એવીજ દશામાં ચાલુ છે. જ્યાં સુધી મોટી સંખ્યામાં ગ્રાહકો ન થાય ત્યાં લગી આવા સાહસની ફતેહમંદી ઘણી ઓછી જણાય એ સ્વાભાવિકજ છે.

ત્રીજા વર્ષના ગ્રાહકોને ભેટ આપવા માટે આ વૈદ્યક ચિકિત્સાસાર નામનું પુસ્તક આજે છપાઈને તૈયાર થાય છે. અને એ પુસ્તકમાં આશરે સવાસો જાતની આયુર્વેદિક શાસ્ત્રિય તેમજ અનુભવી બનાવટો કે જેને અમોએ અનેક વખત બનાવી વાપરી ખાત્રી કરી તે સત્ય તથા સારી જણાતાં તેનોજ લાભ અમારા ગ્રાહકોને તથા સમાજને માટે કંઈ પણ સંકોચ ન રાખતાં પવિત્ર દિલથી સ્પષ્ટ લખી અને [illegible] તૈયાર કર્યું છે. જો કે માસિકપત્રમાં ભેટ [illegible] આવું ઉપયોગી ભેટનું પુસ્તક પણ આપી [illegible] અને [illegible] સેવા કરવાનું [illegible] પણ આ [illegible] અને [illegible] મદદ કરવા [illegible] વધારી મદદ કરશો [illegible].

[illegible] પ્રગટ [illegible] વૈદ્યક [illegible] પુસ્તકો પ્રગટ [illegible]

કે શાસ્ત્રિય પ્રયોગોનો કંઇપણ ભેદ રાખેલ નથી માત્ર જેમાં મને પુરી ખાત્રી છે તે અને જે વૈદ્યોના અનુભવમાં યોગ્ય જણાયું છે તેજ આમાં મેં દાખલ કરેલ છે.

આવી ઢબનાં સરળ ભાષામાં વૈદકનાં પુસ્તકો પ્રગટ થવાથી સાધારણ જનસમાજ કે જે દેશી દવાઓ વાપરવાની ઇચ્છા રાખે છે તેને બહુજ ઉપયોગી થઇ પડેલ છે. વિદેશી દવા વાપરનારા ડૉક્ટરો અને બીજા ગૃહસ્થો પણ આમાંથી ઠીક લાભ ઉઠાવી શકયા છે, તેનું કારણ કે સરળ ભાષામાં અને ટુંકાણમાં, ખાસ ઉપયોગી બાબતોની માહિતી સાથેજ આ પુસ્તકમાં દરેક પ્રયોગ ગોઠવાયા છે. જેથી કોઇ પણ પ્રયોગ બનાવી વાપરતાં તેમને જરાપણ તકલીફ જણાતી નથી અને તેથી તેમને ફાયદો પણ થયો છે, ખર્ચમાં ફાયદો થવાની સાથે તેઓ દેશી દવા વાપરવા પણ અવશ્ય લલચાય છે. આથી મને પુરી ખાત્રી થઈ છે કે આવી શૈલીનાં પુસ્તકો સાધારણ શિક્ષીત વર્ગમાં અને ડૉક્ટરોમાં આયુર્વેદિક ઔષધોનો પ્રચાર જલદી અને સરળતાથી થઈ શકે છે ખરો.

વૈદક ચિકિત્સાસાર ભાગ ૧ લો અને ૨ જો પ્રથમ જે રીતે લખીને પ્રગટ કરવામાં આવ્યા તેવીજ શૈલી અને તેવીજ ઢબનું આ તેના અનુસંધાનમાં ૩ જો ભાગ તૈયાર કરવામાં આવ્યો છે. આ ભાગમાં પણ મે મારા ખાનગી પ્રયોગો કે જે મારા મુરબ્બી પાસેથી પ્રાપ્ત થયા છે તે તેમજ બીજા જે કંઈ સારા અને અનુભવી જણાયા તે દરેક દાખલ કરી તેનુ યોગ્ય વર્ણન બને તેટલું સરળ કરવામાં આવ્યું છે.

૧ લો અને ૨ જો ભાગ વાંચનારાઓમાં જેટલો સ્વીકાર અને આદરને પાત્ર થવા પામ્યા છે તેના કરતાં આ ત્રીજો ભાગ વિશેષ આદર પાત્ર થાય તે માટે બનતુ દરેક ઉપયોગી લખાણજ તેમા લીધુ છે જેથી મને પુરી આશા છે કે તે લોકપ્રિય થશેજ

આવી શૈલીના ગ્રન્થો આજના માણસો વધારે પસંદ કરે છે તેનું કારણ એ છે કે ટુંકાણમાં, મુદ્દાસર અને જરૂર પુરતું સાહિત્ય આ એક નાના ગ્રન્થમાં થોડા ખર્ચે મળી આવતું હોવાથી લોકો તેને વધારે પસંદ કરી ઉત્તેજન આપે છે.

આવા ગ્રન્થની સાચી સમાલોચના અમારા ભાઇબંધ વૈદ્યક પત્રકારોએ લઇ જે યોગ્ય ટેકો આપ્યો છે તે માટે તેમનો ઉપકારી છું.

"આરોગ્યસિન્ધુ"ના ગ્રાહકોને આવું અમૂલ્ય સાહિત્ય દર વર્ષે મફતમાં મળે અને ટુંકા લવાજમમાં બાર માસ સુધી પત્ર મળે એ યોજના આ સાહિત્યના સુના સિંધદેશ માટે તો ખરેખર ઉપયોગી જ છે. પણ હજી સુધી યોગ્ય ટેકો અમોને મળેલ નથી. એથી અમારે દિલગીરી સાથે નોંધ લેવી પડે છે. જ્યારે કેટલાક ઉત્સાહી ભાઇઓની મીઠી લાગણી અને હંમેશના ટેકાથી તેમજ ઉદારના એવાજ ઉત્તમ ગ્રાહકોની સહાયતાથી અમો "આરોગ્યસિન્ધુ"માં ખોટ હોવા છતાં તેમાં વધારે સારૂં કેમ થાય તેવા દરેક પ્રયત્ન ધીમે ધીમે કરતા જઇએ છીએ.

ખરી રીતે જે જણાવ્યું તે લખી આવી રીતે સમાજને મદદ કરી લેવું એવું મહાન કઠીન કાર્ય માથેથી પડેલાં કેટલાક વૈદ્યો ની જરૂરીયાત હતી તેનો મને અનુભવ થયેલો જ છે કારણ કે [illegible] વૈદ્યો [illegible] માથેથી પડેલાં [illegible] એ કહેલા સિવાય [illegible] નથી [illegible] પોતાનો સ્વાર્થ [illegible] ખુશાલી [illegible] [illegible] છે તેમ ગાયું છે.

[illegible]

વૈદ્યક ચિકિત્સાસાર–એ ઘરમાં વાપરવા લાયક નાનાં ટુચકાઓનો સંગ્રહ અથવા મોટા અને ખરીદવા તથા વાંચવા ભારે પડે તેવા મહાન ગ્રન્થોથી નિરાળીજ વસ્તુ છે. એતો ચોવીસે કલાક વૈદ્યોના ટેબલપર રહી વારંવાર માર્ગદર્શક થઇ પડે તેવો સરળ અને ટુંકો ગ્રન્થ છે. અને તેવાજ ખુલ્લા હૃદયથી તેનું લેખનકાર્ય થયું છે. અને આ લેખનકાર્યમાં મેં મારૂં આપ્યું છે તેના કરતાં તો અનેકગણું વધારે મારા મુરબ્બીઓ અથવા ગુરૂવર્ય યાદવજીભાઇ ત્રિકમજી આચાર્ય જેવાઓનું જીંદગીમાં હજારોના ખર્ચે મેળવેલ અનુભવ બધું મારી પાસે હતું તે આમાં આપી દીધેલ છે. અનેક ગુરૂવર્યો પાસેથી તથા સ્નેહી વૈદ્યો પાસેથી મેળવેલું જીંદગીનું નાણું આમાં છે. જેવી રીતે અનેક વૈદ્યો પોતાના અનુભવને જાહેરમાં ન મુકતાં છુપાવી રાખે છે તેમ મેં સંકોચ રાખેલ નથી. મને જેવી રીતે ઇશ્વરકૃપાથી મલ્યું તેવીજ ઉત્તમ ભાવનાની મેં આમાં અનુભવ કરી પ્રત્યક્ષ થયું તે આપી દીધેલ છે, એમાં જે કંઈ સત્ય હોય તો તેનો યશ તેવા મહાનુભાવોને છે. જ્યારે ભૂલચૂક કે કંઇ ખામી હોય તો તે મારી છે એમ સમજી વાંચક મને ક્ષમા કરશે.

અંતમાં આ કાર્યમાં હમેશાં ઉત્સાહિત કરનાર ગ્રાહકવર્ગનો તથા સ્નેહીવર્ગનો આભાર માનવાની સાથે પરમકૃપાળુ પરમાત્માનો ઉપકાર માની થોડાજ વખતમાં ઉતરાર્ધ પ્રગટ કરવા ઇશ્વિર દરેક સહાયતા કરે એવી આશા રાખતો.

આપનો નમ્ર સેવક,
વૈદ્ય ગોપાલજી ઠક્કુર.

(જુદી જુદી વારે ભાગમા પ્રગટ થએલી પ્રસ્તાવનામાંથી લીધેલો સારાંશ.)

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

સને ૧૯૨૫ની સાલમાં વૈદક ચિકિત્સાસારનો પ્રથમ ભાગ ભાવનગરથી લખી પ્રગટ કરવામાં આવ્યો, પછી એક વર્ષે એક ભાગ પ્રગટ થતાં ચાર ભાગ પૂરા કરી વૈદક ચિકિત્સાસાર ઉત્તરાર્ધ આ પ્રમાણે એક પુસ્તક રૂપે ૫૦૧ પ્રયોગોનું પૂર્ણ પુસ્તક તૈયાર કર્યું. એ પુસ્તકની તમામ પ્રતો હવે પૂર્ણ થવા આવી છે અને તેથી જ તે પુસ્તક આજે ફરીથી પૂર્ણ સુધારા-વધારા સાથે બીજી આવૃત્તિ રૂપે તૈયાર કરી પ્રગટ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થએલું જોઈ મનને આનંદ થાય છે.

ગુજરાતી ભાષામાં વૈદકના નાના કે મોટા અનેક પુસ્તકો છે, એ સર્વેની તુલના આ પુસ્તક સાથે કરવી કર્તવ્ય નથી, પરંતુ [illegible] છે [illegible] છે કે [illegible] પ્રગટ થએલ, અનેક [illegible] આ પુસ્તકનું [illegible] રીતે [illegible] છે

[illegible]

આચાર્યનું અને પ્રાચિન આયુર્વેદશાસ્ત્રમાં સિદ્ધ કરેલું જે કંઈ લેવા યોગ્ય હતું તે સર્વનો સંગ્રહ છે. આ સંગ્રહ બિનઅનુભવી નહિં પણ પૂર્ણ અનુભવ કર્યા પછીજ તે અમારી ખાતરી સાથે લખાયું છે.

વૈદ્યક ચિકિત્સાસાર જેવા હળવા સાહિત્યની રચના ખાસ કરી મોટા વિદ્વાનો કે પંડિતો માટે નહિં પરંતુ સામાન્ય વૈદ્ય સમુદાય તથા જનસમાજ માટે પૂર્ણ વિચાર અને અનુભવ કર્યા પછી કરવામાં આવી છે. અને છેલ્લા સાત વર્ષમાં તે વાત નજરે જોઇ ખાત્રી કરી છે કે તેની રચના સૌને પસંદ થઈ છે અને તે પુસ્તકનો સત્કાર નાના મોટા દરેક વૈદ્યોમાં તથા આયુર્વેદના સાહિત્યમાં રસ લેનાર સામાન્ય જનસમુદાયમાં સારા પ્રમાણમાં થયો છે. જો કે આટલો સત્કાર થશે કે કેમ? તેની ખાત્રી પ્રથમ મને ન હતી, પણ વાંચક-વર્ગના અભિપ્રાયો તથા વિદ્વાનોના ઉદ્ગારો પછી એ ખાત્રી થઇ કે આજના જમાનામાં મોટા મોટા પંડિતોના સંગ્રહ ગ્રન્થો કે બીજા ગ્રન્થો પ્રગટ થાય છે અને તેનો જે કંઇ સત્કાર થાય તેના કરતાં આ પુસ્તકનો સત્કાર અવશ્ય વધારેજ થયો છે. એ હકીકત લેખક માટે વધારે ઉત્સાહકારક કહી શકાય.

પ્રથમ જ્યારે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું ત્યારે તેમાં દરેક ભાગમાં ૧૨૫ પ્રયોગો લેવામાં આવેલા, એ મળીને ચાર ભાગમાં ૫૦૧ પ્રયોગો થયેલા પણ એ ગુંથણી મનને બરાબર પસંદ ન હતી. આ વખતે એ જુની રીત બંધ કરી બીજી આવૃતિમાં આખા ગ્રન્થની રચનામાં ખૂબ ફેરફાર કરી લેવામાં આવ્યો છે અને તે એટલે સુધી કે જાણે આ ગ્રન્થ નવોજ કેમ ન લખાયો હોય? તેવી રીતે તમામ બાબતોમાં ફેરફાર, સુધારો–વધારો તથા પદ્ધતિસરની નવી ગોઠવણ થઇ ગઇ છે જે આ પ્રમાણે છેઃ—

દવાઓની બનાવટના વર્ગ પ્રમાણે જુદા જુદા પ્રકરણ બનાવી ૨૦ પ્રકરણ કરેલા છે. પરિશિષ્ટ જુદા જુદા હતા તેનું એક પ્રકરણ સુધારા-વધારા સાથે બનાવી પરિભાષા પ્રકરણ ૨૧ મું દાખલ કરેલ છે. દરેક પ્રકરણમાં અકારાદિ અનુક્રમવાર દવાઓનાં નામ ગોઠવેલાં છે. અનુક્રમ નંબર એકથી પાંચસોએક સુધી સળંગ રાખેલો છે. વાંચનારાઓની સરળતા માટે પ્રથમ અનુક્રમણિકા પ્રકરણની સમજ માટે પછી રોગ પ્રયોગ જોવા માટે અકારાદિ અનુક્રમ અને રોગવાર કઈ દવા કયા પેજમાં આપેલી છે તે પણ બનાવવામાં આવેલ છે, આ આખી સૂચિથી ગ્રન્થનો ઉપયોગ કરનાર માટે અતિશય સરળ થઈ પડે તેવી થઈ છે.

બીજીને વૈદ્યક પ્રથમની આવૃત્તિમાં કેટલાક ઉપયોગી અને [illegible] પ્રયોગો [illegible] આપવાનું રહી ગયું હતું જેથી [illegible] આ ગ્રન્થ પુરો ઉપયોગી ન થઈ પડતો તે તે માટે [illegible]

[illegible]

તથા કપડાનું બાઈન્ડીંગ સાથે ગ્રન્થમાં વપરાયલા તમામ છપાઈ કામ માટે ટાઈપ પણ નવા મંગાવી પૂર્ણ સ્વચ્છ તથા સુંદર બનાવવા ખૂબ કાળજી રાખી છે. આખો દિવસ વારંવાર વપરાય તેવું આ પુસ્તક હોવાથી તે વધુ ખરાબ ન થાય, ટકી રહે એમ સમજી આ આવૃતિ માટે બનતી કાળજી લેવામાં આવી છે.

વૈદ્યક ચિકિત્સાસાર ગુજરાતિ ભાષામાં હોવા છતાં તેનો ઉપયોગ બંગાળ, સી. પી., યુ. પી., મહારાષ્ટ્ર, પંજાબ અને રાજપૂતાનાના વૈદ્યોમાં છુટથી થયો છે તેમની ઇચ્છા તો પ્રાંતિક ભાષામાં અનુવાદ કરી ગ્રન્થનો વધુ પ્રચાર થાય તેમ છે પરંતુ ધન અને સમયનો અભાવ હોવાથી તે કાર્ય હાલ તુરતમાં કદાચ નહિં થાય પરંતુ અમારી ઇચ્છા તેનું અંગ્રેજી તથા હિંદી ભાષાંતર બનાવી એ બે ભાષામાં છપાવવાની બને તેટલું તરતમાં થાય તેવી છે. પરમાત્માની કૃપા તથા ગ્રાહક ભાઈઓની લાગણી હશે તો જરૂર આ કાર્ય પણ થઈ જશે ખરૂં.

સામાન્ય ગૃહસ્થો તથા વૈદ્યો શિવાય આ ગ્રન્થને શિક્ષીત ડૉક્ટરો તરફથી પણ સારો આવકાર મળ્યો છે. પાસ થએલા અનેક ડૉક્ટરોએ આ પુસ્તક ખરીદ કરી આયુર્વેદની ઉપયોગી અને મહત્વની દવાઓનું જ્ઞાન, બનાવટની સમજણ, વાપરવાની માહિતી વગેરે મેળવી લેવા આ ગ્રન્થને ગાઇડરૂપ સમજી પોતા પાસે હમેશાં રાખવાનું પસંદ કર્યું છે.

પહેલી આવૃતિ વેચવા માટે અમોએ ખાસ કોઈપણ જાતની જાહેરાત કે મહેનત કરી નહોતી, છતાંપણ જેણે આ ગ્રન્થ જોયો તેણે તરતજ મંગાવી લીધો એ આ ગ્રન્થના નીજ ગુણને લીધેજ તેનું વેચાણ થઈ શક્યું છે. વળી ગ્રન્થ ખરીદ કરનાર તમામ વર્ગ-

દવાઓની બનાવટના વર્ગ પ્રમાણે જુદા જુદા પ્રકરણ બનાવી ૨૦ પ્રકરણ કરેલા છે. પરિશિષ્ટ જુદા જુદા દવા તેનું એક પ્રકરણ ખુરાક–વધારા સાથે બનાવી પરિભાષા પ્રકરણ ૨૧ મું દાખલ કરેલ છે. દરેક પ્રકરણમાં અકારાદિ અનુક્રમવાર દવાઓનાં નામ ગોઠવેલાં છે. અનુક્રમ નંબર એકથી પાંચસોએક સુધી ચડતો રાખેલો છે. વાંચકવર્ગની સરળતા માટે પ્રથમ અનુક્રમણિકા પ્રકરણની સમજ માટે પછી કોઈ પ્રયોગ જોવા માટે અકારાદિ અનુક્રમ અને રોગવાર કઈ દવા કયા પેજમાં આપેલી છે તે પણ બનાવવામાં આવેલ છે, આ આખી ગુજરાતી ગ્રન્થનો ઉપયોગ કરનાર માટે અતિશય સગવડ થા પડે તેવી કર્યું છે.

બીજી કેટલાક પ્રથમની આવૃત્તિમાં કેટલાક ઉપયોગી અને [illegible] આપવાનું રહી ગયું હતું [illegible] ઉપયોગી ન થાય [illegible] તે માટે [illegible]

[illegible]

તથા કપડાનું બાઈન્ડીંગ સાથે ગ્રન્થમાં વપરાયલા તમામ છપાઈકામ માટે ટાઈપ પણ નવા મંગાવી પૂર્ણ સ્વચ્છ તથા સુંદર બનાવવા ખૂબ કાળજી રાખી છે. આખો દિવસ વારંવાર વપરાય તેવું આ પુસ્તક હોવાથી તે વધુ ખરાબ ન થાય, ટકી રહે એમ સમજી આ આવૃતિ માટે બનતી કાળજી લેવામાં આવી છે.

વૈદ્યક ચિકિત્સાસાર ગુજરાતિ ભાષામાં હોવા છતાં તેનો ઉપયોગ બંગાળ, સી. પી., યુ. પી., મહારાષ્ટ, પંજાબ અને રાજપૂતાનાના વૈદ્યોમાં છુટથી થયો છે તેમની ઇચ્છા તો પ્રાંતિક ભાષામાં અનુવાદ કરી ગ્રન્થનો વધુ પ્રચાર થાય તેમ છે પરંતુ ધન અને સમયનો અભાવ હોવાથી તે કાર્ય હાલ તુરતમાં કદાચ નહિં થાય પરંતુ અમારી ઇચ્છા તેનું અંગ્રેજી તથા હિંદી ભાષાંતર બનાવી એ બે ભાષામાં છપાવવાની બને તેટલું તરતમાં થાય તેવી છે. પરમાત્માની કૃપા તથા ગ્રાહક ભાઇઓની લાગણી હશે તો જરૂર આ કાર્ય પણ થઈ જશે ખરૂં.

સામાન્ય ગૃહસ્થો તથા વૈદ્યો શિવાય આ ગ્રન્થને શિક્ષીત ડૉક્ટરો તરફથી પણ સારો આવકાર મળ્યો છે. પાસ થએલા અનેક ડૉક્ટરોએ આ પુસ્તક ખરીદ કરી આયુર્વેદની ઉપયોગી અને મહત્વની દવાઓનું જ્ઞાન, બનાવટની સમજણ, વાપરવાની માહિતી વગેરે મેળવી લેવા આ ગ્રન્થને ગાઇડરૂપ સમજી પોતા પાસે હમેશાં રાખવાનું પસંદ કર્યું છે.

પહેલી આવૃતિ વેચવા માટે અમોએ ખાસ કોઈપણ જાતની જાહેરાત કે મહેનત કરી નહોતી, છતાંપણ જેણે આ ગ્રન્થ જોયો તેણે તરતજ મંગાવી લીધો એ આ ગ્રન્થના મજ ગુણને લીધેજ તેનું વેચાણ થઈ શક્યું છે. વળી ગ્રન્થ ખરીદ [illegible] તમામ વર્ગ-

માંથી સારામાં સારા અદ્ભુત મહત્વના અભિપ્રાયો એને માટે પુસ્તક મળ્યા છે, જે પ્રગટ કરવા બેસીએ તો આ પુસ્તકના આકારનાં એકસો પૃષ્ટ ભરાઇ જાય, એમ કરવાનું બની શકે તેમ નથી, છતાં પણ સ્થાનની સગવડના હને તો થોડાક અભિપ્રાયો જરૂર આ ગ્રન્થમાં છાપવાની ઇચ્છા છે. આ તો એક બાજુની વાત થઇ પણ બીજી બાજુએ અમારે કહેવું જોઇએ કે દાયકકમુને કંઇ આરગીની જરૂર હોતી નથી! એવો આ પુસ્તકના ગુણ, જેના હાથમાં જાય તે પોતેજ કહી આપે તેમ છે.

પુસ્તકની કિંમત માટે કેટલાક ભાઇઓએ અમારૂં ધ્યાન ખેંચ્યું [illegible]

[illegible]

છેવટે ગ્રન્થને લગતી તથા અમારી સ્થિતિ અને વિચાર રજુ કરતી આ પ્રસ્તાવના પૂરી કર્યા પહેલાં આ ગ્રન્થમાં સહાયતા આપનાર મુરબ્બી વર્ગનો, જે જે પુસ્તકોની મદદ લેવાઇ હોય તેના કર્તાનો તથા ગ્રાહકવર્ગ કે જેમની કૃપાથી આ બીજી આવૃતિ પ્રગટ થઇ શકી છે તે સર્વનો આ સ્થળે આભાર માનવાનું ભૂલી શકાય તેમ નથી. ખૂબ કાળજી રાખી આ આવૃતિ તૈયાર કરી છે છતાં મનુષ્ય ભૂલને પાત્ર છે એ ન્યાયે પ્રથમની તમામ ભૂલો સુધારી લેવાઈ છે, છતાં પણ કયાં સમજફેર, નજરચૂક કે ટાઇપની ખામીને લીધે ભૂલ રહી જવા પામી હોય તો વાંચકવર્ગ સુધારી લેવાની કૃપા કરી તેની ખબર અમોને આપશે તો તે સુધારી લેવાનું ધ્યાનમાં રહે.

છેવટે એક વાત ખુશી થવા જેવી અહિં જણાવવી જરૂરી છે, અને તે એ કે વૈદક ચિકિત્સાસાર પૂર્વાર્ધની સાઇઝ અને કદમાં લગભગ તેના જેવડુંજ વૈદક ચિકિત્સાસાર-ઉતરાર્ધ અમારા તરફથી થોડે થોડે તૈયાર થઇ રહ્યું છે. સમય અને સંજોગોની અનુકુળતા મળતાં તે ૫૦૧ પ્રયોગોનું આના જેવુંજ અતિ ઉપયોગી નવીન પુસ્તક અમો પ્રગટ કરી આપની સમક્ષ રજુ કરશું. પરમાત્મા તે શુભ દિવસ સત્વર લાવે એવી આશા સાથે અત્યારે રજા લઉં છું.

કરાચી
અષાડ શુદી ૨, સા. ૧૯૮૮

આપનો નમ્ર સેવક,
વૈદ્ય ગોપાલજી કું. ઠક્કુર
તંત્રીઃ "આરોગ્યસિન્ધુ"

વૈદ્યક ચિકિત્સાસારની પ્રકરણવાર

અનુક્રમણિકા.



[illegible]

વૈદ્યક ચિકિત્સાસારમાં આવેલા પ્રયોગોની
:: અકારાદિ અનુક્રમણિકા ::



રોગવાર ઔષધાનુક્રમણિકા

[નોંધઃ વૈદ્યક ચિકિત્સાસારમાં આવેલી દવાઓ કયા રોગમાં કઈ દવા વાપરી શકાય તેની સમજણ આપવા માટે અહિં રોગના સંસ્કૃત તથા ગુજરાતી નામો આપી તેની નીચે દવાઓનાં નામ તથા પૃષ્ઠ આપેલાં છે. એથી કોઈપણ માણસ પોતાને માટે જે રોગની દવા શોધવી હોય તે સહેલાઈથી શોધી તેની તમામ માહિતિ તે પૃષ્ઠ પર વાંચી શકે છે. આ અનુક્રમણિકામાં પણ પૃષ્ઠાંક આપેલા છે. લેખક]



ओ३म्

श्री धन्वन्तरये नमः

वैद्यक चिकित्सासार



प्रकरण १लुं — भस्म



१ अभ्रकभस्म

શોધન—સારા કાળા રંગનો ચમકતો પથર જેવો ભારી વજનનો અભ્રક લાવી તેને મુસમાં રાખી ખૂબ તપાવવો જેથી ને લાલ થઇ જશે તેને ગાયના દૂધમાં ઠારવો ફરી પાછું ગરમ કરી તેવી રીતે સાત વખત ઠારવાથી ઝીણો ભૂકો થઇ છુટો પડી જશે તેને ખાટી છાશમાં કે ગૌમૂત્રમાં ૪૮ કલાક પલાળી રાખી પછી તેની સાથે ખારેકના ઠળીઆ કે બોરના ઠળીઆ નાખી એક ધાબળીના કપડામાં નાખી ખૂબ ચોળવાથી તેનો ઝીણો ભૂકો વાસણમાં બેગો થશે એ બેગો થયેલ ભૂકો ઉપરથી કાઢી નાખતા ચોખો અભ્રક અથવા શુદ્ધ ધાન્યાભ્રક થયો ગણાય તેને સુકવી લેવું

मारण—ધાન્યાભ્રકને નીચે બતાવેલ ઔષધમાં દરેક દવા સાથે જુદા જુદા દશ દશ ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ થાય છે

ગૌમત્ર, કુંવાર, આકડાનું દૂધ, અરડુસી, ભોંરીંગણી, કુંભણી, આદુનોરસ, થોરનું દૂધ, મણ્ડક અને અગથીઓ.

विधि—ધાન્યાભ્રકમાં દવાનો રસ કે કવાથ નાખી બરાબર એક દિવસ ઘુંટી ટીકડી બનાવી સુકવી તાવડી પર રાખી ઉપર બીજી તાવડી મુકી કપડમાટી કર્યા શિવાય ગજપુટમાં મુકી બળી આપી દેવી. ઠંડુ થયે કાઢી ફરી તે પ્રમાણે કરવું. આવી રીતે ૧૦૦ ગજપુટ આપવા અને તે નિશ્ચંદ્ર થઇ લાલ રંગ થઇ જાય પછી ઘુંટી બાટલીમાં ભરી રાખવી

प्रमाण—૨ થી ૪ રતિભાર

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—મધ સાથે અથવા રોગાનુસાર.

उपयोग—[illegible], ક્ષીણતા, ધાતુક્ષય, ખાંસી, દમ, ક્ષ. [illegible] [illegible], પાંડુ વિગેરે મટે છે અને લોહી વધારે છે

२ कोडीभस्म

शोधन [illegible]

मारण [illegible]

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान—નાગરવેલના પાન સાથે કે મધ અથવા પાણી સાથે.

समय—સવાર, બપોર અને સાંજ, ત્રણ વખત.

उपयोग—આફરો, સારણગાંઠ, ગોળો, ચૂંક, ગુલ્મરોગ, વાયુ, પેટનો ઝીણો દુઃખાવો અને મંદાગ્નિ તથા જીર્ણજ્વર, અને નબળાઇ મટાડી ખોરાક પચાવે છે.

३ गोदंती (हरताल) भस्म

बनावट—ગોદંતી હરતાલ કે જે સફેદ રંગની અને કાચ જેવી મળે છે તે લાવી તેને ગૌમૂત્રમાં નાખી એક બે કલાક ચુલે ચડાવી શુદ્ધ થવા માટે ઉકાળી લઇ તેને પાણીથી ધોઇ સાફ કરી લેવી પછી તેને એક માટીના વાસણમાં કુંવારની લુગદી વચ્ચે મુકી સંપુટ બંધ કરી હલકો ગજપુટ આપી દેવો જેથી તેમાં સફેદ રંગની સારી ભસ્મ બની જશે, તેને કાઢી કપડે ચાળી બાટલી ભરી લેવી.

प्रमाण—૬ થી ૧૨ રતિભાર.

अनुपान—પાણી અથવા મધ કે ઘી સાથે.

समय—સવાર, સાંજ અથવા જરૂર પડે ત્યારે.

उपयोग—બાળકોની કૃશતા, નબળાઇ, માથાનો દુઃખાવો અને જીર્ણજ્વર તથા સ્ત્રીઓને થતો રક્તસ્રાવ, પ્રદર, રક્તપ્રદર, ખાંસી વગેરે મટાડે છે. મલેરીઆ તાવ માટે ઉત્તમ ગણાય છે. બાળકોનાં અનેક રોગમાં વાપરવાની ટેવ હોય તો સારો યશ આપે છે.

४ छीप (शुक्ति) भस्म

शोधन—કોડી પ્રમાણે શોધન કરવું.

मारन—લીંબુના રસમાં અથવા કુંવારના રસમાં તેને મુકી

તુલસીના પાનના રસમાં ઘુંટી ટીકડી કરી સુકાવી ગજપુટ (હલકો ગજપુટ) અગ્નિ આપવો. આવા ૫૦ થી ૬૦ ગજપુટ આપવાથી ફિકા પીળા રંગની ઉત્તમ હલકા વજનની ભસ્મ બને છે.

प्रमाण—૧ થી ૨ રતીભાર.

अनुपान—માખણ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—પ્રમેહ, પ્રદર, દમ, શ્વાસ, ખાંસી, વિર્યસ્રાવ, ન[illegible] ગાર વગેરે માટે ઉત્તમ છે

सूचना—નાગભસ્મ બરાબર બનાવવી જોઈએ અને પ[illegible] રાખી તેનું સેવન કરવું કે જેથી વિકાર ન થાય.

૮ प्रवालभस्म

शोधन—પ્રવાલની ડાખળી લાવી ગરમ પાણીથી તેને ધો[illegible] કરી તેની પોટલી બાંધી દોલાયંત્રમાં ગૌમૂત્ર, લીંબુનો રસ અને [illegible] નાખી તેમાં [illegible] કલાક સુધી બાફવી એટલે શુદ્ધ થાય છે

मारण—શુદ્ધ કરેલ પ્રવાલને એક માટીના વાસણમાં [illegible]

प्रमाण—[illegible]

अनुपान—[illegible]

समय—[illegible]

માથાનો દુઃખાવો, હાડકાંની નબળાઇ, ક્ષય જીર્ણજ્વર, રક્તસ્રાવ, પિત્ત અને કફના વ્યાધિમાં સારો ફાયદો આપે છે તથા પૌષ્ટિક છે.

૯ प्रवालपिष्टि

બનાવટ—પ્રવાલ લાવી તેને શુદ્ધ કરી ગરમ પાણીથી ધોઇ સાફ કરી સુકવી લેવું. અને તેને લોહની ખરલમાં ખાંડી બારીક ચૂર્ણ કરી કપડછાણ કરી લેવું. આ ચૂર્ણ ખરલમાં નાખી તેમાં ગુલાબજળ નાખી દરરોજ દિવસે ઘુંટી રાત્રે ચંદ્રમાનો પ્રકાશ હોય ત્યાં અગાસીમાં રાખી મુકવું. આ પ્રમાણે પંદર દિવસ ઘુંટી સુકાવી પછી તેને કપડે ચાળી બાટલીમાં ભરી રાખવું જો સૂર્યપુટી કરવી હોય તો લીંબુના રસમાં કે કુંવારમાં ઘુંટી તડકે સુકવી પંદર દહાડા તેમ કરવાથી સૂર્ય-પુટી ભસ્મ થાય.

प्रमाण—૩ થી ૬ રતિભાર.

अनुपान—માખણ, મધ કે દૂધ સાથે.

समय—સવાર સાંજ બે વખત.

उपयोग—નબળાઇ, ખાંસી, રક્તપિત્ત, મગજની ગરમી, છાતીનો દુઃખાવો, જીર્ણજ્વર, હાથપગનો દાહ, છાતીમાંથી પડતું લોહી તથા પિત્તવિકારથી થતાં દરદો મટાડી શક્તિ આપે છે. સ્વભાવમાં આ દવા ઠંડી અને પૌષ્ટિક છે

૧૦ वंगभस्म श्वेत

बनावट—શુદ્ધ કરેલી કલઇ લઇ તેને ચુલા ઉપર ચડાવેલ એક કડાઇમાં નાખી ગરમ કરવી અને તેનો રસ થતાં તેમાં પલાશ પુષ્પ (કેસુડાના ફુલ) નાખતા જવું અને લોહના તાવેથાથી હલાવતા જવું બરાબર ૪ થી ૬ કલાક આ પ્રમાણે મંદ અગ્નિ૨

એ ગજપુટ આપવાથી શ્વેત રંગની ઉત્તમ છીપભસ્મ થાય છે. પછી તેને વાટી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान—માખણ કે મધ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—પેટનો વાયુ, ગોળો, મગજની નબળાઈ, ઉર્ધ્વશ્વાસ, ઉધરસ, ખાંસી, તાવ, શુળવાયુ વગેરે મટાડી શક્તિ આપે છે અને મગજને પુષ્ટિ આપે છે. સાધારણ રીતે પૌષ્ટિક ગણાય છે.

૫ ताम्रभस्म

बनावट—શુદ્ધ કરેલાં તાંબાના પતરાં તોલા ૧૦ લઈ તેને ખમણા વજનના શુદ્ધ હિંગુળમાં નાખી ડમરુયંત્રમાં રાખી ચુલે ચડાવી પારો ઉડાડવાની વિધિથી પારો કાઢી લેવો અને નીચે તળીઆમાં રહેલ ભુકાને ફરી તેવીજ રીતે ખમણા શુદ્ધ હિંગુળમાં ડમરુયંત્રમાં રાખી ફરીને [illegible] પારો કાઢી લેવો. આ પ્રમાણે એ વખતમાં ૨૦ [illegible] હિંગુળ સાથે ડમરુયંત્રમાં ચડાવવાથી શુદ્ધ પારો [illegible] અને [illegible] ૧૦ [illegible] [illegible] (લીંબુ, [illegible] તેના [illegible] છે તેના) [illegible] ગજપુટ આપવા [illegible] [illegible] [illegible] [illegible]

प्रमाण [illegible]

अनुपान [illegible]

उपयोग [illegible]

તેમજ અનેક પ્રકારના યોગ બનાવવામાં આ ભસ્મ સારૂં કામ આપે છે.

સૂચના—તામ્રભસ્મ એ જરા ઉગ્ર ઔષધ છે માટે એનું સેવન કરનારે યોગ્ય પથ્ય પાળવું જોઇએ.

૬ त्रिवंगभस्म

बनावट—શુદ્ધ કલાઇ તો. ૧૦, શુદ્ધ યશદ તો. ૧૦. શુદ્ધ સીસું (નાગ) તો. ૧૦ લાવી, ચુલામાં અગ્નિ કરી, તે ઉપર કડાઇ મૂકી તેમાં એ ત્રણે નાખી, ગરમ કરતાં રસ થાય ત્યારે તેમાં ખાખરાના પુષ્પ (કેસુડાના ફુલ) નાખતા જવું અને વડના ડંડાથી ખૂબ હલાવવું. જ્યારે બરાબર ભસ્મ થાય ત્યારે ઉતારી લેવું અને પછી તેને કપડે ચાળી લેવું. એ ચાળેલી ભસ્મને કુંવારના રસમાં ઘુંટી તેને ગજપુટ અગ્નિ આપવો આ પ્રમાણે ઘુંટી સાતેક ગજપુટ આપવાથી ઉત્તમ પીળા રંગની માખણ જેવી ભસ્મ થાય છે.

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान—માખણ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—પ્રમેહ ધાતુક્ષીણતા, પ્રદર, નબળાઇ, વગેરે માટે ઉત્તમ બનાવટ છે.

૭ नागभस्म

बनावट—શુદ્ધ સીસું લાવી તેને કડાઇમા નાખી ચુલે ચડાવી ગરમ કરી તેમાં આકડાના ફુલ નાખતા જવું અને લોઢાના તવેથાથી હલાવતા જવું આ પ્રમાણે ચાર ૭ કલાક અગ્નિપર હલાવવાથી ભસ્મ થઇ જાય ત્યારે ઉતારી ઠંડુ થયા બાદ કપડે ચાળી લેવું અને જો ભસ્મ ૪૮ તોલા હોય તો તેમાં શુદ્ધ મનશીલ તોલા ૪ નાખી અ-

દબાવવાથી અને પુષ્પ નાખતાં શ્વેત ભસ્મ થઇ જશે. પછી તે કડાઇને ચુલા ઉપર રાખી દેવી, અને આંચ એમજ ઉઠાડી દેવી. ઠંડુ થયા બાદ તે ભસ્મ કાઢી કપડે ચાળી તેમાં કુંવારનો રસ નાખી ઘુંટી તેની બે બે તોલાભારની ટીકડી બનાવી સુકવી રાખવી અને સુકાયા બાદ દરેક ટીકડી ઉપર આંકડાનું પાન લપેટી દોરાથી બાંધી તેને કો[illegible] નારડીમા મુકી અર્ધ ગજપુટ છાણાનો હલકો અગ્નિ આપી દેવો ઠં[illegible] થયે કાઢી લઇ કપડે ચાળી કામમા લેવી આ ભસ્મ ઉત્તમ શ્વેત બ[illegible] નેલ છે

प्रमाण—૨ થી ૪ રતિભાર

अनुपान માખણ સાથે અથવા મધ સાથે.

समय—સવાર સાંજ બે વખત

उपयोग પ્રમેહ પ્રદર ધાતુક્ષીણતા નાડી ગરમી, પિત્ત[illegible] [illegible] મટાડી શક્તિ આપે છે

૧૧ मुक्तापिष्टी

बनावट [illegible]

[illegible]

प्रमाण [illegible]

अनुपान [illegible]

ઉપયોગ—મગજની નબળાઇ, ખોટી ગરમી, માથાનો દુઃખાવો, ક્ષય, જીર્ણજ્વર, હૃદયરોગ, ખાંસી અને નબળાઇ મટાડી શક્તિ આપે છે.

સૂચના—આ પિષ્ટિને બદલે ભસ્મ કરવી હોય તો પિષ્ટિ કર્યા બાદ તેને સ્ત્રીના દૂધ (ધાવણ)માં ઘુંટી એક નાનો ગજપુટ આપવાથી ઉત્તમ ભસ્મ બને છે.

૧૨ યશદભસ્મ

બનાવટ—શુદ્ધ યશદ લાવી તેને કડાઇમાં નાખી ચુલે ચડાવી ગરમ કરી રસ જેવું થાય ત્યારે તેમાં ખસખસના ડોડવા તથા ભાંગ થોડાં થોડાં નાખતા જવું અને લોઢાના તાવેથાથી ખૂબ હલાવ્યા કરવું. આ પ્રમાણે ચાર છ કલાક સુધી સખ્ત અગ્નિના તાપ ઉપર હલાવવાથી તથા ઉપરની દવાઓ બે બનાવી તે નાખવાથી યશદની ભસ્મ થઇ જશે. તેને ચુલા ઉપર રહેવા દેવી અને જ્યારે બરાબર ઠરી જાય ત્યારે ઉતારી લઇ કપડે ચાળી લેવી. આ તૈયાર થયેલી ભસ્મને મલાઇ (દહીંનીતર)માં ઘુંટી ટીકડી કરી સુકવી ગજપુટનો અગ્નિ આપવો. આ પ્રમાણે દશ ગજપુટ આપવાથી ખુલતા પીળા રંગની ઉત્તમ માખણ જેવી ભસ્મ થશે તેને કપડે ચાળી રાખી મુકવી.

પ્રમાણ—૨ થી ૩ રતિભાર. **અનુપાન**—માખણ કે મધ સાથે.

સમય—સવાર, સાંજ બે વખત.

ઉપયોગ—ખાંસી, સંગ્રહણી, જીર્ણજ્વર, પ્રદર, નબળાઇ, હાથ પગનો દાહ, ગરમી, મગજનું દરદ, ક્ષય, વગેરે મટાડી નબળાઇ મટાડે છે.

૧૩ રૌપ્યભસ્મ

બનાવટ—શુદ્ધ ચાંદીને એસીડના યોગથી બારીક ભૂકો કરવો અથવા તેના બારીક પત્રાં મશીનથી કરાવી લેવા અને પછી તેને

શુદ્ધ પારદ તો. ૧૦, શુદ્ધ ગંધક તો. ૨૦ તથા શુદ્ધ રૌપ્યના પતરાં તો. ૫ સાથે ઘુંટી કપડમાટી કરેલી શીશીમાં ભરી તેને વાલુકાયંત્રમાં મૂકી ત્રણ દિવસ અને રાત અગ્નિ આપી રસસિંદૂર બનાવી લેવો. આ પ્રમાણે રસસિંદૂર બનાવતાં ભસ્મ તળીએ તૈયાર થયેલી મળે. કદાચ એકવારમાં બરાબર નહિ બની જાય તો તેજ રીતે બીજી વાર રસસિંદૂર બનાવી લેવા અને નીચે બચેલી ભસ્મ કાઢી લઈ તેને ખરલમાં ઘુંટી તેમાં ગુલાબના લીલાં ફુલ લાવી વાટી રસ કાઢી તે રસમાં ભસ્મ ઘુંટવી અને પછી ટીકડી કરી સુકવી અર્ધ ગજપુટ સમાનો અગ્નિ આપવો. આ પ્રમાણે ચારથી આઠ ગજપુટ આપવાથી ઉત્તમ [illegible] વર્ણની ભસ્મ થશે તે વાપરવી. અથવા હરતાલના [illegible] કુંવારના રસમાં મર્દન કરી ૫૦ પુટ દસ્શ અગ્નિના દેવાથી ઉત્તમ ભસ્મ બને છે.

प्रमाण —૧ થી ૨ ગુંજાભાર

अनुपान —માખણ સાથે

समय —સવાર, સાંજ બે વખત

उपयोग [illegible]

૧૨ लोहभस्म

[illegible]

ભૂકાને કેળાના ઝાડનો રસ કાઢી તેમાં બે દિવસ પલાળી રાખી મુકવું.

मारण—કેળના રસના પ્રથમ ત્રણ પુટ તથા ગૌમુત્રના ૧૦ પુટ, કુંવારના રસના ૭ પુટ તથા ત્રીફળાના કવાથના ૫ પુટ એવી રીતે જુદા જુદા ૨૫ પુટ આપવા. દરેક ચીજમાં એક એક દિવસ ઘુંટી એકેક ગજપુટ આપવો. છેવટે ઘેરા રંગની લાલ ભસ્મ તૈયાર થાય ત્યારે તેને ૫ ગજપુટ જાંબુના રસના આપવા અથવા એક ગજપુટ હીંગળાનો આપી તૈયાર કરી કપડે ચાળી બાટલી ભરી રાખવી. આટલા પુટ બરાબર આપવાથી નરમ ખુલતી અને સારા રંગની ભસ્મ તૈયાર થઇ જશે.

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान— મધ સાથે ચાટી ઉપર દૂધ પીવું.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—ક્ષીકાસ, પાંડુ, હરસ, નબળાઇ, મંદાગ્નિ, મગજની નબળાઇ, ક્ષીણતા, વિર્યશ્રાવ, નેત્રની કમજોરી વગેરે મટી બળ, વિર્ય વધારે છે.

१५ शंखभस्म

शोधन—મોટા શંખ લાવી તેના ટુકડા કરી અગ્નિ વચ્ચે મુકી ખુબ તપાવી તેને લીંબુના રસમાં ઠારવા આ પ્રમાણે બે ત્રણ વખત કરવાથી નરમ ભૂકો થઇ જશે.

मारण—આ શુદ્ધ કરેલ શંખના ભૂકાને ખરલમાં નાખી લીંબુના રસમાં અથવા કુવારના રસમાં ઘુંટીને ટીકડી બનાવી સુક્વી સંપુટમાં ભરી ગજપુટનો એક અગ્નિ આપવાથી ફુલીને શ્વેત રંગની ભસ્મ થઇ જશે તે વાટી કપડે ચાળી બાટલી ભરી રાખવી.

प्रमाण—૩ થી ૬ રતિભાર.

अनुपान—મધ અથવા પાણી સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—પેટનો વાયુ, ચૂંક, ગોળો, ઝાડા, અજીર્ણ, આફરો, શુળ, ખાંસી, કફ વગેરે મટે છે અને પેટના જુના નવા દરદોને મટાડે છે. કર્ણજ્વર પણ મટે છે.

२६ साबरशृंगभस्म

शोधन—સાબરશૃંગ લાવી તેના ચાર ચાર ઇંચના આંગળી જેવા ટુકડા કરી તેને ૨૪ કલાક આકડાના દૂધમાં બીજોરી પછી મટી ના મુકી ... આ ... ની ક્રિયા ખુલ્લી જગામાં કરવી કારણ કે તેના ... નીકળે છે. માટે ખુલ્લાઆગળી જગામાં ... [illegible]

माग्न—[illegible]

[illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

શરદી, શળેખમ, શ્વાસ લેવાની મુશ્કેલી વગેરે દરદો માટે ઉત્તમ ગણાય છે.

१७ सुवर्णभस्म

बनावट—ચંદ્રોદય બનાવતાં જે સુવર્ણનો ભૂકો તળીઆમાં કાળી ભસ્મ રૂપે રહે તે તોલા બે અથવા ચાર હોય તો તે લાવીને તેને ખરલમાં બરાબર બારીક ઘુંટી તેમાં તુલશીના પત્રનો રસ તો. ૨૦ નાખી બરાબર ઘુંટી સુકાયા જેવું થાય ત્યારે તેને એક કાચની પ્લેટ ઉપર નાખી પાતળું હોય તેમ પાથરી દેવુ અને તડકે રાખી સુકવી લેવું. સુકાય ત્યારે એમને એમ પડ રૂપે ઉખેડી આવે તેમ તેને સંભાળથી કાઢી લઇ એક સરાવમાં મુકી ઉપર બીજું સરાવ ઢાંકી કપડમાટી બરાબર કરી સુકવી લઇ અર્ધ ગજપુટ છાણાનો અગ્નિ આપવો. આ પ્રમાણે ૫ થી ૧૦ સુધી હલકા ગજપુટ આપી છેવટે એક સારો ગજપુટ આપતાં ખુલ્લા લાલ રંગની ભસ્મ બની તૈયાર થશે તેને વાટી બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૧ રતિભાર.

अनुपान—મધ અથવા માખણ સાથે ચાટી ઉપર દૂધ પીવું.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—ક્ષય, નબળાઇ, ધાતુક્ષીણતા, જીર્ણજ્વર,, પાંડુ, ઉન્માદ, વિર્યદોષ, મગજની કમજોરી તથા બીજા અનેક રોગમાં વાપરવાથી સારો ફાયદો થાય છે

१८ सुवर्णमाक्षिकभस्म

बनावट—સુવર્ણમાક્ષિક લાવી તેને ગરમ પાણીથી ધોઇ સુકવી સાફ કરી તેનો ભૂકો કરી ચુલાપર એક તવો ચડાવી તેમાં

नाखी धीमे तापे (आंगणामां गरम करवुं अने तवेथाथी हलावता जवुं. आ प्रमाणे करतां तेमांथी भडका नीकळी गंधकनो भाग छे ते बळी जशे अने राता रंगनी भस्म थयेली जणाशे त्यारे तेमां थोडुंक एरंडीयुं तेल नाखी घुंटता जवुं अने धीमे तापे ते बाळी आपवुं पछी तेमां त्रीफळानो अने कुलथीनो क्वाथ अने लींबुनो रस थोडो थोडो नाखी बराबर लाल रंग थाय त्यांसुधी हलाव्या करवुं. पछी उतारी लइ ठंडु थाय त्यारे तेमां कुंवारनो रस नाखी घुंटी एक सरावमां मुकी संपुट करी नानो (पचास छाणानो) हलको पुट आपी देवो आ प्रमाणे एना बे त्रण पुट आपी देवाथी उत्तम प्रकारनी शुद्ध लाल भस्म बनशे.

प्रमाण—२ थी ४ रतिभार.

अनुपान—मध अथवा घी साथे.

समय—सवार, सांज बे वखत.

उपयोग—नबळाइ, पांडुरोग, स्त्रीओनी नबळाइ, ऋतुदोष, प्रीकास, लोहीविकार अने प्रदर वगेरे मटी शक्ति आपे छे. भूख लगाडी पाचनशक्ति सुधारे छे.

प्रकरण २ जुं — रस

१९ अग्निकुमाररस

बनावट—शुद्ध पारद, गंधक, टंकण, कोडीनीभस्म, साजी-खार, पीपर, सुंठ, दरेक तोलो एक एक, शुद्ध वच्छनाग तोला ३, काळांमरी तोला ८

रीत—પારદ, ગંધકની કજ્જલી કરી તેમાં બીજાં વસાણાં નાખી લીંબુના રસ સાથે બાર કલાક સુધી ખરલમાં ઘુંટી રતીભાર ની ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—સ્વચ્છ પાણી.

समय—દર બબ્બે કે ત્રણ ત્રણ કલાકે.

उपयोग—કોલેરાનું શળ, ઝાડા, વાયુ, અજીર્ણ, અગ્નિમાંદ્ય વગેરે પાચનક્રિયાનાં દરદો માટે ઉત્તમ.

२० अग्निरस

बनावट— શુદ્ધપારદ ભાગ ૧ શુદ્ધ ગંધક ભાગ ૨
પીપર ભાગ ૩ મોટીહરડેની છાલ ભાગ ૪
બહેડાંની છાલ ભાગ ૫ અરડુસીનાં સુકેલાંપાન ભાગ ૬

रीत—બધાને બારીક વાટી પારદ ગંધકની કજ્જલીમાં મેળવી ઘુંટી તેને બાવળની છાલના ક્વાથની ૨૧ ભાવના આપી ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૬ થી ૧૨ રતિભાર મધ સાથે ચાટી ઉપર દૂધ પીવું.

समय—સવાર, સાંજ બે વખત અથવા ચાર ચાર કલાકે.

उपयोग—ગમે તે પ્રકારની ખાંસી, સ્વરભંગ, શ્વાસ અને ગળાનાં દરદો મટી કફ છુટો પડે છે, લોહી પડતું હોય તો બંધ કરી ક્ષયની ખાંસીને ફાયદો આપે છે.

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓ નાખી ઘુંટી ભાંગરાના રસના ત્રણ પુટ આપી રતિભારની ગોળી બનાવી સુકવીને રાખવી.

प्रमाण—ગોળી ૧ થી ૪.

समय—રાતનાં અથવા જરૂરત પ્રમાણે.

अनुपान—સ્વચ્છપાણી.

उपयोग—સાદા જુલાબ તરીકે આ દવા ઠીક છે. બાળકને પણ આપી શકાય છે. ચાર ગોળી લેવાથી બે દસ્ત સાફ આવે છે ઓછી લેવાથી એકજ પેટ સાફ આવે છે. બાળકને એકથી અરધી ગોળી આપવી જ્વરમાં પ્રથમ પેટ સાફ કરવા આ ગોળી જુલાબ તરીકે આપવાનો વધારે રીવાજ છે. હમેશાં જુલાબ માટે આ દવા વાપરવી સલાહકારક નથી

२६ आनंदभैरवरस

बनावट—શુદ્ધ હિંગળો, વછનાગ, ગંધક અને ટંકણ તથા શુઃ મરી, પીપર, એ દરેક ચીજ સમભાગે લેવી.

रीत—પ્રથમ હિંગળા સાથે ગંધક મેળવી તેમાં બીજી દવાઓ નાખી ઘુંટી લીંબુના રસમાં વટાણા જેવડી ગોળી કરવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—મધ, પાણી કે નાગરવેલનું પાન.

समय—સવાર, સાંજ બે વખત અથવા જરૂર પ્રમાણે.

योग—તાવ, ખાંસી, ઝાડા, શરદી, દમ, સંગ્રહણી, અતિશ્રમ, કફ વગેરેમાં વપરાય છે.

૨૭ आरोग्यवर्धनी नं. १

बनावट—				
	પારદ	તો. ૧	ગંધક	તો. ૧
	લોહભસ્મ	તો. ૧	અભ્રકભસ્મ	તો. ૧
	તામ્રભસ્મ	તો. ૧	હરડેછાલ	તો. ૧
	બહેડાંછાલ	તો. ૨	આમળાં	તો. ૨
	શિલાજીત	તો. ૨	ગુગળ	તો. ૪
	ચિત્રકછાલ	તો. ૪	કડુ	તો. ૨૨

रीत—પ્રથમ પારદ, ગંધકની કજ્જલી બનાવવી, તેમાં બીજી ભસ્મો મેળવી બાકીની પાંચ વસ્તુઓનું ચૂર્ણ તેમાં મેળવવું, પછી ગુગળનો જુદો પાક કરી તેમાં શિલાજીત મેળવી તૈયાર કરેલું ચૂર્ણ નાખી ઘુંટી લેવું અને તેને લીંબડાના પાનના રસમાં ત્રણ દિવસ બરાબર ઘુંટી સુકવીને બાટલી ભરી લેવી કે ગોળી બનાવી રાખવી.

प्रमाण—૩ થી ૬ રતિભાર દિવસમાં બે અથવા ત્રણ વખત.

अनुपान—દૂધ અથવા પાણી.

उपयोग—સોજા, યકૃતરોગ, બરલ ઉદરરોગ, કમજીઆત, જ્વર, જીર્ણજ્વર, પાંડુરોગ, મંદાગ્નિ, કુષ્ટરોગ, લોહીબિગાડ, પિત્તનો વધારો, સર્વાંગશોથ, મેદરોગ, ઋતુની અટકાયત વગેરે મટાડી શરીર હલકું તથા તેજસ્વી બનાવે છે.

सूचना—આ દવા ચાલે ત્યારે બનતાં સુધી માત્ર દૂધ અથવા દૂધભાતનો ખોરાક લેવાથી દવા તરત સારી અસર કરે છે. જુના રોગો મટાડવા આ દવા લાંબો વખત લેવાની જરૂર છે.

૨૮ आरोग्यवर्धनी

बनावट—શુદ્ધ પારદ, ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ, તામ્રભસ્મ એ દરેક એક તોલો.

२१ अजीर्णकंटकरस

बनावट— શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો. ૧
શુદ્ધ વછનાગ તો. ૧ કાળાં મરી તો ૩

रीत—સર્વને બારીક પીસી ખરલમાં નાખી બોરીંગણીના રસની કે ક્વાથની ૨૧ ભાવના આપી સુકાવી લેવું.

प्रमाण—૨ થી ૪ રતિભાર પાણી સાથે.

समय—સવાર, સાંજ અથવા જરૂર પડે ત્યારે.

उपयोग—અજીર્ણ, ખાંસી, વાયુ, શરદી, ગળાના રોગ, કાંઠ વગેરે મટાડે છે.

२२ अतिसारनाशकरस

बनावट—શુદ્ધ અફીણ તો. ૧, પારદ અને ગંધકની કજ્જલી તોલા ૨ લેવી

रीत—પ્રથમ કજ્જલીમાં અફીણ મેળવી ઘુંટી તેને ભાંગના રસની તથા ધતુરાનાં પાનના રસની જુદી જુદી એકેક ભાવના આપી બરાબર ઘુંટી રતિભારની ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ ગોળી મધ સાથે લેવી.

समय—દિવસમાં બેથી ત્રણ વખત લેવી.

उपयोग—અતિસાર, મરડો, સંગ્રહણી, વગેરેમાં ખાસ ઉપયોગી છે અતિસાર માટે રામબાણ છે.

२३ अनंगकुसुमाकररस

बनावट—સુવર્ણભસ્મ, મોતીભસ્મ, હરતાલભસ્મ, કસ્તુરી એ દરેક એક એક તોલો લઇ ખરલમા બરાબર ઘુટી તેમાં કુંવારનો

૨૭ आरोग्यवर्धनी नं. १

बनावट—				
	પારદ	તો. ૧	ગંધક	તો. ૧
	લોહભસ્મ	તો. ૧	અભ્રકભસ્મ	તો. ૧
	તામ્રભસ્મ	તો. ૧	હરડેછાલ	તો. ૧
	બહેડાંછાલ	તો. ૨	આમળાં	તો. ૨
	શિલાજીત	તો. ૨	ગુગળ	તો. ૪
	ચિત્રકછાલ	તો. ૪	કડુ	તો. ૨૨

रीत—પ્રથમ પારદ, ગંધકની કજ્જલી બનાવવી, તેમાં બીજી ભસ્મો મેળવી બાકીની પાંચ વસ્તુઓનું ચૂર્ણ તેમાં મેળવવું, પછી ગુગળનો જુદો પાક કરી તેમાં શિલાજીત મેળવી તૈયાર કરેલું ચૂર્ણ નાખી ઘુંટી લેવું અને તેને લીંબડાના પાનના રસમાં ત્રણ દિવસ બરાબર ઘુંટી સુકવીને બાટલી ભરી લેવી કે ગોળી બનાવી રાખવી.

प्रमाण—૩ થી ૬ રતિભાર દિવસમાં બે અથવા ત્રણ વખત.

अनुपान—દૂધ અથવા પાણી.

उपयोग—સોજા, યકૃતરોગ, બરલ ઉદરરોગ, કબજીઆત, જ્વર, જીર્ણજ્વર, પાંડુરોગ, મંદાગ્નિ, કુષ્ટરોગ, લોહીબિગાડ, પિત્તનો વધારો, સર્વાંગશોથ, મેદરોગ, ઋતુની અટકાયત વગેરે મટાડી શરીર હલકું તથા તેજસ્વી બનાવે છે.

सूचना—આ દવા ચાલે ત્યારે બનતાં સુધી માત્ર દૂધ અથવા દૂધભાતનો ખોરાક લેવાથી દવા તરત સારી અસર કરે છે. જુના રોગો મટાડવા આ દવા લાંબો વખત લેવાની જરૂર છે.

૨૮ आरोग्यवर्धनी

बनावट—શુદ્ધ પારદ, ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ, તામ્રભસ્મ એ દરેક એકેક તોલો.

ત્રિફલાચૂર્ણ તો. ૧૦	ચિત્રકચૂર્ણ તો. ૨૦
શુદ્ધ ગુગળ તો. ૨૦	શિલાજીત તો. ૧૫
કટુચૂર્ણ તો. ૭૦	

રીત—પ્રથમની પાંચ ચીજો લઇ તેને પારદ ગંધકની કજ્જળી કરી તેમાં મેળવી ત્યારબાદ તેમાં દરેકનાં છુટાં છુટાં ચૂર્ણો મેળવી દઇ પછી શિલાજીત તથા ગુગળને પાણીમાં રસ બનાવીને મેળવી ત્યારપછી તેમાં જોઇએ તેટલો લીંબડાનો રસ નાખી ઘુંટવું. એ મુજબ ત્રણ દિવસ સુધી લીંબડાના રસમાં ઘુંટી ઇચ્છાનુસાર તેની ગોળી બનાવવી યાતો સુકવીને ચૂર્ણ કરી બાટલીમાં ભરી રાખવું

प्रमाण—બેઆનીભાર

समय—દિવસમાં બેથી ત્રણ વખત. (સવાર, બપોર ને સાંજ).

अनुपान—દૂધ અથવા તાજુંપાણી.

उपयोग—ઉદરરોગ, જુનોતાવ, સોજા, લીવરનું દરદ, કુષ્ટરોગ, લોહિબિગાડ, મંદાગ્નિ, અરૂચી વગેરે ફરિઆદો મટાડી, પેટને સાફ તથા નરમ બનાવે છે. અને સોજા, પાંડુ, વગેરે મટાડી શરીરમાં રનાશ તેમજ તેજી લાવે છે. ઘણાં લાંબા વખતનાં હઠીલાં દરદો મટાડી શરીરને કંચન સરખુ શુદ્ધ બનાવે એવી આ માત્રા છે.

२९ इच्छामेदीरस नं. १

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, ટંકણ, મરી, સુંઠ, એ દરેક અંકેક તોલો અને શુદ્ધ નેપાળો ત્રણ તોલા.

रीत—પારદ, ગંધકની કજ્જલી કરી તેમાં બીજા વસાણાં મેળવી લીંબુના રસમાં બાર કલાક ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—ઠંડુ પાણી.

उपयोग—લોહીબિગાડ, ખસ, ઉપદંશ, ઉદરરોગ, બરલ, તાવ અથવા જ્યાં જુલાબની જરૂર જણાય ત્યાં આ ગોળી આપવાથી ત્રણ ચાર કલાકમાં એક ગોળીથી ત્રણ અને બે ગોળીથી છ આસરે જુલાબ લાગી કોઠો સાફ થાય છે.

सूचना—જુલાબ હમેશાં ખાલી પેટે લેવો અને જુલાબ લીધા પછી વચ્ચે પાણી ન પીવું. જ્યારે જુલાબ બંધ કરવો હોય ત્યારે દહીંભાત અથવા ખીચડી, ઘી, છાશ ખાવાં, જો તેથી પણ કદાચ જુલાબ બંધ ન થાય તો સાકરવાળું પાણી પીવાથી જુલાબ તરતજ બંધ થઇ જાય છે.

૩૦ उन्मादगजकेशरीरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ મનશીલ, શુદ્ધ ધતુર બીજ, સમભાગે લઇ બારીક વાટી તેને ખુરાશાનીવજનો ક્વાથ કરી સાત ભાવના આપવી. બીજી સાત ભાવના બ્રાહ્મીના ક્વાથની કે સ્વરસની આપી ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૩ થી ૬ રતિભાર.

अनुपान—માખણ સાથે.

उपयोग—ઉન્માદ (ગાંડપણ), અપસ્માર (વાઇ), મગજનાં દરદો મટે છે

૩૧ कनकसुंदररस

बनावट—મરી, શુદ્ધ ગંધક, શુદ્ધ હિંગલો, વછનાગ, શુદ્ધ પીપર, ટંકણખાર ફુલાવેલો શુદ્ધ ધતુરાનાં બીજ, એ સર્વ સમભાગે

લઈ વાટી ભૂકો કરી તેને ભાંગના રસમાં કે ઉકાળામાં ઘુંટીને રતિભારની ગોળી બનાવી સુકવીને બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—મધ સાથે અથવા કડાછાલના ઉકાળા સાથે.

समय—દર ચાર ચાર કલાકે અપાય.

उपयोग—ઝાડો, મરડો અને સંગ્રહણીમાં વપરાય છે. અને તે માટે ઉત્તમ ગણાય છે.

३२ कर्पूररस

बनावट—શુદ્ધ હિંગળો, અફીણ, મોથ, ઈંદ્રજવ, જાયફળ અને કપુર એ સર્વે સમભાગે લેવાં

रीत—દરેકનુ બારીક ચૂર્ણ લઇ પાણીમાં ઘુંટી રતિભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ ગોળી. **अनुपान**—પાણી સાથે.

उपयोग—જ્વરાતિસાર, સંગ્રહણી, ઝાડા, મરડો અને રક્તાતિસાર વગેરે મટે.

३३ कफकुठाररस

बनावट—

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
શુદ્ધ વછનાગ	તો. ૧	શુદ્ધ મનશીલ	તો. ૧
ફુલાવેલ ટંકણખાર	તો. ૧	ત્રિકટુચૂર્ણ	તો. ૩
જેઠીમધનું ચૂર્ણ	તો. ૮	શુદ્ધ કનકબીજ	તો. ૧
શુદ્ધ અફીણ	તો. ૧	કાકડાશીંગી	તો. ૧
જીરૂ	તો. ૧	અપામાર્ગબીજ	તો. ૧

रीत—ઉપરની ચીજોને ખરલમાં બારીક વાટી તેને નાગર વેલનાં પાનની ત્રણ ભાવના, આદુના રસની ત્રણ ભાવના, જેઠીમધના ક્વાથની સાત ભાવના આપી ચણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

प्रमाण—બબ્બે ગોળી દિવસમાં ત્રણ વખત.

अनुपान—સહેજ ગરમ પાણી સાથે લેવી.

उपयोग—ખાંસી, દમ. શ્વાસ, કફ વગેરે મટે છે.

३४ कफकेतुरस

बनावट—પીપર, ટંકણખાર ફુલાવેલ, શુદ્ધ વછનાગ, એ દરેક એક તોલો લઇ ખરલમાં વાટી તેને આદુના રસમાં ત્રણ દિવસ (ત્રણ ભાવના) ઘુંટી મગ પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—આદુનો રસ અથવા મધ સાથે,

उपयोग—ખાંસી, શ્વાસ, કફનો રોગ, ત્રિદોષ, કર્ણરોગ અને દાંતના દરદો વગેરે મટે છે.

३५ कफकेशरीरस

बनावट—કુંવારના રસમાં બનાવેલી ઘાપાણ (ગૌદંતી) ભસ્મ તોલા ૧૦, શુદ્ધ મનશીલ તોલા ૨ા, બને દવાઓને ખરલમાં નાખી બે પહોર ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૩ થી ૬ રતીભાર મધ સાથે.

समय—સવાર સાંજ બે વખત અથવા જરૂર પ્રમાણે.

उपयोग—ખાંસી, શ્વાસ, દમ વગેરેમાં કફ છુટો કરવા માટે આ ઉપાય સારો છે. દમ અને ખાંસી મટે છે.

३६ कफचिंतामणीरस

वनावट—શુદ્ધ હિંગળો, ઇંદ્રિયવ, ટંકણખાર, ભાંગનાબીજ, કાળાંમરી એ દરેક ચીજ એકેક તોલો. રસસિંદુર, તોલા ત્રણ, એ સર્વને ખરલમાં વાટી આદુના રસમાં ઘુંટીને મરી જેવડી ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ ગોળી.

अनुपान—આદુના રસમાં અથવા ભારંગીના ક્વાથ સાથે

समय—દર ચાર ચાર કલાકે.

उपयोग—ખાંસી, દમ, કફનો મુંઝારો તેમજ ન્યુમોનીઆ અને ઇન્ફ્લ્યુએન્ઝામાં સારો ફાયદો કરી કફને છુટો કરે છે.

३७ कल्पतरुरस

वनावट—

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
શુદ્ધ વછનાગ	તો. ૧	શુદ્ધ મનશીલ	તો. ૧
સુવર્ણમાક્ષિકભસ્મ	તો. ૧	ફુલાવેલટંકણખાર	તો. ૧
શુંઠ	તો ૨	પીપર	તો. ૨
મરી	તો. ૧૦		

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી ચીજો અનુક્રમે ધીમેથી મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૬ થી ૧૨ રતીભાર મધ સાથે.

उपयोग—કફજ્વર શરદી, ખાસી, શ્વાસ, હાંફણ વગેરે મટે છે તથા મુર્છાવાળા દરદીને આ દવાની ચપટી ભરી નાકમાં નાખવાથી શુદ્ધિ આવે છે બાળકોના તાવ અને ખાંસીમાં ઠીક ફાયદો આપે છે

૩૮ कस्तुरीचंद्रोदयमिश्रण

बनावट—વાટેલો ચંદ્રોદય તો. ૧, કસ્તુરી તો. ૦ાા, બંને ખરલમાં વાટી બરાબર બારીક કરી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૦ાા થી ૧ રતિભાર સવારે તથા રાત્રે.

अनुपान—મધ સાથે ચાટી ઉપર દ્રાક્ષાસવ પીવો.

उपयोग—હૃદય અને મગજની કમજોરી, ખાંસી, નપુંસકતા, ક્ષયરોગ, બહુમૂત્ર, વાતવિકાર, તેમજ દરેક રોગમાં આ માત્રા સારૂં પરિણામ તરતમાં બતાવે છે. કેમકે તે ઉષ્ણ અને યોગવાહી તથા બલ્ય છે.

सूचना—પૌષ્ટિક ખોરાક, ઘૃત–દૂધ વગેરે બરાબર આપવું.

૩૯ कस्तुरीभैरवरस

बनावट—

શુદ્ધ હિંગળો	તો. ૧	શુદ્ધ વછનાગ	તો. ૧
જાયફળ	તો. ૧	કાળાંમરી	તો. ૧
પીપર	તો. ૧	ટંકણખાર	તો. ૧
કસ્તુરી	તો. ૧	જાવંત્રી	તો. ૧

रीत—સર્વને ખરલમાં વાટી ઘુંટી પાણીમાં મર્દન કરી મગ પ્રમાણે ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી માણસ માટે, તથા ૦ાા થી ૧ ગોળી નાનાં બાળક માટે.

अनुपान—મધ અથવા આદુના રસ સાથે.

समय—જરૂર જણાય ત્યારે.

उपयोग—વાતરોગ, આંચકી, ધનુરવાયુ, મોતીજ્વરોતાવ, સન્નીપાત, દિરઠીરીવાવાયુ, લકવા વગેરે માટે અને શરીરમાં તુરત ફુર્તીસારી તથા ગરમી લાવે.

૪૦ क्रमीकुठाररस

बनावट—

કપુર	તો. ૮	ત્રાયમાણ	તો. ૧
અજમો	તો. ૧	કડાછાલ	તો. ૧
વાવડીંગ	તો. ૧	શુદ્ધ હિંગળો	તો. ૧
કેશર	તો. ૧	શુદ્ધ વછનાગ	તો. ૧
પીતપાપડો	તો. ૧		

रीत—દરેક દવાનું ચૂર્ણ લઇ ખરલમાં ઘુંટી તેને પ્રથમ બ્રાહ્મી, પછી ભાંગરો, પછી ઉંદરકાનીના રસની અથવા ક્વાથની એકેક ભાવના આપી રતિભારની ગોળી બનાવી છાંયે સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—મધ અથવા વાવડીંગના ક્વાથ સાથે.

समय—દરરોજ સવારમાં અગર જરૂર જણાય ત્યારે.

उपयोग—પેટનાંકૃમી, અજીર્ણ, ચૂંક, મોળ, વાયુ, ઝાડા, ઉલટી, કોલેરા વગેરેમા ફાયદાકારક છે.

૪૧ क्रमीमुद्‌गररस

बनावट—

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૨
અજમોદ	તો. ૩	વાવડીંગ	તો. ૪
મેરકોચલાં	તો ૫	ખાખરાનાંબીજ	તો ૬

रीत—એ સર્વને ખાડી પારદ ગંધકની કજ્જલી ૧ બનાવી મધમા સર્વને મેળવી ચણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમા ત્રણ વખત લેવી, ખાસ ત્રણ દિવસ સુધી ત્યા લેવી [illegible]

अनुपान—મોથના ઉકાળા સાથે અથવા પાણી સાથે.

उपयोग—પેટનાંકૃમી તેમજ કૃમીને લીધે થતા બીજા વિકારો મટાડી જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે. ત્રણ દિવસ બરાબર લેવાથી પેટનાં કરમીયાં નીકળી જાય છે. દવા લીધા પછી એક જુલાબ લેવો.

४२ क्रव्यादरस

बनावट— શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો. ૪
તામ્રભસ્મ તો. ૦ાા લોહભસ્મ તો. ૦ાા

रीत—ઉપરની વસ્તુઓને પર્પટીની પેઠે કડાઇમાં ગરમ કરી કેળના પાન પર ઢાળી લઇ ખરલમાં નાંખી ઘુંટીને લીંબુના રસની તથા પંચકોલની* અકેક ભાવના આપી ત્યારબાદ તેમાં ટંકણખાર, બીડ લવણ અને મરી અકેક તોલો મેળવી છેવટ ચણાના ખારની સાત ભાવના આપી અકેક વાલની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

समय—જરૂર પ્રમાણે અથવા સવાર, બપોર, સાંજ.

अनुपान—છાશ અથવા સ્વચ્છ પાણી.

उपयोग—ઉલટી, અજીર્ણ, શૂળ, ગોળો ચડવો, મળાવરોધ અગ્નિમાંધ, બરલ તેમજ તમામ ઉદરરોગમાં આ દવા સારી વખણાય છે.

४३ कृष्णचिंतामणीरस

बनावट— શુદ્ધ રસકપુર તો. ૪ હીમેજ તો ૮
એલચી તો. ૨ દાડમનાં ફુલ તો. ૨
કાથો તો. ૨ પીપર તો. ૨
મરી તો. ૨ બોદાર તો. ૨

* પંચકોલ એટલે પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક અને શુંઠ.

લવંગ તો. ૨

रीत—તમામ ચીજોને ખાંડી કપડછાણ કરી તેને ખરલમાં નાખી લીંબુના રસમાં મર્દન કરવું એ રીતે આ દવામાં બસો જેટલા લીંબુનો રસ નાખી ઘુંટી સુકાય ત્યારે ચણાપુરની ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી સવાર સાંજ બે વખત લેવી.

अनुपान—ઘીમા વચ્ચે રાખી ચાટી જવી, દાંતે ન લગાડવી.

पथ्य—ઘી, રોટલી અને સાકર ખાવાં બીજું કાંઈપણ ખાવું નહિં.

उपयोग—નાડીવ્રણ, ભગંદર, ઉપદંશ, ચાંદી, ટાંકી, વીસ્ફોટક, ચરમીનોરોગ, સંધીવા મોઢું આવ્યા સિવાય એ દરદો મટે છે. મોઢું આવે તો દવા બંધ કરવી.

सूचना—આ દવા બરાબર ત્રણથી પાંચ અઠવાડીયાં સખ્ત પથ્ય રાખી બરાબર લેવાથી આરામ થાય છે.

૪૪ कामदुधारस

बनावट—સોનાગેરૂ લાવી તેને વાટી બારીક કરી તેને લીલાં આમળાના રસની ૨૧ ભાવના આપી ખરલમાં ઘુંટીને સુકવી રાખવું.

प्रमाण—૧ થી ૨ વાલ પાણી કે દૂધ સાથે.

समय—દિવસમા ૨ થી ૩ વખત.

उपयोग—પાંડુરોગ, હરસમાં પડતુ લોહી, પ્રદરરોગ, નસ-કોરી, પિત્તવિકાર, રક્તપિત્ત વગેરે માટે ઠીક છે. ખાસ કરી પડતું લોહી બંધ કરવા માટે સારો ઉપાય છે.



૪૫ कामधेनुरस

बनावट—રસસિંદુર, અભ્રકભસ્મ, નાગભસ્મ. સુવર્ણમાક્ષિકભસ્મ, જસતભસ્મ, રૌપ્યભસ્મ, એ દરેક એકેક તોલો લઇ તેને ઘુંટી ખરલમાં રાખી તેમાં કેળના કંદનો રસ નાખી એક ભાવના આપી ઘુંટી સુકવી લેવું. પછી તેમાં ભીમસેનીકપુર તોલો ૧ નાખી દઇ ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान—પાણી કે દૂધ સાથે સવાર, સાંજ બે વખત લેવાય.

उपयोग—બધી જાતના પ્રમેહ, પ્રદર, શુક્રમેહ, મધુમેહ, જીર્ણજ્વર, ક્ષય, નબળાઇ વગેરે મટી શક્તિ આપે છે.

૪૬ काळोरस

बनावट—શુદ્ધ પારદ તો. ૦।।, શુદ્ધ ગંધક તો. ૦।।, ફુલાવેલ ટંકણખાર તો. ૨, શુદ્ધ નેપાળો તો. ૩।।, એરંડીની મીંજ તો. ૪, શુંઠ તો. ૨।। કાળાંમરી તો. ૧।।, નસોતરની છાલ તો. ૨।।, હરડેછાલ તો. ૬ એ દરેકનું ચૂર્ણ લેવું.

रीत—પ્રથમની બે દવાની કજ્જલી કરી તેમાં બીજી દવાઓ ઘુંટી મેળવી સાત દિવસ ખરલમાં વાટવું એટલે કાળો રસ થશે.

प्रमाण—૨ રતિભાર અથવા તેથી ઓછો, પ્રકૃતિ પ્રમાણે લેવાય.

अनुपान—ગરમ પાણી સાથે લેવું.

उपयोग—પેટનું શૂળ, શ્વાસ, ઉધરસ, સસણી, વરાધ. અજીર્ણ-નુમેર, હડખવા, પાંડુરોગ, જ્વર, શીળસ, વિષમજ્વર, જીર્ણજ્વર. વિસ્ફોટક, મળવિકાર, વગેરેમાં પેટ સાફ કરી જુલાબ લાવે અને શરીરનું શોધન કરી ઉપરની દરેક વ્યાધિ મટાડે.

सूचना—જુલાબ બંધ કરવા ખીચડી ઘી ખાવું, અને તરસ લાગે કે જુલાબ બંધ કરવો હોય તો સાકરવાળું પાણી પીવું. જુલાબ ન લાગે તો તડકે બેસવું અને ચહા પીવો.

૪૭ कुमारकल्याणरस

बनावट—રસસિંદુર, મોતીભસ્મ, સુવર્ણભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, એ સર્વે સમભાગે લઇ કુંવારના રસમાં મર્દન કરી મગની દાળ જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી

प्रमाण—૧ થી ૨ ગોળી, નાનાં બાળકોને અવસ્થા પ્રમાણે આપવી.

अनुपान—સાકરવાળું દૂધ અથવા ધાવણ સાથે

उपयोग—તાવ, શ્વાસ, ખાંસી, ઉલટી, બાલશોષ, આક્ષેપક રોગ, ધાવણ ન ધાવવું, ઝાડા, કમળો, ઉદરરોગ, મંદાગ્નિ, નબળાઇ, વગેરે રોગો મટાડી શરીરને પુષ્ટિ આપે છે

सूचना—દરેક રોગમાં આ દવા સાથે કોઇપણ સાદી એકેક દવા અનુપાનમાં આપવાથી વધારે અનુકુળ થઇ પડે છે અને તરત ફાયદો આપે છે. પૌષ્ટિક તરીકે બચ્ચાંઓ માટે ઉત્તમ દવા છે.

૪૮ कुलवधु

बनावट—રસસિંદુર, નાગભસ્મ, તામ્રભસ્મ, શુદ્ધ મનશીલ સમભાગે લઇ વાટી તેને હડસાંકળીના રસમાં મર્દન કરી ચણા જેવડી ગોળી બનાવી રાખવી.

उपयोग—આ ગોળીને પાણીમાં જરા ઘસીને અંજન કરવાથી સન્નિપાત જ્વરની તથા બીજી ગમે તેવી મૂર્છા શાન્ત થાય છે અને

જાગ્રતિ આવે છે. જરૂર પડયે અંજન અથવા નસ્ય રૂપે પણ આપી શકાય છે.

૪૬ गर्भपाळरस

बनावट—	શુંઠ	તો. ૧	મરી	તો. ૧
	તજ	તો. ૧	તમાલપત્ર	તો. ૧
	એલચી	તો. ૧	ધાણા	તો. ૧
	શહાજીરૂં	તો. ૧	ચવક	તો. ૧
	દ્રાક્ષ	તો. ૧	દેવદાર	તો. ૧
	નાગભસ્મ	તો. ૧	બંગભસ્મ	તો. ૧
	શુદ્ધ હિંગળો	તો. ૧	લોહભસ્મ	તો. ૦॥
	પીપર	તો. ૧		

रीत—સર્વ ઔષધોનું ચૂર્ણ લઇ તેમાં ભસ્મો મેળવી ખરલમાં ઘુંટી તેને શ્વેત ગરણીના રસની સાત ભાવના આપવી. બાદ વટાણા પ્રમાણે ગોળી બનાવીને સુકવી બાટલી ભરી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી દિવસમાં બે વખત.

अनुपान—કાળીદ્રાક્ષને પાણીમાં પલાળી તેનો સ્વરસ કાઢી તે તોલા ૨ તથા ઉપરની દવા સાથે લઇ ઉતારી જવી.

उपयोग—ગર્ભિણી સ્ત્રીનાં તમામ દરદોમાં વપરાય છે. તે સિવાય ગર્ભ રહ્યા પછી તે પ્રસુતિ થવા સુધી નવમાસ આ દવા આપી શકાય છે. તેથી ગર્ભશ્રાવ થવાની ધાસ્તી રહેતી નથી. અને ગર્ભશ્રાવની ટેવ હોય તો તે મટી જઇ બાળક તંદુરસ્ત અવતરે છે અને ગર્ભિણી સ્ત્રીની શક્તિ કાયમ રહે છે.

सूचना—ગર્ભિણીના ગમે તે વ્યાધિમાં યોગ્ય અનુપાન સાથે નિયમ પ્રમાણે સાદાં ઔસડીયાનો કોઇપણ કવાથ બનાવી તે સાથે

રેડવું. ઘી અને દૂધને વાસણમાં મૂકી દઇ તેમાંથી ગંધક કહાડી લઇ તેને ગરમ પાણીથી ધોઇ સાફ કરી તેનો ભૂકો બનાવી ખરલમાં વાટવું અને તેને ગાયનું દૂધ, એલચીનો ઉકાળો, તજનો ઉકાળો, તમાલપત્રનો ઉકાળો, નાગકેશરનો ઉકાળો, ગળોનો રસ, હરડેનો ઉકાળો, બહેડાંનો ઉકાળો, આમળાનો ઉકાળો, શુંઠનો ઉકાળો, ભાંગરાનો રસ, તથા છેવટે આદુના રસની એમ દરેકની જુદી જુદી એકેક ભાવના આપી ઘુંટતાં ઠીક સુકાય ત્યારે કપડે ચાળી લેવું.

प्रमाण—૬ થી ૧૨ રતિભાર.

अनुपान—બેઆનીભાર સાકરના ભૂકામાં દવા લઇ દૂધથી ઉતારવી.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—મંદાગ્નિ, ખસ, ખરજવું, ચળ, પાંડુરોગ, અંડવૃદ્ધિ, જીર્ણજ્વર, વાતરક્ત, પ્રમેહ, ધાતુક્ષય, શૂળ, કુષ્ટરોગ, સોમરોગ, હરસ, વાતરોગ, રક્તવિકાર, વગેરેમાં વપરાય છે.

पथ्य—આ દવા ખાનારે મરચાં, તેલ, ખટાઇ અને અથાણું ખાવાનુ બંધ રાખી દૂધનું વધારે સેવન કરવું. સાદો ખોરાક લેવો.

૫૯ चिन्तामणीरस

बनावट— રસસિંદૂર તો. ૨ લોહભસ્મ તો. ૧
અભ્રકભસ્મ તો. ૧ સુવર્ણભસ્મ તો. ૦॥

रीत—કુવારના રસમા ખરલી કરીને બે દિવસ ઘુંટી એક ટીકડી બનાવી સુકાવી લેવુ પછી તેનાપર દશ-પંદર આકડાનાં પાન વીંટી ગોળો કરી તેને અનાજના ઢગલામા ત્રણ દિવસ દાટી રાખવું. ત્યારબાદ બહાર કાઢી બારીક વાટી શીશીમા ભરી રાખવું

प्रमाण—બાળકો માટે ૧ થી ૨ ચોખાભાર, માણસો માટે ૧ થી ૨ રતિભાર.

अनुपान—મધ સાથે.

उपयोग—વાતરોગ, આંચકી, ખેંચ, મૃગીવાયુ, હિસ્ટીરિઆવાયુ, લકવોવાયુ, ઉન્માદવાયુ વગેરે માટે સારો ઉપાય છે.

૫૫ चैतन्यरस

बनावट—ધોળાંમરી, પીપર, કાયફલની છાલ, પારદ, અને ગંધક એ ચીજો સમભાગે લેવી.

रीत—પારદ, ગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ મેળવી ખરલમાં ઘુંટી બાટલીમાં ભરી રાખવું.

उपयोग—આ દવાની એક ચપટી ભરી દરદીના નાકમાં સુંઘાડવાથી મૂર્છા મટી જાગૃતિ આવે છે.

૫૬ चंद्रकलारस

बनावट—શુદ્ધ પારદ તો. ૧, શુદ્ધ ગંધક તો. ૧, તામ્રભસ્મ તો. ૧, અભ્રકભસ્મ તો. ૧, કડુ તો. ૧, ગળોસત્વ તો. ૧, ખડસલીઓ તો. ૧, ચંદનનો ભૂકો તો. ૧, વાળો તો. ૧, માધવી તો. ૧, સારીવા તો. ૧, એ સર્વેનું બારીક ચૂર્ણ કરવું.

रीत—ઉપરની માત્રાઓ ઘુંટી તેમાં ચૂર્ણ મેળવી તે સર્વને નાગરમોથનો કવાથ, દાડમનો રસ, ધ્રોખડનો સ્વરસ, કેવડાનો સ્વરસ, દૂધ, સહદેવીનો રસ, કુંવારનો રસ, ખડસલીઆનો કવાથ, તુલસીનો રસ, સતાવરીનો કવાથ કે રસ, દ્રાક્ષનો કવાથ કે રસ એ દરેકની જુદી જુદી એક એક ભાવના આપી ઘુંટી સુકવીને બાટલી ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર, દિવસમાં બે વખત.

આપવાથી તરતમાં સારો ફાયદો આપે છે.

૫૦ गर्भविनोदरस

बनावट— ત્રિકટુ તો. ૩ શુદ્ધ હિંગળો તો. ૪
જાવંત્રી તો. ૩ લવંગ તો. ૩
સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૨

रीत—દરેકને બારીક વાટી પાણીમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—એકેક ગોળી સવાર, બપોર અને સાંજ.

अनुपान—રોગ પ્રમાણે સાદી વસ્તુઓનો ક્વાથ કરી તેની સાથે અથવા પાણી સાથે.

उपयोग—ગર્ભિણી સ્ત્રીનાં તમામ દરદોમાં વપરાય છે.

૫૧ ग्रहणीकपाटरस

बनावट—સુંઠ, મરી, પીપર, શુદ્ધ ગંધક, ફુલાવેલ ટંકણખાર, શુદ્ધ પારદ કોડીનીભસ્મ, શુદ્ધ વછનાગ, એ દરેક દવા સમભાગે લેવી

रीत—ઉપરની દવાનું બારીક ચૂર્ણ લઇ પ્રથમ પારદ ગંધક ની કજ્જલી કરી તેમાં ઘુટી લીંબડાના પાનનો રસ નાખી ઘુટી અડદ જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમા બે વખત.

अनुपान—મરી, સાકર અને ઘી સાથે ઉતારવી ઉપર પાણી પીવું

उपयोग—સંગ્રહણી અને ઝાડાના રોગમા ઉત્તમ છે.

૨ गुलमकुठाररस

बनावट—

શુદ્ધ પારદ	તો. ૦॥	શુદ્ધ ગંધક	તો. ૦॥
શુદ્ધ હરતાલ	તો. ૦॥	શુદ્ધ વચ્છનાગ	તો. ૦॥
તામ્રભસ્મ	તો. ૦॥	લોહભસ્મ	તો. ૦॥
કોડીનીભસ્મ	તો. ૧	ત્રિકટુ	તો. ૧॥
સિંધાલુણ	તો. ૦॥	ફુલાવેલટંકણખાર	તો. ૦॥
યવક્ષાર	તો. ૦॥	ફુલાવેલ ફટકડી	તો. ૦॥
સંચર	તો. ૦॥	સાજીખાર	તો. ૦॥
બંગક્ષાર	તો. ૦॥	શુદ્ધઝેરકુચલા	તો. ૦॥
છીપભસ્મ	તો. ૧	શુદ્ધ હીંગ	તો. ૦॥

रीत—બધી ચીજોને ખરલમાં ઘુંટી પ્રથમ લીંબુના રસની અને પછી આદુના રસની એક એક ભાવના આપી રતિભારની ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ ગોળી પાણી સાથે.

समय—સવાર, બપોર ને સાંજ.

उपयोग—ગુલ્મરોગ, વાયુ, પેટની ગાંઠ, આફરો, શૂળ, સોજા, જ્વર. અજીર્ણ, ઉલટી, મંદાગ્નિ, વગેરેને મટાડે છે. પેટના રોગો માટે અકસીર છે.

५३ गंधकरसायन

बनावट—પ્રથમ ગંધક આમળાસારો શેર ૦॥ લાવી તેનો ભૂકો કરી તેને ઘી શેર ૦॥માં નાખી ધીમે તાપે ગરમ કરી જ્યારે તે રસ થાય ત્યારે એક મોઢું વાસણ લઇ તેમાં દૂધ શેર ૨ નાખી ઉપર ઝીણું કપડું બાંધી તેના ઉપર ગરમ કરેલું ગંધક ઘી સાથે

अनुपान—જીરું અને સાકર અથવા દૂધ કે માખણ સાથે અપાય.

उपयोग—રક્તપિત્ત, પ્રદર, પ્રમેહ, સોમરોગ, પથરી, પિત્ત-જ્વર, રક્તાર્શ, દાહ, શરીરના કોઇપણ ભાગમાંથી પડતું લોહી અટકાવે અને ઠંડક આપે.

૫૭ चंद्रामृतरस

बनावट—હરડેછાલ, બહેડાંછાલ, આમળા, સૂંઠ, મરી, પીપર, ધાણા, જીરું, સિંધાલુણ એ દરેક એક એક તોલો. શુદ્ધ પારદ, તો. ૨, શુદ્ધ ગંધક તો. ૨, ફુલાવેલ ટંકણખાર તો. ૮, મરી તો. ૪, લોહ-ભસ્મ તો. ૨ એ સર્વ વાટેલાં લઇ તેમાં પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં ભસ્મ તથા બીજી ચીજો અનુક્રમે મેળવી દેવી અને તેને ખરલમાં ઘુંટી બકરીના દૂધમાં ઘુંટીને રતિભારની ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—મધ અથવા ગળોનો રસ સાથે.

उपयोग—ખાંસી, જ્વર સાથે ખાંસી, ક્ષયની ખાંસી વગેરે માટે ઉત્તમ છે.

૫૮ चंद्रोदयमिश्रण

बनावट—વાટેલો ચંદ્રોદય રતિ ૨, ભાંગ રતિ ૨, કેશર રતિ ૨, નવસાગર રતિ ૨, વાટીને તેના ચાર ભાગ કરવા.

प्रमाण—દરેક વખતે એ બે રતિભારનું એક પડીકું.

समय—બે કલાકે अनुपान—મધ સાથે.

उपयोग—શ્વાસની મુશ્કેલી, કફ, ખાંસી, મંદાગ્નિ અને નવ-જ્વરમાં અદ્ભુત ઉપયોગી છે. કફ છૂટો કરી ખાંસી મટાડે છે.

૫૯ छर्दिहररस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, લોહભસ્મ, બોરનીમીંજ, લવંગ, સમુદ્રફળ, ઘઉંલા, ચંદન, જુવારની ધાણી (શેકેલી), પીપર, કપુરકાચલી, તજ, એલચી, તમાલપત્ર એ સર્વેનું બારીક ચૂર્ણ કરી શ્વેત ચંદનની સાત ભાવના આપી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान—મધ અને મરી સાથે.

समय—દર એક બે કલાકે અથવા જરૂરત પ્રમાણે.

उपयोग—ગમે તે પ્રકારની ઉલટી આ પ્રયોગથી મટે છે.

૬૦ जयमंगळरस

बनावट—રસસિંદુર તો. ૧, તામ્રભસ્મ તો. ૧, કાંતલોહ-ભસ્મ તો. ૧, સુવર્ણભસ્મ તો. ૧, યશદભસ્મ તો. ૧, રૌપ્યભસ્મ તો. ૧, શુદ્ધ હરતાલ તો. ૧, લીંડીપીપર તો. ૧, શુદ્ધ વચ્છનાગ તો. ૧, ફુલાવેલ ટંકણખાર તો. ૧ અને ચિત્રક તો. ૧.

रीत—સર્વેનું બારીક ચૂર્ણ લઇ ખરલમાં ઘુંટી તેને અરડુસી-નાં પાનનો, નગોડનાં પાનનો, ધતુરાનાં પાનનો, બીલીનાં પાનનો, રસ કાઢીને તથા કરીયાતું, કડુ અને દશમુળ એના ક્વાથની જુદી જુદી દરેકની બે બે ભાવના આપી ઘુંટી રતિભારની ગોળી કરવી અથવા બારીક વાટી રાખવું.

प्रमाण—૧ થી ૨ રતિભાર દર ચાર ચાર કલાકે.

अनुपान—ધાણાના હીમ સાથે અથવા સુદરશનના ક્વાથ સાથે.

उपयोग—ત્રિદોષજ્વર, અનુક્રિનાર તાવ, સાધારણ નવો જુનો તાવ, વિષમજ્વર, સન્નિપાતજ્વર, તેમજ ગમે તેવા તાવ માટે આ દવા

ઉત્તમ ઉપાય છે. નબળાઇ કર્યા સિવાય તાવને ઉતારે છે.

६१ ज्वरांतक

बनावट— રસસિંદુર તો. ૧૨ અભ્રકભસ્મ તો. ૨ એ બેને ખરલમાં નાખી ઘુંટી તેમાં તજનો ઉકાળો કરી નાખી બરાબર ઘુંટી સુકવી લેવું, પછી તેમાં સુંઠ, મરી, પીપર, લીંબડાની અંતરછાલ, કાયફળ, કડુ, કુષ્ટ, સફેદ સરસવ, ઇંદ્રજવ, કુલાંજન, ફટકડી એ દરેક એક એક તોલાનું ચૂર્ણ કરી નાખવું. તથા આકડાના મૂળની છાલનું ચૂર્ણ તો. ૦॥ નાખી ઘુંટીને ફરી ઉપરની દવામાં બરાબર મેળવી તેને તજના ઉકાળાની ભાવના આપી ઘુંટીને રતિભારની ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—દ્રાક્ષાદિ કવાથ અથવા મધ કે તુલસીના રસ સાથે

समय—ચાર ચાર કલાકે.

उपयोग—ઇન્ફ્લુએંઝા, દરેક જાતના તાવ, ખાંસી, સળેખમ, પીનસ, કફરોગ, સોજા, ઝાડા અને નબળાઇમાં ખાસ ઉપયોગી છે.

६२ ज्वरभैरववटी

बनावट—રસસિંદુર, લોહભસ્મ, કાલીનાગ, શુદ્ધ વછનાગ, કુલંજન, ટંકણખાર, શંખભસ્મ, કોડીનીભસ્મ, કાગાંમરી એ બધી દવાઓ સમભાગે લેવી

रीत—બધી દવાઓને ખરલમાં નાખી તેમાં લીંબુનો રસ નાખી ત્રણ દિવસ મર્દન કરીને જ્યારે ગોળી બનાવવા જેવું થાય ત્યારે તેની અર્ધા રતિભારની ગોળી બનાવી છાંયે સુકાવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી, આખા દિવસમાં ૪ થી ૬ ગોળી સુધી

સમય—દર ત્રણ કે ચાર કલાકે લેવી.

અનુપાન—મધ અથવા બનફસાના શરબત સાથે.

ઉપયોગ—લીવર, બરલ અને હોજરીના વિકારથી આવતો નવો અથવા જુનો તાવ આ દવાના સેવનથી મટી જાય છે. મલેરીઆ તાવ માટે ખાસ ઉપયોગી છે.

૬૩ त्रिभुवनकिर्तिरस

બનાવટ—શુદ્ધ હિંગળો, શુદ્ધ વછનાગ, શુંઠ, પીપર, મરી, ફુલાવેલો ટંકણખાર, પીપરીમૂળ એ દરેક એકેક તોલો લેવાં.

રીત—દરેક વસ્તુનું જુદું જુદું ચૂર્ણ લઇ પ્રથમ એક ખરલમાં હિંગળો નાખી તેમાં બીજી દવાઓ નાખી ઘુંટતા જવું. જ્યારે બરાબર ઘુંટાઇ જાય ત્યારે તુલસીનો રસ, ધતુરાનાં પાનનો રસ, અને આદુનો રસ એ દરેકની એકેક જુદી જુદી ભાવના આપી ખરલમાં ઘુંટીને તેની ચણોઠી જેવડી ગોળી વાળી સુકવી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

સમય—સવાર, બપોર અને સાંજ અથવા તો ચાર ચાર કલાકે.

અનુપાન—સુદર્શનના ફાંટ સાથે અથવા પાણી સાથે.

ઉપયોગ—પિત્ત, કફ, કે વાયુનો તાવ તથા તમામ જાતના ચાલુ તાવમાં વપરાય છે અને સારો ફાયદો આપે છે. ઇન્ફ્લુએંઝા તથા મુદતના તાવમાં પણ સારૂં કામ કરે છે.

૬૪ त्रैलोक्यचिंतामणी

બનાવટ—

સુવર્ણભસ્મ	૩ ભાગ	રૌપ્યભસ્મ	૨ ભાગ
અભ્રકભસ્મ	૨ ,,	લોહભસ્મ	૫ ,,

પ્રવાલભસ્મ ૩ ભાગ મોતીભસ્મ ૩ ભાગ
રસસિંદુર ૧ ,,

રીત—દરેકને ખરલમાં વાટી બરાબર મેળવી તેને કુંવારના રસમાં ખરલ કરી રતિભારની ગોળી કરી લેવી અથવા ચૂર્ણ રાખી લેવું.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—બકરીનું દૂધ.

उपयोग—ક્ષયરોગ, જીર્ણજ્વર, ખાંસી, તાવ, પ્રમેહ, ઉન્માદ રોગ, વગેરે આ દવાના સેવનથી મટે છે, અને શક્તિ લાવે છે. ક્ષય રોગ માટે ઉત્તમ દવા છે.

६५ धन्वन्तरीरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, ફુલાવેલ ટંકણખાર, રૈવનચ (પોળીઓ), રતાજ્લી, પીપર એ સર્વે એકેક તોલો લઈ ખરલમાં બરાબર ઘુટી લેવાં અને તેને બીજોરાના રસની એક ભાવના આપી સુકવી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૩ થી ૬ રતિભાર.

अनुपान—દાડમનો જ્યુસ તથા ઘી સાથે દવા ચાટી જવી.

उपयोग—સર્વ પ્રકારના કુષ્ટરોગ, ત્વચારોગ મટે છે.

६६ नृपतिवल्लभरस

बनावट—[illegible] ભસ્મ, સિંધવ, નાગ, [illegible], ટંકણખાર, [illegible] [illegible] [illegible], ત્રિકટુચૂર્ણ, ગુડ, [illegible], [illegible] [illegible] [illegible] શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, એ દરેક તોલા એક એક

તોલો લેવી, તથા કાળાંમરી બે તોલા લેવાં. બધાને બારીક વાટી કજ્જલીમાં ઘુંટી મેળવી તેને બકરીના દૂધની ભાવના અથવા આમળાંના રસની ભાવના આપી ઘુંટી બબ્બે રતીભારની ગોળી બનાવી સુકવી બાટલી ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી પાણી સાથે.

समय—દિવસમાં બેથી ત્રણ વખત.

उपयोग—મંદાગ્નિ, કલેજાનું દરદ, સફેદ ઝાડા, અજીર્ણ, સંગ્રહણી, ગુલ્મ, બરલ, પાંડુ, કમળાનો રોગ વગેરે મટે છે. ખાસ કરી લીવર બગડવાથી થતા સંગ્રહણીના વ્યાધિ માટે ઉત્તમ દવા છે.

૬૭ नाराचरस

बनावट—

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૨
ફુલાવેલ ટંકણખાર	તો. ૧	કાળાંમરી	તો. ૧
પીપર	તો. ૨	સુંઠ	તો. ૨
શુદ્ધ નેપાળો	તો. ૯		

रीत—ઉપરની દવાઓ બારીક લઇ પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓ મેળવી ઘુંટીને બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—સાકરના ભૂકા સાથે અથવા મધ સાથે ચાટી ઉપર ઠંડુ પાણી પીવું.

उपयोग—શૂળ, ઉદરરોગ, વાયુ, ગોળો, ચૂંક, કબજીઆત, વગેરે મટાડી જુલાબ લાવે છે. આ દવા ખાસ કરી સખ્ત જુલાબ લેવા માટેજ અપાય છે.

सूचना—નાનાં બાળકોને કે નબળા દરદીઓને આ દવા આપવી નહિ. જુલાબ બંધ કરવો હોય ત્યારે સાકરવાળું પાણી પીવું

અને ઉપર ખીચડી ને ઘી ખાવા આપવું.

૬૮ नारायणज्वरांकुश

बनावट—

શુદ્ધ સોમલ	તો. ૧	શુદ્ધ વછનાગ	તો. ૧
શુદ્ધ ગંધક	તો. ૧	શુદ્ધ પારદ	તો. ૧
શુદ્ધ હરતાલ	તો. ૧	સુંઠ	તો. ૧
મરી	તો. ૧	પીપર	તો. ૧
પીળીકોડીની ભસ્મ	તો. ૧	શુદ્ધ ભાંગ	તો. ૧
શુદ્ધ ધતુરાનાં બીજ	તો. ૧	ફુલાવેલટંકણખાર	તો. ૧

रीत—દરેકનું ચૂર્ણ લઇ પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી પછી તેમાં એકેક વસ્તુને ઘુંટતા જવું અને મેળવતાં જવું તમામ દવાઓ મેળવી આદુના રસમાં ખૂબ ઘુંટી બાજરીના દાણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી

समय—તાવ હોય ત્યારે ઉતારવા તથા તાવ ન હોય ત્યારે અટકાવવા દર ત્રણ ત્રણ કલાકે વાપરવી.

अनुपान—તાજું પાણી.

उपयोग—જ્વર, વિષમજ્વર (ટાઢીઓ તાવ), જુનો તાવ, વગેરેમાં તાવને ઉતારે તથા આવતા તાવને અટકાવે.

सूचना—ધ્યાનમા રાખવું કે આ દવામા સોમલ જેવી ઝેરી દવા વપરાયલી છે માટે ખાનપાનમા અપથ્ય ન કરવું. તેમજ જુનો તાવ હોય તો ખોરાકમા ઘી લઇ શકાય, પરંતુ નવો તાવ હોય તો દૂધ લેવું.

૬૯ निद्रोदयरस

बनावट— અફીણ તો. ૧ વંસલોચન તો. ૧
રસસિંદુર તો. ૧ આમળાનું ચૂર્ણ તો. ૨

रीत—ચારે દવા સાથે ઘુંટી તેમાં ભાંગનો રસ અથવા ક્વાથ નાખી તેની બે રતિભારની ગોળી કરી લેવી.

प्रमाण–૧ થી ૨ ગોળી. समय–જરૂર જણાય ત્યારે અથવા રાત્રે.

अनुपान—પાણી કે દૂધ સાથે.

उपयोग—ઉન્માદ, પીડા થવી, અનિદ્રા વગેરેમાં જ્યારે ઉંઘ લાવવા તથા દરદ મટાડવા જરૂર જણાય ત્યારે આપવાથી સારી ઉંઘ લાવવાનો ઉત્તમ યોગ છે.

૭૦ पशूपतिनाथरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ હિંગળો, સુંઠ, મરી, પીપર, લવંગ, સિંધાલુણ, સંચળ, વડાગરૂં મીઠું, હીંગ, લોહભસ્મ, કપુર હરડેદાલ, ટંકણખાર, કોડીની ભસ્મ, શંખભસ્મ, છીપભસ્મ એ સર્વે ચીજો એકેક તોલો લેવી.

रीत—દરેક વસ્તુનું ચૂર્ણ લેવું. પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં હિંગળો મેળવી ઘુંટી બીજી બાકીની ચીજો મેળવી દઈ તેને લીંબુના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ ગોળી. समय—સવાર સાંજ બે વખત

अनुपान—ઘી સાથે ચાટવી અથવા પાણી સાથે લેવી.

उपयोग—અજીર્ણ, મંદાગ્નિ, અરૂચી, સોજા, ગુલ્મ, શૂળ, બરલ, લીવરની બાંદ, તારીબાંદ, વગેરે પેટનાં તમામ દરદો મટે છે.

૭૧ प्रतापलंकेश्वररस

बनावट—

શુદ્ધ પારદ	ભાગ ૧	અભ્રકભસ્મ	ભાગ ૨
શુદ્ધ ગંધક	,, ૧	મરી	,, ૩
લોહભસ્મ	,, ૪	શંખભસ્મ	,, ૮
અડાયા છાણાની રાખ	,, ૧૬	વછનાગ	,, ૧

रीत—આ દવાને બારીક વાટી કપડછાણ કરી બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૩ થી ૬ રતિભાર મધ સાથે.

उपयोग—સુવાવડી સ્ત્રીના તમામ રોગોમાં આ દવા અકસીર કામ કરે છે. તાવ, ખાંસી, માથાનું દરદ, વાયુ, શરદી, આંચકી, ચૂંક, વાતરોગ, કફરોગ, ત્રિદોષ, અતિસાર, વગેરેમાં વપરાય છે અને સારો ફાયદો આપે છે.

૭૨ प्रदरारीरस

बनावट—રસસિંદુર તો. ૨, બંગભસ્મ, લોહભસ્મ, યશદ-ભસ્મ, અફીણ, કેળનો કંદ, કમળનો કંદ, શતાવરી એ દરેક એક તોલો લેવાં

रीत—દરેક વસ્તુનુ બારીક ચૂર્ણ લઇ તેને ખરલ કરી તેમાં આસોપાલવની છાલના ઉકાળાની ત્રણ ભાવના આપી ધુંટી ચણા જેવડી ગોળી વાળી રાખવી.

प्रमाण—૩ થી ૬ રતિભાર.

अनुपान—મધ સાથે ચાટી જવું.

समय—સવાર, બપોર અને સાંજ ત્રણ વખત.

उपयोग—સર્વ જાતના પ્રદરને મટાડે છે.

૭૩ प्रदरारीरस (२)

बनावट— શુદ્ધ હિંગળો તો. ૧ શુદ્ધ ટંકણખાર તો. ૧
બંગભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧
યશદભસ્મ તો. ૧ ચણકબાબનું ચૂર્ણ તો. ૧૫

रीत—સર્વ વસ્તુઓમાંથી પ્રથમ હિંગળો તથા બીજી ભસ્મો ખરલમાં ઘુંટી મેળવી તેમાં બીજી દવા થોડે થોડે નાંખી ખરલમાં ઘુંટીને બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ માસો (૮ રતિ).

अनुपान—દહી અને સાકર સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—પ્રદર, પ્રમેહ, પેશાબની ગરમી, ધાત જવી, હરસ, રક્તશ્રાવ, પેશાબની બળતરા વગેરે મટાડી ગરમી શાંત કરી રક્તશ્રાવ બંધ કરે છે.

૭૪ पियुपवल्लीरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, અભ્રકભસ્મ, રૌપ્યભસ્મ, લોહભસ્મ, ટંકણખાર, રસવંતી, સુવર્ણમાક્ષિકભસ્મ, એ દરેક અરધ અરધ તોલો લેવાં. લવંગ, ચંદન, મોથ, જીરૂં, ધાણા, રીસામણી, અતિવિષ, કડાછાલ, ઇંદ્રયવ, તજ, જાયફલ, શુંઠ, બીલીનોગરભ, લોદ્ર, વાળો, દાડમનીછાલ, મજીઠ, ધાવડીનાં ફુલ અને કુટ એ દરેક ચીજ ૧ તોલો લઇ બારીક વાટી ખરલમાં ઘુંટીને ભાંગરાના રસની સાત ભાવના આપી સુકવી પછી બકરીના દૂધની એક ભાવના આપી ચણા જેવડી ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—૨ ગોળી, સવાર સાંજ બે વખત.

अनुपान—શેકેલા બીલાંનું ગરભ તથા ગોળ સાથે આ દવા આપવી.

उपयोग—અતિસાર, સંગ્રહણી, મરડો, રક્તાતિસાર, વગેરે મટાડી અગ્નિ પ્રદિપ્ત કરે છે અને પેટનાં દરદો તથા જુની સંગ્રહણી મટાડે છે.

७५ पूर्णचंद्ररस

बनावट—રસસિંદુર, અભ્રકભસ્મ, લોહભસ્મ, શુદ્ધ શિલાજીત, વાવડીંગ, સુવર્ણમાક્ષિકભસ્મ, એ દરેક દવા એકેક તોલો લેવી.

रीत—ઉપરની દવાઓને ખરલમાં બરાબર ઘુંટી પછી તેને મધમા ઘુટી ચણા પ્રમાણે ગોળી કરી લેવી

प्रमाण—૨ ગોળી સવાર સાંજ બે વખત

अनुपान—ભૂકો કરી ઘીમાં ચાટી જવી.

उपयोग—નબળાઇ મટાડી શક્તિ વધારે છે. ખાસ કરી વીર્ય વધારનાર તરીકે ઠીક છે

७६ पुरंदरवटी

बनावट—

ત્રિફળા	તો. ૩	શુદ્ધ ગંધક	તો. ૨
ત્રિકટુ	તો. ૩	શુદ્ધ પારદ	તો. ૧

रीत—પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી ચીજો મેળવી બકરીના દૂધમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી

प्रमाण—૨ ગોળી. **अनुपान**—દૂધ કે મધ સાથે.

उपयोग—વાયુ, કફ, શરદી, શ્વાસનોરોગ, નબળાઇ વગેરે

७७ ब्रहत्आनंदभैरवरस

बनावट—				
શુદ્ધ સોમલ	તો. ૧	શુદ્ધ હિંગળો	તો. ૧
ફુલાવેલ ટંકણખાર	તો. ૧	શેકેલી હીંગ	તો. ૧
શુંઠ	તો. ૧	પીપર	તો. ૧
મરી	તો. ૧	એલચી	તો. ૧
લવંગ	તો. ૧	કાયફલ	તો. ૧

रीत—બધી ચીજોનું ચૂર્ણ લઇ ખરલમાં તેને બરાબર મેળવી તેમાં આદુનો રસ નાખી બાર કલાક ઘુંટી અડદના દાણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી દિવસમાં ત્રણ વખત.

अनुपान—પાણી સાથે અથવા રોગાનુસાર.

उपयोग—સર્વ જાતના તાવ, શરદી, ઝાડા, અપચો, જુના ઝાડા, શૂળ વગેરેમાં યોગ્ય અનુપાન સાથે આપવી.

सूचना—આ દવામાં સોમલ પડનું હોવાથી દરદીનું વય, બળ સ્થિતિ જોઇને વિચારપૂર્વક તેનો ઉપયોગ કરવો જોઇએ.

७८ ब्रहत्पूर्णचंद्ररस

बनावट—શુદ્ધ પારદ તો. ૨, શુદ્ધ ગંધક તો. ૨, લોહભસ્મ તો. ૪, અભ્રકભસ્મ તો. ૪, રૌપ્યભસ્મ, તો. ૪, બંગભસ્મ તો. ૨, સુવર્ણભસ્મ તો. ૧, તામ્રભસ્મ તો. ૧, કાંસ્યભસ્મ તો. ૧, લવંગ, જાયફળ, એલચી, તજ, જીરૂં, કપુર, ધદૂલા, નાગરમોથ, એ દરેક એક તોલો લઇ વાટી લેવા.

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેને કુંવારના રસમાં ઘુંટી પછી સુકાવી ત્યારબાદ તેને ત્રિફળાના કવાથની સાત

ભાવના આપી દેવી. પછી તેને કીંચાના કવાથની સાત ભાવના આપી સુકવી એરંડાનાં પાનમાં લપેટી ગોળો કરી ધાનના ઢગલામાં ૨૪ કલાક રાખી દેવું. બાદ કાઢી લઇ વાટી મધ સાથે ચણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—નાગરવેલનાં પાન સાથે ખાઇ જવી.

उपयोग—વાજીકરણ છે, બળ અને વીર્ય વધારનાર તથા નબળાઇ મટાડી ખાંસી, શ્વાસ, મંદાગ્નિ, અજીર્ણ, કમરનું દરદ, આમવાત, સંગ્રહણી, ધાતુક્ષીણતા, કમળો, પાંડુ, પ્રમેહ, વાતરક્ત, હૃદયશૂળ વગેરેને મટાડે છે, શક્તિવર્ધક ઉપાય તરીકે ઠીક છે. બુદ્ધિ વધારી કાંતિ સારી કરે છે.

पथ्य—સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો, તેલ, ખટાઇ, મરચાં વગેરે ન ખાવું.

૭૯ ब्रहत्वंगेश्वररस

बनावट—

શુદ્ધ ગંધક	તો. ૧	બંગભસ્મ	તો. ૧
રસસિંદુર	તો. ૧	રૌપ્યભસ્મ	તો. ૧
અભ્રકભસ્મ	તો. ૧	ભીમસેની કપુર	તો. ૧
સુવર્ણભસ્મ	તો. ૦।	મુક્તાભસ્મ	તો. ૦।

रीत—પ્રથમ રસસિંદુર અને ગંધકની કજ્જલી કરી તેમાં ભસ્મો મેળવી પછી ખરલમાંજ તેને ભાંગરાના રસની ૨૧ ભાવના આપી ૨ત્તિભાર જેવડી ગોળી બનાવી સુકાવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી

अनुपान—ગાય કે બકરીનુ દૂધ.

समय—સવાર સાંજ બે વખત.

ઉપયોગ—જુનો કે નવો પ્રમેહ, મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ, પાંડુ-રોગ, ધાતુગતજ્વર, રક્તપિત્ત, કફ, સંગ્રહણી, સોમરોગ, પ્રદર, ક્ષય, મધુપ્રમેહ, વગેરે મટાડી વાજીકરણ ગુણ બતાવે છે.

પથ્ય—રોગ પ્રમાણે અપથ્ય ચીજ ન ખાવી. વાજીકરણ માટે લેવી હોય તો પૌષ્ટિક ખોરાક સાથે બ્રહ્મચર્યનું પાલન કરવું.

૮૦ ब्रहत्शृंगाराभ्ररस

બનાવટ—શુદ્ધ પારદ તો. ૧, ગંધક તો. ૧, ફુલાવેલ ટંકણ-ખાર તો. ૧, નાગકેશર તો. ૧, કપુર તો. ૧, જાવંત્રી તો. ૧, લવંગ તો. ૧, તમાલપત્ર તો. ૧, સુવર્ણભસ્મ તો. ૧, અભ્રકભસ્મ તો. ૪ તથા તાલીસપત્ર, નાગરમોથ, કુષ્ટ, છડીલો, લવંગ, તજ, એલચી, શુંઠ, મરી, પીપર, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, ગજપીપર એ દરેક ચીજ બબ્બે તોલા લેવી.

રીત—પારદ ગંધકની કજ્જલી કરી તેમાં ભસ્મ મેળવી પછી તેમાં બાકીની ચીજોનું બારીક ચૂર્ણ મેળવી ખરલમાં બરાબર ઘુંટી તેને પીપરના કવાથની સાત ભાવના આપવી અને પછી ઘુંટી સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૪ થી ૮ વાલ સુધી.

અનુપાન—થોડું તજનું ચૂર્ણ તથા દવા લઇ મધમાં મેળવી ચાટી જવું.

ઉપયોગ—ખાંસી હૃદયશૂળ, પાર્શ્વશૂળ, માથાનુંદરદ, સ્વર-ભંગ, ક્ષયરોગ, કફ, વાતરક્ત, કુષ્ટ, રક્તપિત્ત, હાસરોગ વગેરે મટે છે. આ દવા નબળાઇ અને ખાંસી તથા શૂળ માટે ઉત્તમ છે.

———

૮૧ बालार्करस

बनावट—શુદ્ધ હિંગળો, કચુરો, શુદ્ધ ખાપરીયું, શાખરશૃંગ ભસ્મ, પ્રવાલપિષ્ટ, મરી, ફુલાવેલ ટંકણખાર, કેશર એ દરેક એકેક તોલો લઇ જુદા વાટી પાણીમાં મર્દન કરી મરી જેવડી ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી વય પ્રમાણે અપાય.

अनुपान—પાણી, મધ અથવા ધાવણ સાથે.

समय—સવાર, સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે ચાર ચાર કલાકે અપાય.

उपयोग—બાળકોનાં ઝાડા, ઉલટી, તાવ, ખાંસી, કૃમિરોગ, આંચકી, શરદી, ભરાઇ જતું વગેરે વ્યાધિ માટે સારો ઉપાય છે.

૮૨ बोलबद्धरस

बनावट— ગળોનુંસત્વ તો. ૧ શુદ્ધ પારદ તો. ૧
શુદ્ધ ગંધક તો. ૧ હીરાબોળ તો. ૩

रीत—દરેક ચીજનુ બારીક ચૂર્ણ કરી પારદ ગંધકની કજ્જલી કરી તેમાં મેળવી ઘુંટી તેને ખરલમાં મુકી કાંટાસેળીઆના ક્વાથની એક ભાવના આપી ઘુંટી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान—માખણ, દૂધ કે મધ અથવા પાણી સાથે

समय—સવાર, બપોર ને સાંજ.

उपयोग—લોહીવાળા હરસ, પિત્તજન્ય હરસ, રક્તપ્રમેહ, રક્તપિત્ત, પ્રદર, અસદર, પિત્તવિકૃતિ વગેરેનો નાશ કરે છે.

૮૩ भूतभैरवरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ હરતાલ, શુદ્ધ મનશીલ, લોહભસ્મ, શુદ્ધ સુરમો, તામ્રભસ્મ એ દરેક એક એક તોલો તથા શુદ્ધ ગંધક તોલા ૧૨.

रीत—ઉપરની દવાને ખરલમાં ઘુંટી તેને બાળકના મૂત્ર વડે ભાવના દઇ સુકાવી પછી તેને લોઢાની કડાઇમાં જરા જરા તાપથી શેકી લેવું અને પછી ઘુંટી બાટલી ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર.

अनुपान—ગાયના ઘીમાં દવા મેળવી ચટાડી ઉપર ત્રિકટુનો ઉકાળો કરી તેમાં ઘી તથા હીંગ નાખીને પાવો.

उपयोग—ઉન્માદ, ગાંડપણ, વાઇ, હિસ્ટીરિયા, સુતિકા ઉન્માદ વગેરે મગજના વાયુ સંબંધી દરદોમાં આ દવા ઠીક ગણાય છે.

૮૪ मन्मथविलासरस

बनावट—રસસિંદુર તો ૧, પારદ તો. ૨, ગંધક તો. ૨, અભ્રકભસ્મ તો. ૧।।, લોહભસ્મ તો. ૧૦, સફેદ મુશળી તો. ૪, ભીમસેનીકપુર તો ૧, ચોપચીની, જાયફળ, લવંગ, અજમોદ, મરી, રાળ, એલચીબીજ એ દરેક એકેક તોલો. એખરો, જાવંત્રી, લીંડીપીપર, કનકબીજ, ગુડ, અકલકરો એ દરેક દોઢ દોઢ તોલો. શેમળાની છાલ તો. ૫।।, આસગંધ તો. ૫, શુદ્ધ ઝેરકોચલાં તો. ૪, બલદાણા તો ૯, આમળાં તો ૫, શતાવરી તો. ૫।।.

रीत—પ્રથમની પાંચ વસ્તુઓ ખરલમાં જુદી મેળવી પછી તેમાં ભીમસેનીકપુર નાખી દેવું ત્યારબાદ દરેક વસ્તુનું બારીક ચૂર્ણ લઇ તેમા મેળવી દઇ ખરલમાં ઘુંટી નાગરવેલનાં પાનના રસ વડે

અઘોડીપુરની ગોળી બનાવી છાંયે સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી. સવાર, સાંજ બે વખત.

अनुपान—દૂધ અથવા પાણી અનુકુળ જણાય તે

उपयोग—આરોગ્ય સાચવવા તથા શક્તિવર્ધક પૌષ્ટિક દવા તરીકે ચાલુ વાપરી શકાય છે. બીમારી પછીની નબળાઇ, નેત્રરોગ, વીર્યશ્રાવ, મગજની કે ધાતુની નબળાઇ મટાડી શક્તિ વધારે તથા વીર્ય, બળ અને કાન્તિનો વધારો કરે. હંમેશાં વાપરવાથી સારો ફાયદો બનાવે. યુવાનો માટે ઉત્તમ દવા છે.

सूचना—નાનાં બાળકો કે સ્ત્રીઓ માટે પણ પૌષ્ટિક તરીકે વપરાય છે.

૮૫ मन्मथाभ्ररस

बनावट—

શુદ્ધ પારદ	તો. ૪	શુદ્ધ ગંધક	તો. ૪
અભ્રકભસ્મ	તો. ૨	ભીમસેનીકપુર	તો ૧
બગભસ્મ	તો. ૦॥।	તામ્રભસ્મ	તો. ૦॥
લોહભસ્મ	તો. ૧	વિદારી કંદ	તો. ૦।=
વરધારો	તો. ૦।=	શતાવરી	તો. ૦।=
જીરૂ	તો. ૦।=	એખરો	તો. ૦।=
કૌચબીજ	તો. ૦।=	અતિવિષ	તો. ૦।=
જાયફળ	તો. ૦।=	લવંગ	તો. ૦।=
ભાંગનાબીજ	તો. ૦।=	અજવાન	તો. ૦।=
સફેદ રાળ	તો. ૦।=	બળબીજ	તો. ૦।=

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી બનાવી તેમાં ભસ્મો મેળવી પછી બાકીની ચીજો નાખી ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૩ રતિભાર. સવાર, સાંજ બે વખત.

अनुपान—મધ સાથે ચાટી ઉપર દૂધ પીવું.

उपयोग—ધાતુક્ષીણતા, નબળાઇ, વિર્યશ્રાવ, નસોની કમજોરી, સ્ત્રી પ્રસંગમાં મંદ ઉત્સાહ અને શુક્રનું પાતળાપણું મટાડી શક્તિ લાવે છે.

૮૬ मल्लज्वरांकुश

बनावट— શુદ્ધ સોમલ તો. ૧ શુદ્ધ વછનાગ તો. ૧
કાથો તો. ૧ શુદ્ધ નેપાળો તો. ૧

रीत—ઉપરની દવાઓને ખરલમાં ઘુંટી તુલસીનાં પાનના રસમાં મર્દન કરી મગ જેવડી ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—એકેક ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—જીરૂ અને સાકર લાવી તેનું ચૂર્ણ કરી તેમાંથી બેઆનીભાર ચૂર્ણ સાથે દવા લઇ પાણીથી ઉતારી જવી.

उपयोग—નવો અથવા જુનો તાવ (વિષમજ્વર) મટે છે, જુલાબ થતા નથી અને શક્તિ ટકાવી રાખે છે. વાત, કફજ્વર કે ત્રિદોષજ્વર માટે ઠીક છે.

सूचना—આ દવામાં સોમલ આવે છે માટે સંભાળીને વાપરવી. લાંબો વખત આ દવા ન લેવી જોઇએ.

૮૭ महालक्ष्मीनारायणरस

बनावट—શુદ્ધ ગંધક, ટંકણખાર, શુદ્ધ મેરેકોચલાં, શુદ્ધ હિંગુલ, નગોડનાંબીજ, અતિવિષ, પીપર, કડાછાલ, સિંધાલુણ, વછનાગ, અભ્રકભસ્મ એ દરેક એકેક તોલો લેવાં.

રીત—ઉપરનાં ચૂર્ણને દંતીમૂળના ઉકાળાની તથા ત્રિફળાના ઉકાળાની અંદર ત્રણ ત્રણ દિવસ ખરલ કરવું. પછી સુકાય ત્યારે ગોળી બનાવી કે ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી.

અનુપાન—મધ સાથે ચાટવું.

ઉપયોગ—તાવ, કફ, ન્યુમોનિઆ, આંચકી, શરદી, છાતીમાં કફ કે શરદીથી નીકળતું શૂળ (પાર્શ્વશૂળ) વગેરે મટે છે. બાળકોની આંચકી માટે ખાસ વખણાયલી દવા છે.

સૂચના—બાળક માટે એકથી બે ગોળી દર બબ્બે દેવી કે જેથી આંચકી માટે તુરતમાં ફાયદો થાય છે.

૮૮ महालक्ष्मीविलासरस

બનાવટ—લોહભસ્મ તો. ૧, શુદ્ધ ગંધક તો. ૨, રસ તો. ૨, અભ્રકભસ્મ તો. ૪, બંગભસ્મ તો. ૧, રૌપ્યભસ્મ તો. તામ્રભસ્મ તો. ૧, સુવર્ણમાક્ષિકભસ્મ, તો. ૧, જાયફળ તો. જાવંત્રી તો. ૧, વરધારાનાં બીજ તો. ૧, શુદ્ધ કનકબીજ તો. ધોળીમુશલી તો. ૨, ભીમસેનીકપુર તો. ૧, શુંઠ તો. ૧, તો. ૧, પીપર તો. ૧, લવંગ તો. ૧, એલચી તો. ૧, મોથ તો. શુદ્ધ ભાંગ તો. ૧, સુવર્ણભસ્મ તો. ૦॥.

રીત—દરેક વસ્તુ જુદી જુદી બારીક વાટેલી લેવી અને એક પછી એક ખરલમા મેળવતા જવું. બરાબર ચીજો મળી ત્યારબાદ એક દિવસ ઘુંટી ચાળી લઈ બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૨ રતિભાર સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ અથવા માખણ સાથે ચાટી ઉપર દૂધ

ઉપયોગ—ક્ષયરોગ, ખાંસી, શરદી, શળેખમ, હૃદયરોગ,

નું શૂળ, પ્રદર, પ્રમેહ મધુપ્રમેહ, દમ, અતિશય નબળાઇ, માથાનું દરદ, વગેરે મટે છે. તેમજ મગજ પુષ્ટ થઇ ધાતુક્ષીણતા મટી અશક્તિ દૂર થાય છે. વાજીકરણ ગુણ સાથે પૌષ્ટિક અને ઉત્તેજક છે.

८९ मृत्युंजयरस

बनावट—મરી, પીપર, ટંકણખાર, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, એ દરેક એકેક તોલો તથા લીંબુના રસમાં શોધેલો હિંગળો તોલા બે લઇ સાથે ઘુંટી તેને આદુના રસમાં તથા લીંબુના રસમાં જુદું જુદું વાટી ભાવના આપી ગોળી વાળવા જેવું થતાં મગ જેવડી ગોળી બનાવી સુકવીને બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

अनुपान—સ્વચ્છ પાણી સાથે અથવા મધ સાથે, તુળશીનાં પાનના રસ સાથે, ખડસલીઆના સ્વરસ સાથે કે આદુના રસ સાથે દોષ જોઇ યોગ્ય અનુપાનમાં આપવી.

उपयोग—નવીનજ્વર, ટાઢીઓતાવ, મલેરીઆ તાવ, વિષમજ્વર, અણુઉતાર તાવ, વાતજ્વર, જીર્ણજ્વર, ત્રિદોષ, ન્યુમોનીઆ, અતિસાર, કમીજ્વર વગેરેમાં ઉત્તમ કામ આપે છે.

सूचना—બરલ મોટી થઇ હોય તેને, ગર્ભિણી સ્ત્રીને, નાનાં બાળકને, અતિદુર્બળરોગીને, હેડકી, શ્વાસવાળા દરદીને આ દવા ન આપવી જોઇએ અથવા બહુજ સંભાળથી સુક્ષ્મ માત્રા આપવી જોઇએ.

९० योगेन्द्ररस

बनावट—

રસસિંદુર	તો. ૨	સુવર્ણભસ્મ	તો. ૧
લોહભસ્મ	તો. ૧	મોતીભસ્મ	તો. ૧
બંગભસ્મ	તો. ૧	અભ્રકભસ્મ	તો. ૧

रीत—દરેકને ખરલમાં બરાબર ઘુંટી તેને કુંવારના રસમાં મર્દન કરી તેનો ગોળો બનાવી એરંડાના પાનમાં વીંટી તેને ધાનના ઢગલામાં ત્રણ દહાડા રાખવું, પછી કાઢી વાટી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ રતિભાર.

अनुपान—ત્રીફળા ઘૃત અને સાકર સાથે,

समय—સવાર સાંજ બે વખત.

उपयोग—વાતવ્યાધિ, અનિદ્રા, ઉન્માદ, મૂર્ચ્છા, પ્રમેહ અને હિસ્ટીરીઆ માટે ઉત્તમ છે.

९१ रत्नगीरीरस नं. १

बनावट—

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
અભ્રકભસ્મ	તો. ૧	તામ્રભસ્મ	તો. ૧
લોહભસ્મ	તો. ૨	વૈક્રાંતભસ્મ	તો. ૧

रीत—ઉપરની દવાઓને ખરલમાં બારીક વાટી લેવી. પછી તેને ભાંગરાના રસમા ત્રણ દિવસ ખરલ કરી સુકવી એક ત્રાંબાની વાટકીમાં ભરી લેવુ. ઉપર બીજી તેવીજ વાટકી ઢાંકી બંધ કરી દેવું તેની નીચે ત્રણ કલાક દીવાજેવો તાપ આપી ઉતારી ઠંડુ થયે બહાર કાઢી ખરલમાં ઘુટી તેને સરગવા, અરડુસી, નગોડ, ગળો, ચિત્રક, ભાંગરો, બ્રાહ્મી, ભોરીંગણી, ગોરખમુંડી, અરણી, અગથીઓ, કડુ કુંવાર વગેરેમાંથી જેનો રસ મળે તેના રસની અને સુકી હોય તેના ક્વાથની જુદી જુદી ત્રણ ત્રણ ભાવના આપી સુકવી એક નાનાં સંપુટમા પેક કરી બે શેર છાણાનો પુટ આપી દેવો (ભઠ્ઠી આપી દેવી). ઠંડુ થયે કાઢી લઇ વાટી બાટલીમાં ભરી લેવો.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—ધાણાનો ભૂકો કરી તેના પાણી સાથે આપવું.

उपयोग—દરેક પ્રકારના તાવને તુરત ઉતારી શરીર ઠંડું કરે અને કોઈપણ જાતની નબળાઈ કર્યા સિવાય તાવને ઓછો કરવા આ એક ચમત્કારિક ઉપાય ગણાય છે.

पथ्य—મગનું પાણી, ભાત વગેરે આપવું.

९२ रत्नगीरीरस नं. २

बनावट—શુદ્ધ મનશીલ, શુદ્ધ હિંગળો, લવંગ, જાયફળ, સમભાગે લઇ બારીક ચૂર્ણ કરી લેવું.

रीत—ઉપરના બારીક ચૂર્ણને ખરલમાં નાખી ઘુંટી તેને આદુના રસની બે ભાવના આપી પછી તેની એકેક રતિભારની ગોળી કરી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

समय—તાવ હોય ત્યારે તાવ ઉતારવા માટે.

अनुपान—પાણી સાથે.

उपयोग—અણઉતાર તાવ, બાળકોનો તાવ, વગેરેમાં નિર્ભયપણે અપાય છે.

९३ रसभास्वान

बनावट— શુદ્ધ પારદ તો. ૨ શુદ્ધ ગંધક તો. ૨
લોહભસ્મ તો. ૧ાા અભ્રકભસ્મ તો. ૧
રસસિંદુર તો. ૦ાા તામ્રભસ્મ તો. ૦ા

કડુ, નાગકેશર, એલચી, ચણકબાબ, જીરૂં, બલદાણા, શતાવરી, મોચરસ, બાવળનો ગુંદ, એ દરેક બબ્બે તોલા લઇ ચૂર્ણ કરી પ્રથમ પારદ ગંધકની કજ્જલી બનાવી તેમાં બીજી ભસ્મો મેળવી

પછી ચૂર્ણ મેળવી દેવું. બાદ ખરલમાં ઘુંટી દરરોજ તેને આમળાના રસની એકેક ભાવના આપતાં તેવી સાત ભાવના આપી બબ્બે રતિભારની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—બબ્બે ગોળી સવાર સાંજ બે વખત લેવી.

अनुपान—મધ કે ઘીમાં ચાટી ઉપર દૂધ પીવું.

उपयोग—પ્રમેહ, મધુપ્રમેહ, શુક્રસ્રાવ, સ્વપ્નસ્રાવ, પેશાબમાં દાહ થવો, મૂત્રકૃચ્છ, રસી આવવી, ગુરદાનાં દરદ, અમ્લપિત્ત, છાતીનાં દરદ, મગજનુ ખાલીપણું, ચક્કર આવવાં, નબળાઇ વગેરે મટી બળ, વીર્ય વધારે છે.

पथ्य—બજારની મીઠાઇ, ખાટાં અને બહુ ગરમ કે તીખા પદાર્થોનું સેવન દવા ચાલુ હોય ત્યારે ન કરવું.

९४ रामबाणरस

बनावट—

શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ વછનાગ	તો. ૧
લવંગ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૧
મરી	તો. ૧	જાયફળ	તો. ॥

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજાં વસાણાં મેળવી ઘુંટી તેને આંબલીના કાતરાના રસની ભાવના આપી રતિભારની ગોળીઓ કરી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી. **अनुपान**—સ્વચ્છ પાણી.

समय—દિવસમાં ત્રણ વખત.

उपयोग—સંગ્રહણી, આમવાત, મંદાગ્નિ, કફ, દમ, ખાંસી, પેટનાદૂખી, અરૂચી, ઉલટી વગેરે મટે છે.



૯૫ लघुलाहीचूर्ण (रस)

બનાવટ—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, સુંઠ, મરી, પીપર, અજમો, જીરૂં, સહાજીરૂં, સંચળ, સિંધાલુણ, બિડલુણ, શુદ્ધ હિંગ, એ દરેક દવા સમભાગે લઇ ચૂર્ણ કરી કજ્જલીમાં મેળવી લઇ તેની બરાબર કડાછાલનું ચૂર્ણ મેળવી દેવું.

प्रमाण—૧૨ થી ૨૪ રતિભાર.

अनुपान—પાણી અથવા ચોખાનું ધોણ.

उपयोग—દરેક પ્રકારના અતિસાર, સંગ્રહણી, શૂળ, મરડો, આફરો, વાયુ વગેરે મટે છે. પાચનશક્તિ વધે છે.

૯૬ लक्ष्मीविलासरस

બનાવટ—અભ્રકભસ્મ તો. ૪, શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, ભીમસેની કપુર, જાવંત્રી, જાયફળ, વરધારાનાંબીજ, ધતુરાનાંબીજ (કનકબીજ), ભાંગરાનાબીજ, વિદારીકંદ, શતાવરી, ગંગેરણ (નાગબલા) ખપાટનાંબીજ, ગોખરૂબીજ, સમુદ્રફલ એ દરેક ચીજ એકેક તોલો લઇ બારીક વાટી લેવી.

रीत—પ્રથમ પારદ, ગંધક તથા ભસ્મ મેળવી તેમાં બીજી દવાઓનું બારીક ચૂર્ણ મેળવી આપી ઘુંટી તેમાં નાગરવેલના પાનનો રસ નાખી ચણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી, સવાર સાંજ બે વખત.

अनुपान—મધ અથવા દૂધ સાથે.

उपयोग—ત્રિદોષવ્યાધિ, પ્રમેહ, વ્રણ, નાડીવ્રણ, ભગંદર, અતિસાર, વધરાવળ, ખાંસી, ક્ષય, હરસ, મેદરોગ, સંધિવા, અર્દિતવાયુ, માથાનું શૂળ, આંખરોગ, ધાતુક્ષીણતા વગેરે મટાડી શક્તિ લાવે છે

९७ लालगुडा

बनावट—સુંઠ, મરી, પીપર, કડુ, લીંબડાની છાલ, ક
નાગરમોથ, સફેદ સરસવ, ટંકણખાર, ઇંદ્રયવ, રક્તચંદન, શુદ્ધ હિંગ
રસસિંદુર એ દરેક ચીજ બે બે તોલા લઇ બારીક વાટી લેવી. અ
તેને ખરલમાં ઘુંટી તેમાં નાગરવેલના પાનનો રસ નાખી ઘુંટી રુ
ભારની ગોળી કરી સુકવી બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી.

अनुपान—તુલસીનો રસ, ગોળ અથવા ગરમ પાણી.

उपयोग—સામાન્ય તાવ, શરદી, ઇન્ફ્લ્યુએંઝા, ખાંસી, અ
ચાલુ તાવ માટે ઉત્તમ છે આ દવા બંગાળમાં બહુજ વપરાય
બાળકોની શરદી તથા તાવમાં વધારે સારી તથા નિર્દોષ જણાય

९८ लीलाविलासरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, અભ્રકભ
લોહભસ્મ એ સર્વે સમભાગે લેવાં

रीत—ઉપરની ચીજોને ખરલમાં મેળવી તેને આમળા
રસની તથા ભાગરાના રસની ત્રણ ત્રણ ભાવના આપવી. બાદ ચ
પ્રમાણેની ગોળી બનાવી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૨ થી ૩ રતિભાર દિવસમાં ત્રણ વખત.

अनुपान—મધ સાથે.

उपयोग—અમ્લપિત્ત રોગ માટે સારો ઉપાય છે. તેમ
દાહ, ભ્રમ, ઉલટી અને હૃદયરોગ માટે ઠીક છે.

૯૯ वसंतकुसुमाकररस

बनावट— સુવર્ણભસ્મ તો. ૨ અભ્રકભસ્મ તો. ૨
લોહભસ્મ તો. ૩ રસસિંદુર તો. ૪॥
બંગભસ્મ તો. ૩ મુક્તાપિષ્ટિ તો. ૪
પ્રવાલપિષ્ટિ તો. ૪ કસ્તુરી તો. ૦।
ભીમસેનીકપુર તો. ૦॥

रीत—પ્રથમની સાત દવાઓને ખરલમાં નાખી ઘુંટી તેને ગાયનું દૂધ, અરડુશીનો રસ, હળદરનો ક્વાથ, કેળનાકંદનોરસ, માધવીના પુષ્પનો સ્વરસ, ચમેલીનાં ફુલનો રસ, તુલસીનાં પાનનો રસ, એ દરેકની એકેક ભાવના અથવા સાત સાત ભાવના આપી સુકવી તેમાં કસ્તુરી તથા ભીમસેનીકપુર મેળવી બાટલી ભરી લેવી.

प्रमाण—૧ થી ૨ રતિભાર સવાર સાંજ બે વખત.

अनुपान—માખણ અને સાકર સાથે અથવા મધ સાથે, ઉપરથી દૂધ પીવું.

उपयोग—સર્વ પ્રકારના પ્રમેહ, મધુપ્રમેહ, વીર્યશ્રાવ, નબળાઇ, ધાતુક્ષીણતા, સ્વપ્નશ્રાવ, પ્રદર, બહુમૂત્ર, સોમ રોગ વગેરે મટાડી શક્તિ આપે છે. વીર્યવર્ધક અને કામોત્તેજક છે.

૧૦૦ वातराक्षसरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, રસસિંદુર, અભ્રકભસ્મ, તામ્રભસ્મ, લોહભસ્મ, નાગભસ્મ એ દરેક એકેક તોલો લેવો. શુદ્ધ રસકપુર તો. ૦।, શુંઠ, મરી, પીપર, લવંગ, સુખડ, હરડેછાલ, ચણોઠીનુંમૂળ, લીંબડાનોગુંદ, કડાયેગુંદ એ દરેક અર્ધ અર્ધ તોલો લેવાં તથા શિલાજીત તો. ૧ લેવી.

રીત—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ લઇ તેમાં માત્રાઓ મેળવી ખરલમાં નાખી પછી તેને ચિત્રક, આદુનોરસ, એરંડાના મૂળ અને રાસ્નાના ઉકાળાની એકેક ભાવના આપી ઘુંટી રતિભારની ગોળી કરી સુકવી રાખવી અથવા ભૂકો રાખવો.

प्रमाण—૩ થી ૬ રતિભાર સવાર સાંજ બે વખત.

अनुपान—ઘી સાથે દવા ચાટી ઉપરથી મહારાસ્નાદિ કવાથ પીવો.

उपयोग—સર્વ જાતના વાતરોગ જેવા કે પક્ષાઘાત, સંધીવા, લકવો, ઉરુસ્તંભ, ગાંઠીયોવાયુ, અડદીયોવાયુ, ટચકર્યું, વગેરેમાં ખાસ સંભાળપૂર્વક વાપરતાં સારો ફાયદો આપે છે. નવા અને જુના વાના દરેક દરદો માટે સારો ઉપાય છે.

१०१ शीतभंजीरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, શુદ્ધ વછનાગ, સુંઠ, મરી, પીપર, ટંકણખાર એ સર્વે સમભાગે લેવાં.

रीत—પારદ, ગંધકની કજ્જલી બનાવી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ તથા ભસ્મો મેળવીને સારી પેઠે ઘુંટી તેને ચિત્રકના રસની કે ઉકાળાની ત્રણ ભાવના આપવી અને ઘુંટતા જવું. પછી આદુના રસની સાત ભાવના આપવી અને ઘુંટતા જવું, પછી નાગરવેલનાં પાનના રસની ત્રણ ભાવના આપવી અને ઘુંટતા જવું ઉપર ગોળી વાળવા જેવું થતાં સંભાળથી મગનાદાણા જેવડી ગોળીઓ વાળી સુકવી તૈયાર કરવી

प्रमाण—૧ થી ૨ ગોળી, જરૂર જણાય ત્યારે દિવસમાં ત્રણ વખત.

अनुपान—આદુનો રસ અથવા સુંઠનું પાણી લઇ તેમાં ગોળી ઘસીને પીવી.

ઉપયોગ—કફજ્વર, હાંફ, શીતાંગ, ત્રિદોષજ્વર, કફવાતજ્વર, શ્વાસ, અણુઉતારતાવ વગેરેમાં અકસીર છે. જ્યારે તાવ ઉતરી શરીર ઠંડું તથા બેશુદ્ધિ જેવું થઇ જાય છે ત્યારે આ દવાની એક માત્રા આપતાં તરતજ ગરમાશ આવી દરદી શુદ્ધિમાં આવી જાય છે. આ દવા વિલાયતી ઇન્જકશન જેવું કામ આપી ચમત્કાર બતાવે છે. પેટનું ચઢવું, વાયુ, પેટનો દુઃખાવો વગેરેને પણ મટાડી આપે છે. ગુણમા ગરમ છે માટે સંભાળથી વાપરવા સૂચના છે પરંતુ હુશીઆરીથી વપરાય તો અવશ્ય ધન-લાભ અપાવનાર છે.

૧૦૨ शिलाजीतप्रयोग

બનાવટ—શિલાજીત તો. ૨, ચંદ્રોદય, લોહભસ્મ, બંગભસ્મ, અભ્રકભસ્મ, સુવર્ણમાક્ષિકભસ્મ, નાગભસ્મ, હરડે, આમળાં, મોચરસ, એ દરેક એક એક તોલો લેવાં.

રીત—છેલ્લા ત્રણ વસાણાંનું ચૂર્ણ કપડછાણ લઇ જુદું રાખવું અને માત્રાઓ સર્વ એક ખરલમાં ઘુંટી તેમાં તે ચૂર્ણ મેળવી દેવું. જ્યારે બરાબર ઘુંટાઇ જાય ત્યારે શિલાજીતને દૂધમાં ઓગાળી તેની સાથે ઉપરનું ચૂર્ણ ખરલમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ ગોળી એક વખતમાં, સવાર સાંજ બે વખત.

અનુપાન—તાજું ઘી અથવા માખણ સાથે ગોળીનો ભૂકો કરી ચાટી ઉપર દૂધ પીવું.

ઉપયોગ—મગજની નબળાઇ, માથાનો દુઃખાવો, અકાળે વૃદ્ધાવસ્થા આવવી, ધાતુક્ષીણતા, નબળાઇ, પીકાશ વગેરે મટાડી દિર્ઘાયુષ્ય બનાવે છે. રસાયન ગુણ લાવવા માટે લાંબો વખત સેવવાની જરૂર છે.

પથ્ય—સાદો અને પૌષ્ટિક ખોરાક લેવો, ગરમ તેમજ ખાટાં પદાર્થોનો ત્યાગ કરવો. એક વર્ષ પથ્ય રાખી સેવન કરનાર નવયુવાન જેવો થાય.

१०३ शूलगजकेशरीरस

બનાવટ—શેકેલાં એરંડાચલાં તો. ૨ શેકેલ કાંકચની મીંજ તો. ૨

શુદ્ધ હીંગ	તો. ૦॥	ટંકણખાર	તો. ૦॥
અજમો	તો. ૦॥	પીપર	તો. ૦।
પીપરીમૂળ	તો. ૦।	ચવક	તો. ૦।
કાળાંમરી	તો. ૦।	શૂંઠ	તો. ૦।
હરડેછાલ	તો. ૦।	સાજીખાર	તો. ૦।
સિંધાલુણ	તો. ૦।	યવક્ષાર	તો. ૦।
સંચળ	તો. ૦।	શુદ્ધ ગંધક	તો. ૦।
શુદ્ધ પારદ	તો. ૦।		

રીત—દરેકને વિધિસર વાટી મેળવી તેને લીંબુના રસની ત્રણ ભાવના આપી ઘુંટી ચણા જેવડી ગોળી વાળી બાટલી ભરી લેવી.

પ્રમાણ—૧ થી ૨ ગોળી પાણી સાથે.

સમય—દિવસમાં બેથી ત્રણ વખત.

ઉપયોગ—શૂળ, વાયુ, આફરો, ચૂંક, કબજીઆત, ગોળો, અજીર્ણ વગેરે મટે છે.

१०४ शोणितार्गल

બનાવટ— લોહભસ્મ તો. ૦॥ અભ્રકભસ્મ તો. ૦॥
રસાંજન તો. ૦॥ શુદ્ધખાપરીયું તો. ૦॥

ફુલાવેલી ફટકડી	તો. ૦।	રક્તચંદન	તો. ૧
સોનાગેરૂ	તો. ૧	રસસિંદુર	તો. ૧
પીપલની લાખ	તો. ૧		

रीत—બધી ચીજોને ખરલમાં બરાબર વાટી રસાંજનનું પાણી બનાવી તેમાં ઘુંટીને બબ્બે રતિભારની ગોળી કરી સુકવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી. अनुपान—પાણી.

समय—સવાર સાંજ બે વખત.

उपयोग—રક્તાર્શ, રક્તપ્રદર, રક્તાતિસાર, વગેરે માટે ઉત્તમ છે. લોહી પડતું બંધ કરે છે.

૧૦૫ शंखवटी

बनावट—આંબલીનો ક્ષાર તો. ૪ પંચલવણ તો. ૪
ત્રીકટુ (સુંઠ, મરી, પીપર) તો. ૪ શંખભસ્મ તો. ૪
વજ તો. ૨ શુદ્ધ હિંગ તો. ૨
શુદ્ધ ગંધક, શુદ્ધ પારદ, શુદ્ધ વછનાગ એ ત્રણે મળી તો. ૧

रीत—પારદ ગંધકની કજ્જલી બનાવી તેમાં બીજી દવાઓ મેળવી લીંબુના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવવી.

प्रमाण—૨ ગોળી દિવસમાં બેથી ત્રણ વખત.

अनुपान—પાણી સાથે.

उपयोग—ઉદરરોગ, વાયુ, અજીર્ણ શૂળ, કોલેરા, મંદાગ્નિ એ‌ઓ વગેરેમાં ઉપયોગી છે. પેટના વાયુ વગેરે માટે ખાસ દવા છે.

૧૦૬ समीरगजकेसरीरस

बनावट—કાળાંમરી, શુદ્ધ અફીણ, શુદ્ધ ઝેરકોચલાં, શુદ્ધ હીંગલોક એ સર્વે સમભાગે લેવાં.

रीत—દરેકને ખરલમાં વાટી, તેની મગનાદાણા જેવી ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી. **अनुपान**—તાજું પાણી.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—વાયુવિકાર, વાતાતિસાર, પેટનીચૂંક, ઝાડા, આમાતિસાર, શરદીના વિકારો, પેટનોવાયુ, શળેખમ, તાવ ઉતર્યા પછીની શરીરમાં થતી વેદના વગેરે મટાડે છે.

૧૦૭ सर्वांगसुंदररस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વચ્છનાગ, શુદ્ધ નેપાળાનાં બીજ, સુંઠ, મરી, પીપર, આમળા હરડેછાલ, બહેડાછાલ ફુલાવેલ ટંકણખાર, સમભાગે લઇ ખરલમાં બરાબર ભેગવી પાણીમાં ઘુંટી રતિભારની ગોળીઓ બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—પાણી અથવા આદુનો રસ.

उपयोग—જ્વર, શ્વાસ, ખાંસી, આમવાયુ, મંદાગ્નિ, જીર્ણજ્વર, વગેરે મટાડે છે.

૧૦૮ सिद्धलक्ष्मीविलासरस

बनावट—સુવર્ણભસ્મ તો. ૧, રૌપ્યભસ્મ તો. ૧, તામ્રભસ્મ તો. ૨, કાંતસારભસ્મ તો. ૩, ગજવેલભસ્મ તો. ૪, મંડૂરભસ્મ તો. ૫ અભ્રકભસ્મ તો ૬, બંગભસ્મ તો. ૭, નાગભસ્મ તો. ૮ મોતીભસ્મ તો. ૧૦, પ્રવાલભસ્મ તો. ૧૧, રસસિંદુર તો. ૧૬, નાખી ઘુંટી બારીક કરી લેવું

रीत—બારીક કરેલી દવાને જાવંત્રી, ત્રિફળા, ત્રિકટુ, ચાતુર-જાત અને કેશરની ત્રણ ત્રણ ભાવના આપી સુકવી પછી તેમાં કસ્તુરી તો. ૧ મેળવી ઘુંટી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—સાકર અને મધ સાથે.

उपयोग—ક્ષય, ખાંસી, પાંડુરોગ, શ્વાસ, જીર્ણજ્વર, ગુલ્મરોગ, પ્રમેહ, મંદાગ્નિ, નબળાઇ ઇત્યાદિ રોગોમાં સારૂં કામ આપે છે અને શરીરને પુષ્ટ કરી દરેક રોગ મટાડે છે.

पथ्य—સારો અને પૌષ્ટિક પચે તેવો ખોરાક લેવો.

૧૦૯ सूतराजरस (१)

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વચ્છનાગ, ફુલાવેલો ટંકણખાર, એ દરેક ચીજ એકેક તોલો, શુદ્ધ ધતુરાનાંબીજ તોલા ૪.

रीत—ઉપરની દવાઓનુ બારીક ચૂર્ણ લઇ એક દિવસ ખરલમાં વાટી તેને ધતુરાનાં બીજ તો. ૧ તથા વચ્છનાગ તો. ૧ ના ઉકાળા વડે એક એવી ત્રણ ભાવના આપવી. પછી ત્રિકટુ તો. ૨॥ લઇ તેનો ઉકાળો કરી તેની એક એવી પાંચ ભાવના આપી. બાદ અડદના દાણા જેવડી ગોળીઓ બનાવી સુકવી બાટલી ભરી લેવી.

प्रमाण—બે ગોળી. **अनुपान**—પાણી સાથે.

उपयोग—કફજ્વર, શલેષ્મ, શરદી, ન્યુમોનીઆ, ઇન્ફ્લ્યુએન્ઝા વગેરેમાં સારો ફાયદો આપે છે.

૧૧૦ सूतराजरस (२)

बनावट— શુદ્ધ પારદ તો. ૧ શુદ્ધ ગંધક તો. ૨
અભ્રકભસ્મ તો. ૮

રીત—ખરલમાં ઘુંટી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ રતિભાર.

અનુપાન—મધ સાથે અથવા રોગાનુસાર.

ઉપયોગ—સંગ્રહણી, ક્ષય, ગુલ્મરોગ, હરસ, પ્રમેહ, ધાતુગત જ્વર, નબળાઇ વગેરે મટે છે અને અનુપાન ભેદથી સર્વ રોગમાં વપરાય છે.

૧૧૧ सुधानीधिरस

બનાવટ—સુવર્ણમાક્ષિકભસ્મ, મંડુરભસ્મ, ફુલાવેલ ટંકણ ખાર એ દરેક એકેક તોલો કચુરો, જીરૂં, નાગકેશર, કપુર, ચણકબાબ મોથ, હરડેછાલ, ફટકડી એ દરેક અર્ધ તોલો લેવાં. આ સર્વે ઘુંટી કપડે ચાળી ખરલમાં નાખી પછી તેને વાળો, દ્રાક્ષ, કમળનું ફુલ એ દરેકના ક્વાથની જુદી જુદી એકેક ભાવના આપી ઘુંટી રતિભારની ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૬ થી ૧૨ ગોળી સવાર સાંજ બે વખત.

અનુપાન—પાણી સાથે લેવી.

ઉપયોગ—શરીરના કોઇપણ ભાગમાંથી પડતું લોહી બંધ કરવા માટે આ દવા વાપરવાથી ફાયદો થાય છે

૧૧૨ सुवर्णवसंतमालती

બનાવટ—સોનાનાવરખ અથવા ભસ્મ તો. ૧, મોતી પીષ્ટી તો ૨, રસસિંદુર તો ૩, મરી તોલા ૪, યશદભસ્મ તો ૮, (અથવા શુદ્ધ ખાપરીયુ તો ૮).

રીત—દરેક ચીજને બરાબર વાટી લઇ પછી સાથે ભેળવી [illegible] [illegible] [illegible] તેમા માખણ તોલા બે નાખી [illegible]

દિવસ ઘુંટવું. પછી તેમાં લીંબુનો રસ નાખતાં જવું અને ઘુંટવું. આસરે વીશેક દિવસ સુધી એવી રીતે ઘુંટવાથી માખણની ચીકાશ મટી જઇ સ્વાદ પારખતાં ખટાશ આવી જાય ત્યારે સમજવું કે હવે તૈયાર થઇ ગએલ છે. બાદ રતિભારની ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી અથવા ટીકડી કરી ઉપર વરખ ચોડી લેવા.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

समय—સવાર સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે.

अनुपान—પીપરનું ચૂર્ણ વાલ ૧ તથા મધ અથવા માખણ સાથે ચાટી ઉપરથી દૂધ પીવું.

उपयोग—ક્ષયરોગ, મગજની નબળાઇ, ધાતુક્ષીણતા, જીર્ણ-જ્વર, ખાંસી, સંગ્રહણી, નબળાઇ, હૃદયરોગ, મસ્તકશૂળ, ચક્કર આવવાં તેમજ ચાલુ નબળાઇમાં ખાસ વખણાય છે. મગજશક્તિ વધારે છે અને જુના રોગોમાં સારૂં કામ આપે છે.

पथ्य—આ દવા ચાલુ હોય ત્યારે પચે તેવો પૌષ્ટિક ખોરાક લેવો અને દરદને અનુકુળ થાય તેવું પથ્ય પાળવું.

११३ सूतसेखररस

बनावट—શુદ્ધ પારદ, ગંધક, ટંકણ, વછનાગ, શંખભસ્મ, સુવર્ણભસ્મ, તામ્રભસ્મ, સુંઠ, મરી, પીપર, ધતુરાનાબીજ, તજ, તમાલપત્ર, નાગકેશર, એલચી, બીલીનોગરભ, કચુરો એ દરેક સરખે વજને લઇ લેવું.

रीत—શુદ્ધ વસાણાં તથા ભસ્મો અલગ રાખી પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં શુદ્ધ દ્રવ્યો નાખી પછી તેમાં બીજી વસ્તુઓ ધીમે ધીમે મેળવી અને બરાબર ઘુંટી તેમાં ભાંગરાનોરસ નાખી ૨૧ દીવસ લગી ઘુંટી રતિભારની ગોળી બનાવી સુકવી

બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૧ થી ૩ રતિભાર.

अनुपान—સ્વચ્છ પાણી કે આદુનો રસ અને સાકર અથવા જરૂરત પ્રમાણે લઇ શકાય.

समय—સવાર, સાંજ બે વખત અથવા જરૂરત પ્રમાણે

उपयोग—અમ્લપિત્ત, ઉલટી, શૂળ, ગુલ્મરોગ, ખાંસી, સંગ્રહણી, આમ અતિસાર, શ્વાસ, મંદાગ્નિ, હેડકી, ત્રિદોષ, ઉદાવર્ત, જીર્ણ જ્વર, મસ્તકશૂળ, ક્ષય વગેરે વ્યાધિઓ મટી આરામ થાય છે. શક્તિ આપે છે. હૃદયને બળ આપી અનેક રોગ મટાડનાર પ્રસિદ્ધ માત્રા છે. વાયુ અને પિત્ત માટે ઉત્તમ ઔષધ છે.

૧૧૯ श्वासकुठाररस

बनावट—પારદ, ગંધક, વછનાગ, ટંકણ, મનશીલ, દરેક તોલો એક એક. મરી તો. ૧૦, પીપર તો. ૨, શુંઠ તો. ૨.

रीत—પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બાકીનાં વસાણાં મેળવી ઘુંટી તેમાં નાગરવેલના પાનનો રસ નાખી ત્રણ ભાવના આપી સુકવી ચૂર્ણ કરી બાટલી ભરી લેવી.

प्रमाण—૩ થી ૬ રતિભાર.

अनुपान—નાગરવેલનુ પાન અથવા મધ.

समय—સવાર, સાંજ અથવા જરૂરત પ્રમાણે.

उपयोग—ખાંસી, શ્વાસ, કફ, દમ, હાંફણ, મરડી, દમ, વગેરે મટે.

૧૧૫ श्वासचिंतामणीरस

बनावट—શુદ્ધ પારદ, ગંધક, તામ્રભસ્મ, શુક્તિભસ્મ, શંખ-ભસ્મ, એ દરેક એકેક તોલો તથા અભ્રકભસ્મ તો. ૧॥, મુક્તા-ભસ્મ તો, ०।, સુવર્ણભસ્મ તોલો ०।, રૌપ્યભસ્મ તો. ०।, સુવર્ણ-માક્ષિકભસ્મ તો. ૧, ટંકણખાર, વચ્છનાગ, શુંઠ, મરી, પીપર, કનક-બીજ એ દરેક એકેક તોલો. આ સર્વે સાફ કરી જુદાં જુદાં વાટી લેવાં.

रीत—ઉપરની દવાઓમાંથી પ્રથમ માત્રાઓને ખરલમાં ઘુંટી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ મેળવી તેને ભોરીંગણીના ડોડવાની, નગોડ અને આદુના રસની જુદી જુદી એકેક ભાવના આપી ઘુંટી બારીક કરી સુકવી બાટલીમાં ભરી લેવું.

प्रमाण—૩ થી ૬ રતિભાર, મધ અથવા પાણી સાથે દિવસમાં બે વખત સવાર સાંજ લેવી.

उपयोग—પાંચ પ્રકારના શ્વાસરોગ, છાતીનાં દરદ, હેડકી, ખાંસી, દમ વગેરે મટે છે.

૧૧૬ श्रीनीलकंठरस

बनावट—

ચંદ્રોદય તો. ૧	શુદ્ધ પારદ તો. ०॥
સુવર્ણ તો. ०।(વરકલેવા)	ગંધક તો. ०॥
અભ્રકભસ્મ તો. ०=	લોહભસ્મ તો. ०=
બંગભસ્મ તો. ०=	છીપભસ્મ તો. ०=
રૌપ્યભસ્મ તો. ०=	પ્રવાલભસ્મ તો. ०=
સુવર્ણમાક્ષિકભસ્મ તો. ०=	મોચરસ તો. ०=
લીંબડાનો ગુંદ તો. ०=	એલચી તો. ०=
જાવંત્રી તો. ०=	હરેટાલ તો. ०=
આંમળાની છાલ તો. ०=	ત્રિકટુ ચૂર્ણ તો. ૧)=

રીત—ઉપરની દવાઓમાંથી પ્રથમ રસ, ભસ્મ જેવા પદાર્થ લઇ તેને ખરલમાં ઘુંટી તેમાં બીજી દવાઓનું બારીક ચૂર્ણ મેળવી તેને શતાવરી, આસગંધ, બળબીજ, શેમળાનીછાલ, ખરખોડી (જીવંતી) એના રસની કે ક્વાથની એકેક ભાવના આપી દવા ઘુંટી તેની રતિભારની ગોળી બનાવી બાટલી ભરી રાખવી.

પ્રમાણ—એક ગોળી સવાર સાંજ, બીજે માસે બબ્બે ગોળી એમ અનુક્રમે દરમાસે એકેક ગોળી વધારતા જવી અને ઉપર દૂધ પીવું

ઉપયોગ—યુવાની ટકાવી રાખવા અને વૃદ્ધાવસ્થા આવતી અટકાવવા માટે તેમજ દિર્ઘજીવન પ્રાપ્ત કરવા માટે આ પ્રયોગ હીત છે. શક્તિવર્ધક તરીકે પણ સારો છે. અનુપાન ભેદથી આ એકજ દવા તમામ રોગમાં વાપરી શકાય તેવી બનાવટ છે. શક્તિ માટે નિયમિત વાપરવી પણ સારી છે.

११७ हंसपोटलीरस

બનાવટ—પીળી કોડીનીભસ્મ, સુંઠ, મરી, પીપર, ફુલાવેલ ટંકણખાર, શુદ્ધ વછનાગ, શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક એ દરેક દવા સમભાગે લઇ ખરલમા ઘુંટી તેને બીજોરાના રસની એક ભાવના આપી રતિભારની ગોળી કરી સુકવી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી, મરીનું ચૂર્ણ અને ઘી સાથે આપવી.

સમય—સવાર, સાંજ બે વખત.

ઉપયોગ—સંગ્રહણી, ઝાડા, પેટનોવાયુ, મંદાગ્નિ, અજીર્ણ, વગેરે માટે છે

ooo

૧૧૮ हिंगुलेश्वररस

बनावट—શુદ્ધ હિંગળો, પીપર, શુદ્ધ વછનાગ, સમભાગે લેવાં તેને પાણીમાં વાટી એકદિવસ ખરલમાં ઘુંટવું. પછી એકેક રતિભારની ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી, દિવસમાં ત્રણ વખત.

अनुपान—પાણી સાથે.

उपयोग—વાતજ્વર તથા નવીન તાવમાં વપરાય છે.

૧૧૯ हेमगर्भपोटलीरस

घनावट—

તામ્રભસ્મ તો. ૧	શુદ્ધ પારદ તો. ૧
શુદ્ધ ગંધક તો. ૧	લોહભસ્મ તો. ૦॥
ચાંદીનીભસ્મ તો. ૦॥	રસસિંદુર તો. ૦॥
સુવર્ણના વર્ક અથવા ભસ્મ તો. ૦॥	

रीत—પ્રથમ એ ચીજોને ખરલમાં નાખી ઘુંટી ઘેટીના દૂધમાં સારી રીતે મર્દન કરી ત્રણ ભાવના આપવી અને પછી તેની યોગ્ય માત્રામાં સોગઠી બનાવી સુકવી રાખવી. બરાબર સુકાઇ જાય ત્યારે તેના પર સારૂં નવું કપડું દોરાથી મજબુત બાંધી એક માટીનાં વાસણમાં લાકડીઓ ગંધક નાખી દીવાના તાપ ઉપર ગરમ કરી તેમાં એ પોટલી ડુબે તેવી રીતે અરધો કલાક તાપ આપી બહાર કાઢી લઇ તરતજ કપડું જુદું કરી અંદરથી સોગઠી કાઢી લેવી અને સહેજ ગરમ પાણીથી ધોઇ સાફ કરી રાખી મુકવી. આ ગોળી એટલી તો સખત થઇ જશે કે હથોડી મારતાં પણ તરત તુટશે નહિં.

प्रमाण—આસરે એક ચોખાભાર દવાનો ઘસારો એક વખત આપવો. જરૂર જણાય તો બબ્બે કલાક પછી ફરી પણ અપાય. દવા ઘસીને

अनुपान—દવાઆડી ઉપરથી કઢેલું દૂધ પીવું.

समय—સવારના તથા રાત્રે સુતી વખતે.

उपयोग—ધાતુક્ષીણતા, અત્યંત નબળાઇ, વૃદ્ધાવસ્થાની નબળાઈ ક્ષીણતા વગેરે મટાડી નવજીવન આપે છે.

१२२ हेमाभ्ररससिंदुर

बनावट—અભ્રકભસ્મ, રસસિંદુર અને સુવર્ણભસ્મ સમભાગે લઇ તેને આદુના રસમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી લેવી કે વાટીને રાખી લેવું.

प्रमाण—૧ ગોળી,

अनुपान—દૂધ સાથે સવાર સાંજ લેવી.

उपयोग—ક્ષય, ખાંસી, શ્વાસ, પાંડુરોગ, કમળો, સંગ્રહણી, ધાતુક્ષય, નબળાઇ વગેરે મટે છે.

प्रकरण ३ जुं — कुपीस्थरस

१२३ चंद्रोदय-मकरध्वज

बनावट— શુદ્ધ પારદ તો. ૮ સોનાના વરખ તો. ૧
શુદ્ધ ગંધક તો. ૪૮

रीत—પારદ સાથે સોનાના વરખ ઘુંટી તેમાં ગંધક નાખી કજ્જલી તૈયાર કરી તેને રાતા કપાસનાં ફુલના રસમાં અથવા કુંવારના રસમાં એક દિવસ ઘુંટી સુકવી તૈયાર કરી સાત વખત કપડ

આપવી યોગ્ય થઇ પડે છે.

उपयोग—ત્રિદોષ, મૂર્છા, બેભાન, શીતાંગ, ન્યુમોનીઆ, નબળાઇ, શ્વાસ, કફ, શરદી, તાવ, દમ, વગેરેમાં આ માત્રા જરા પાણી કે આદુરસ સાથે ઘસીને આપવાથી તત્કાળ ચમત્કારીક રીતે ફાયદો બતાવે છે.

१२० हेमनाथरस

बनावट—શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, સુવર્ણભસ્મ, સુવર્ણમાક્ષિક ભસ્મ, એ દરેક તોલો એક એક, લોહભસ્મ તો. ૦ાા, બંગભસ્મ તો. ૦ાા, પ્રવાલ ભસ્મ તો. ૦ાા, ભીમસેનીકપુર તો. ૦ાા એ દરેકને ખરલમાં વાટી લેવું. અને તેને અરીણુની ૭ ભાવના, મોચરસની ૭ ભાવના તથા ગુલરના રસની સાત ભાવના આપી ત્રણ રતિભારની ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ ગોળી. **अनुपान**—દૂધ સાથે.

समय—સવાર સાંજ.

उपयोग—પ્રમેહ, શ્વેતપ્રદર, બહુમૂત્ર, નબળાઇ વગેરે મટાડી શક્તિ આપે છે

१२१ हेमरसायन

बनावट—પાકા લીલા આમળાં લાવી તેમાંથી ઠળીઆ કાઢી તેની મલમલ કપડાપર મુકી તડકે સુકવી તૈયાર કરી તેનું ચૂર્ણ કરવું આ ચૂર્ણને આમળાના રસની સાત ભાવના આપી તૈયાર કરવું અને તેમાં તેના અરધા વજને સુવર્ણભસ્મ અથવા સોનાના વરક નાખી ઘુંટી તેમ [illegible] [illegible] મધ નાખી ચાટણ જેવું કરી [illegible] ભરી રાખવા

अनुपान—દવાચાટી ઉપરથી કઢેલું દૂધ પીવું.

समय—સવારના તથા રાત્રે સુતી વખતે.

उपयोग—ધાતુક્ષીણતા, અત્યંત નબળાઇ, વૃદ્ધાવસ્થાની નબળાઈ ક્ષીણતા વગેરે મટાડી નવજીવન આપે છે.

१२२ हेमाभ्ररससिंदुर

बनावट—અભ્રકભસ્મ, રસસિંદુર અને સુવર્ણભસ્મ સમભાગે લઇ તેને આદુના રસમાં ઘુંટી રતીભારની ગોળી બનાવી લેવી કે વાટીને રાખી લેવું.

प्रमाण—૧ ગોળી,

अनुपान—દૂધ સાથે સવાર સાંજ લેવી

उपयोग—ક્ષય, ખાંસી, શ્વાસ, પાંડુરોગ, કમળો, સંગ્રહણી, ધાતુક્ષય, નબળાઇ વગેરે મટે છે.

प्रकरण ३ जुं — कुपीस्थरस

---

१२३ चंद्रोदय-मकरध्वज

बनावट— શુદ્ધ પારદ તો. ૮ સોનાના વરખ તો. ૧
શુદ્ધ ગંધક તો. ૪૮

रीत—પારદ સાથે સોનાના વરખ ઘુંટી તેમાં ગંધક નાખી કજ્જલી તૈયાર કરી તેને રાતા કપાસનાં ફુલના રસમાં અથવા કુંવારના રસમાં એક દિવસ ઘુંટી સુકવી તૈયાર કરી સાત વખત કપડ

માટી કરેલી અગનશીશીમાં ભરી વાલુકાયંત્રમાં મુકી ચુલાપર ચડાવી નીચે ધીમેથી તાપ શરૂ કરવો, પછી અગ્નિ વધારતા જવું અને મંદ, મધ્ય પછી તિવ્ર અગ્નિથી ત્રણ રાત્રી અને ત્રણ દિવસ અગ્નિ આપી તૈયાર કરવો. ગંધક બળી રહ્યા બાદ ઇંટને ખૂચ લગાડી દેવો. ઠંડું થયે ઉતારી શીશીને ખોલી તેને સંભાળથી ફોડી લઇ તેના ગળામાં જામી ગયેલો રાતા વર્ણનો સિંદુર સરખો ચોટેલો વજનદાર પદાર્થ સંભાળથી ઉખેડી બાટલીમાં લઇ રાખવો.

प्रमाण—ાા થી ૧ રતિભાર.

अनुपान—જાયફળ તો. ૧, જાવંત્રી તો. ૧, ભીમસેનીકપુર તો. ૧, લવંગ તો. ૧, મરી તો. ૧, પીપર તો. ૧, કસ્તુરી તો. ાા એ સર્વેનું કરેલું ચૂર્ણ વાલ ૧ થી ૨ લઇ તે સાથે મેળવી તેમાં મધ નાખી ચાટી જવું ઉપર દૂધ પીવું.

उपयोग—ધાતુની નબળાઇ, અશક્તિ, ક્ષય, મંદાગ્નિ, જીર્ણ જ્વર, મસ્તકશૂળ તથા કોઇપણ પ્રકારની નબળાઇ મટાડી શરીરમાં શક્તિ લાવે અને નપુંસકપણું દૂર કરી નસોમાં જીવન લાવે છે. સર્વ રોગમાં અનુપાન ભેદથી વાપરી શકાય છે.

पथ्य—ગરમ, ખાટાં અને રૂક્ષ પદાર્થો ન ખાવાં, પરંતુ પીવાસો પૌષ્ટિક ખોરાક પચે તેટલા પ્રમાણમાં બરાબર ખાવો, દુધ ઘી વધારે વપરાશમાં લેવાં.

१२८ तालचंद्रोदय

बनावट— શુદ્ધ પારદ તો. ૨૦ શુદ્ધ ગંધક તો. ૪૦
શુદ્ધ હરતાલ તો. ૧૦ સોનાનાં વરખ તો. ૩૧

रीत—સૌ પહેલાં કજ્જલી કરી કુવારના રસમાં મર્દન કરી [illegible] કરેલી શીશીમાં ભરી વાલુકાયંત્રમાં મુકી મધ્યમ

દયમાં જણાવ્યા પ્રમાણે તૈયાર કરી લેવું.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—ઘી અથવા મધ સાથે.

उपयोग—ખાંસી, કુષ્ટ, શ્વાસ, ઉરઃક્ષત, વીસ્ફોટક, ઉપદંશ, વિસર્પ તથા લોહીમાં ગમે તેવું ઝેર તથા ગરમી હોય તેને મટાડે છે.

पथ्य—દવા ચાલે ત્યાંસુધી સામાન્ય પથ્ય રાખવું.

१२५ मल्लचंद्रोदयरस

बनावट— શુદ્ધ પારદ તો. ૧૦ શુદ્ધ ગંધક તો. ૨૦
શુદ્ધ સોમલ તો. ૫ શુદ્ધ રસકપુર તો. ૧૦
સોનાનાવરખ તો. ૨ાા

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં સોનું મેળવી પછી બીજી દવાઓ મેળવી બારીક વાટી કુંવારના રસમાં મર્દન કરી સુક્વી કપડમાટી કરેલ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી પ્રથમથીજ તેજ અગ્નિ આપી ૪૮ કલાકમાં પકાવી તૈયાર કરવું. ધુમાડો ગંધકનો નીકળતો બંધ થાય કે તુરત દાટ લગાડી દેવું. યાને ૨૦ કલાક ખુલ્લું રાખી પાછળથી બંધ કરી તેજ અગ્નિ આપવું. ઠંડું થયે ગળામાં તૈયાર થએલ સખત ચમકદાર નળી લઇ લેવી.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—મધ અથવા ઘી સાથે.

उपयोग—વાતરોગ, લકવા, શરદી, શ્વાસ તથા ગરમીના (વાનરીરંત્ર) રોગ માટે ઉત્તમ છે.

पथ्य—દવા ચાલે ત્યા લગી સામાન્ય પથ્ય રાખવું.

૧૨૬ रससिंदुर

बनावट—શુદ્ધ પારદ તો. ૧૦ શુદ્ધ ગંધક તો. ૨૦

रीत—સાથે મેળવી કજ્જલી કરી કુંવારના રસમાં મર્દન કરી સુકવી કપડમાટી કરેલ શીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી મંદ, મધ્ય અને તીવ્ર અગ્નિ આપી ૪૮ કલાકમાં પકાવી તૈયાર કરવું ગંધકનો ધૂમારો બંધ થાય ત્યારે શલાકા અંદર મુકી જોઇ ખાત્રી કરવી ને તળીયું સાફ તથા લાલ જણાય ત્યારે બૂચ મારી દેટ પછી અગ્નિ આપી ઠંડું કરી શીશી ફોડી ગળામાં રહેલ લાલવર્ણનો રસ લઇ વાટી બાટલીમાં ભરી રાખવો.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—મધ અથવા ઘી સાથે.

उपयोग—રક્તવિકાર, શ્વાસ, ગરમી, શરદી તથા નબળાઈ મટાડે અને સૌમ્ય છે.

चेतवणी—કુપીપકવરસોની બનાવટ લગભગ દરેકની સરખી છે પણ જેમાં મલ, તાલ, શિલા જેવી ચીજો હોય તેને પ્રથમ મંદ અગ્નિ તેજ આપવી અને ગળામાંથી ગંધકનો ધૂમારો મેલા રંગ નીકળતો બંધ થાય અને બની બળતી બંધ થાય ત્યારબાદ ચાક કે જુની ઈંટનો બૂચ બનાવીને લગાડી પછી ૧૨ થી ૨૪ કલાક માત્રના પ્રમાણમા અગ્નિ આપી શકાય છે

૧૨૭ रसमाणीक्य

बनावट શુદ્ધ પારદ તો ૧૦ શુદ્ધ ગંધક તો ૧૦
શુદ્ધ વચ્છનાગ તો ૧૦ શુદ્ધ મનશીલ તો ૧૦

रीत—પ્રથમ પ્રથમ પારદને ગંધક સાથે કજ્જલી કરી મર્દ

બનાવી લેવી. પછી તેમાં ગંધક નાખી કજ્જલી કરવી બાદ મનશીલ મેળવી ઘુંટી કુંવારના રસમાં મર્દન કરી સુકવી કપડમાટી કરેલી શીશીમાં ભરી ચંદ્રોદયની માફક ત્રણ રાત દિવસ અગ્નિ આપી તૈયાર કરવું. ગળામાં લાગેલી દવા મળે તે સંભાળી વાટી રાખવી. આમાં પ્રથમથીજ અગ્નિ તેજ આપવો ને ગંધકનો ધુમાડો બંધ થાય ત્યારે બૂચ દઇ દેવો.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—માખણ કે મધ સાથે.

उपयोग—ક્ષય, શળેખમ, શરદી, દમ, શ્વાસ, ધાતુક્ષીણતા તથા નબળાઇ મટાડે છે. ખાસ કરી જુના શળેખમ માટે ઉત્તમ ઉપાય છે.

१२८ व्याधिहरणरस

बनावट— શુદ્ધ પારદ તો. ૫ શુદ્ધ ગંધક તો. ૫
શુદ્ધ હરતાલ તો. ૫ શુદ્ધ મનશીલ તો. ૫
શુદ્ધ રસકપુર તો. ૫ શુદ્ધ સોમલ તો. ૫

બધાને સાથે ઘુંટી કજ્જલી કરવી. તેને કુવારના રસમાં મર્દન કરી સુકવી લઇ તેને કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકા યંત્રમાં મુકી બાર પ્રહર આંચ આપી વિધિસર (ચંદ્રોદયની માફક) પકાવી તૈયાર કરવું. ગંધક બળી ગયા પછી શીશીના મોઢામાં બૂચ (ડટ્ટો) લગાડી બંધ કરી દેવું. એટલે મંદ, મધ્ય અને તિવ્ર અગ્નિથી તૈયાર કરી ઠંડુ થયે ઉતારી લેવું અને શીશીને ફોડી અંદર થી રસની ડલી લઇ લેવી અને તેને વાટી શીશીમાં રાખવું.

प्रमाण—૧ થી ૨ રતિભાર.

अनुपान—માખણ કે મધ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—ગરમીના દરદો, ઉપદંશ, રક્તવિકાર, શીરંગરોગ, સુજાક વગેરેમાં ઉપયોગી છે.

सूचना—દવા ઘણીજ ઉત્તમ છે પણ સંભાળથી પરેજી રાખીને ખવરાવવી.

पथ्य—ઘઉં, સાકર, ઘી. બીજું બધું બંધ રાખવું.

૧૨૯ शिलाचंद्रोदय

बनावट— શુદ્ધ પારદ તો. ૨૦ શુદ્ધ ગંધક તો. ૫।
શુદ્ધમનશીલ તો. ૧૦ સોનના વરક તો. ૨॥

रीत—બધાની કજ્જલી કરી કુંવારના રસમાં મર્દન કરી સુકવી કપડમાટી કરેલી શીશીમાં ભરી વાલુકા યંત્રમાં મુકીને બે દહાડા અને બે રાત આખો વખત તેજ આંચ આપવી. અગ્નિ શરૂથી તેજ રાખવી ને ગંધકનો ધૂમાડો બંધ થાય ત્યારે તરત બૂચ મારી દેવો ને બાકી અગ્નિ આપી ઠંડુ કરી ઉતારી શીશીના ગળામાં ચોટેલી દવા લઇ લેવી.

प्रमाण—૧ થી ૨ રતિભાર

अनुपान—મધ સાથે.

उपयोग—મેદરોગ, રક્તવિકાર, કંઠમાળ, ખાંસી, શ્વાસ, ક્ષય, કુષ્ટ તથા રક્તવિકારની ગાંઠો મટાડી શરીર સાફ કરે છે.

पथ्य—દવા ચાલે ત્યાં સુધી પથ્ય સામાન્ય રાખવું.

૧૩૦ समीरपन्नगरस

बनावट— શુદ્ધ પારદ તો. ૮ શુદ્ધ ગંધક તો. ૮
શુદ્ધ મનશીલ તો. ૮ શુદ્ધ હરતાલ તો. ૮

રીત—કજ્જલી કરી તેને કુંવારના રસમાં ઘુંટી મુકવી કપડ માટી કરેલી શીશીમાં ભરી ચંદ્રોદયની માફક ત્રણ રાત દિવસ વાલુકા યંત્રમાં રાખી પકાવી તૈયાર કરી લેવું. ગળામાં લાગેલ દવા મળે તે કાઢી શીશીમાં ભરી રાખવી. આમાં પ્રથમથીજ અગ્નિ તેજ આપવો અને ગંધકનો ધૂમાડો બંધ થાય ત્યારે તરત બૂચ લગાડી દેવો.

પ્રમાણ—૧ થી ૨ રતિભાર.

અનુપાન—મધ અને આદુના રસ સાથે.

ઉપયોગ—વાતરોગ, શરદી, ખાંસી, શ્વાસ તથા ન્યુમોનીઆ અને સન્નિપાતજ્વર માટે અત્યંત કિંમતી માત્રા છે.

१३१ सुवर्णवंग

बनावट— શુદ્ધ પારદ તો. ૫ શુદ્ધ કલઈ તો. ૫
નવસાર તો. ૫ શુદ્ધ ગંધક તો. ૫

રીત—પ્રથમ શુદ્ધ કલઈને એક લોઢાના વાસણમાં ગાળી તેમાં પારદ નાખી ચકી બનાવી લેવી. પછી તેને ખરલમાં નાખી ઘુંટી તેમાં ગંધક નાખી કજ્જલી બનાવી તેમાં નવસાર મેળવી ઘુંટી સાત કપડમાટી કરેલી એક મોટી શીશીમાં ભરી તે શીશીને વાલુકાયંત્રમાં મુકી ત્રણ પહોર અગ્નિ આપવો, દરમ્યાન શીશીમાં વારંવાર લોઢાની સળી ફેરવતા જવું કે જેથી શીશીનું મોં બંધ ન થાય અને ધુમાડો નીકળતો રહે. જ્યારે ગંધક બળી રહે અને ધુમાડો નીકળતો બંધ થાય ત્યારે શીશીને બૂચ મારી જરા તિવ્ર અગ્નિ આપી ઠંડું થવે થોડીવાર પછી ઉતારી લેવું. જ્યારે ઠંડું થાય ત્યારે તેને કાઢી સંભાળથી શીશીને ફોડી અંદર તળીઆમાં રહેલી સોનાના રંગ જેવી મુંવાળી ભસ્મ લઈ લેવી અને તેને એક કાચની બરણીમાં ભરી રાખવી. એને કેટલાક વૈદ્યો સુવર્ણરાજવંગના નામથી ઓળખે છે.

प्रमाण—૨ થી ૪ રતિભાર દિવસમાં બે વખત.

अनुपान—માખણ મધ કે મલાઈ સાથે ચાટી જવું

उपयोग—ક્ષય, પ્રમેહ, વીર્યશ્રાવ, ખાંસી વગેરે મટાડે છે ખાસ કરી પ્રમેહ માટે ઠીક વખણાય છે. સ્વપ્નદોષ તથા ક્ષયની [illegible] માટે અકસીર છે.

सूचना—શીશીના ગળામાંથી બંગસિંદુર મળે તે સંભાળીને જુદો રાખવો તથા શીશીના મોઢામાં બંગક્ષાર મળે તે પણ સંભાળીને [illegible] બંધ બાટલીમાં ભરી રાખવો એ ક્ષાર પેટનાશૂળ માટે અકસીર [illegible]

प्रकरण ४ थुं — पर्पटी

१३२ अष्टामृतपर्पटी

बनावट—

પારદ	તો.	૧૦	ગંધક	તો.	૧૦
સુવર્ણભસ્મ	તો.	૧	રૌપ્યભસ્મ	તો.	[illegible]
મોતીનીભસ્મ	તો.	૧	પ્રવાલભસ્મ	તો.	[illegible]
તામ્રભસ્મ	તો.	૩	અભ્રકભસ્મ	તો.	[illegible]

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી [illegible] પુરી પર્પટીની રીતે (સુવર્ણપર્પટીમાં બતાવ્યા મુજબ) [illegible] કરી બાટલીમાં ભરી લેવી

प्रमाण—૨ થી ૪ રતિભાર દિવસમાં બે વખત.

अनुपान—મધ [illegible]

उपयोग [illegible]

૧૩૩ તામ્રપર્પટી

બનાવટ— શુદ્ધ પારદ તો. ૧ તામ્રભસ્મ તો. ૧
શુદ્ધ ગંધક તો. ૧ શુદ્ધ વછનાગ તો. ૧

રીત—પર્પટીની રીત પ્રમાણે ઉપરની દવાઓની કજ્જલી બનાવી લોઢાનાં વાસણમાં ઘી લગાડી તેમાં ગરમ કરવું પછી રસ જેવું થતાં કેળનાં પાનને છાણ ઉપર મુકી પર્પટી ઢાળી ઉપર પાન ઢાંકી છાણથી બંધ કરી લેવું એટલે પર્પટી જેવું બની જશે. તેને વાટી બાટલીમાં ભરી રાખવું.

પ્રમાણ—૧ થી ૨ રતિભાર.

અનુપાન—પીપર અને મધ સાથે અથવા આદુના રસ સાથે કે સાકર અને ત્રિફળાનાં ચૂર્ણ સાથે.

ઉપયોગ—ક્ષયરોગ, ત્રિદોષ, પાંડુરોગ, કુષ્ટરોગ વગેરેમા જુદા જુદા અનુપાનથી બુદ્ધિપૂર્વક વાપરવી.

૧૩૪ પંચામૃતપર્પટી

બનાવટ— પારદ તો. ૪ લોહભસ્મ તો ૨
તામ્રભસ્મ તો. ૦॥ અભ્રકભસ્મ તો. ૧
ગંધક તો. ૮

રીત—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી ભસ્મો મેળવી ઘુંટી લોઢાની કડાઇમા અગ્નિ ઉપર ગરમ કરી ગાયનું છાણ પાથરી ઉપર કેળનું પાન ગોઠવી એક પાનરાં પર ઢાળી દઈ ઉપર બીજું પાનરૂ તથા છાણ ઢાંકી લઈ પછી કાઢી લઈ ઘુંટીને બાટલી ભરી રાખવી.

પ્રમાણ—૨ થી ૪ રતિભાર બે વખત.

अनुपान—કડાછાલ કે પીપરનાં ચૂર્ણ સાથે મધમાં ચટવી.

उपयोग—ઝાડા, હરસ, મંદાગ્નિ, સંગ્રહણી, મરડો, ક્ષય, પાંડુ, અમ્લપિત્ત, પેટનાં જુનાં દરદો માટે ઉત્તમ છે.

पथ्य—મીઠી તાજી છાશ તથા રાતા ચોખાના ખોરાકપર રહી આ દવા વાપરવાથી અનેક દરદી સારા થાય છે.

सूचना—અનુકુળ સંજોગ હોય તો દૂધ, કેરી, ફળો તેમજ બીજો ખોરાક પણ આપી શકાય છે.

१३५ बोलपर्पटी

बनावट— શુદ્ધ પારદ તો. ૨ શુદ્ધ ગંધક તો. ૨
હીરાબોળ તો. ૨

रीत—પારદ ગંધકની કજ્જલી કરી તેમાં હીરાબોળનું ચૂર્ણ બારીક મેળવી ઘુંટી લેવું. પછી તેને લોહપાત્રમાં ગરમ કરી કેળના પાનપર ગાયનું છાણ મુકી તે ઉપર ઢાળી દઈ ઉપર પાન ઢાંકી છાણ થી બંધ કરી દેવું. એટલે કે પર્પટીના રૂપમાં તૈયાર થશે તેને વાટી બાટલીમાં ભરી લેવું.

प्रमाण—૧ થી ૨ વાલ સવાર, સાંજ બે વખત.

अनुपान—સાકરનો ભૂકો અને મધ લઈ તે સાથે દેવી.

उपयोग—અર્શમાં પડતું લોહી, રક્તપિત્ત, યોનીમાર્ગેથી થતો રક્તસ્ત્રાવ, વગેરેને મટાડે છે.

सूचना—કેટલાક વૈદો હીરાબોળ નાખી [illegible] [illegible] પરંતુ અમારો તે [illegible] અનુભવ નથી.

૧૨૬ मकरध्वजपर्पटी

बनावट—પૂર્ણ ચંદ્રોદય (મકરધ્વજ) તો. ૧, શુદ્ધ ગંધક તો. ૨.

रीत—સાથે મેળવી ઘુંટી લેવું તેને એક ઘી લગાડેલા લોઢાના સાફ વાટકામાં લોઢાના તવેથાથી હલાવી ધીમે તાપે ગરમ કરી લેવું અને પછી ગાયના છાણપર કેળના પાનપર ઢાળી ઉપર બીજું પાન ઢાંકી છાણથી ઢાંકી દેવું. પછી તે દવા સંભાળી લઈ વાટીને બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૧॥ થી ૩ રતિભાર.

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—ઘી સાથે ચાટી ઉપર ચહા કે દૂધ પીવું.

उपयोग—પેટનાં દરદો, સંગ્રહણી, ક્ષય, મંદાગ્નિ, ધાતુક્ષીણતા, મુંબઈના પાણીનો રોગ, સુવારોગના વિકાર મટાડી તાકાત વધારે છે.

पथ्य—પૌષ્ટિક અને પચે તેવો ખોરાક, કેરીનો રસ, દૂધ અને છાશ તથા ભાત માફક હોય તે લેવું.

सूचना—આ દવામાં ચંદ્રોદય દ્વિગુણ, ષડગુણ તથા ષોડસગુણ જેટલો ચડનો વપરાશે તેટલો ગુણ વધુ થશે.

૧૨૭ रसपर्पटी

बनावट— શુદ્ધ પારદ તો. ૨॥ શુદ્ધ ગંધક તો. ૨॥ એ બંનેની કજ્જલી કરી લેવી.

रीत—લોઢાની કડાઈમાં નાખી ધીમે તાપે ઓગળી જાય ત્યારે જમીનપર છાણ પાથરી ઉપર કેળનુંપાન મુકી તે પર ઢાળી દેવું. અને તેનાપર તરતજ બીજું કેળનું પાન ઢાંકી ઉપર છાણ દાબી દેવું. જરાવાર પછી કાઢી લઈ વાટીને બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર, દિવસમાં બે વખત લેવી.

अनुपान—મધ અને પીપર સાથે ચાટી જવું.

उपयोग—સંગ્રહણી, હરસ, અતિસાર, ક્ષય, કમળો, પાંડુ, ગુલ્મ, અરુચિ, જલોદર, ભસ્મકરોગ, સોજા, કુષ્ટરોગ, અમ્લપિત્ત, મંદાગ્નિ વગેરે વ્યાધિઓને મટાડે છે.

पथ्य—રોગાનુસાર હલકો ખોરાક લેવો.

१३८ लोहपर्पटी

बनावट— શુદ્ધ પારદ તો. ૫ શુદ્ધ ગંધક તો. ૧
જાંબુના રસમાં તૈયાર કરેલી લોહભસ્મ તો. ૧

रीत—પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં લોહભસ્મ મેળવવી. બાદ પર્પટીની રીત પ્રમાણે હાથી તૈયાર કરી ભુકી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ રતિભાર, દિવસમાં બે વખત.

अनुपान—કુટજાવલેહ અથવા મધ સાથે લેવી.

उपयोग—પાંડુ, ગાંઠ, મરડો, નબળાઈ, સંગ્રહણી, અર્શ, ક્ષય, ગુલ્મ, જ્વર, મંદાગ્નિ વગેરેમાં વપરાય છે.

पथ्य રોગાનુસાર ખોરાક લેવો

१३९. शीतलपर्पटी

बनावट સુરોખાર તો. ૮ શુદ્ધ ગંધક તો. ૧

रीत- [illegible] સુરોખાર મુકી [illegible]
[illegible]
[illegible] પર્પટી [illegible]

प्रमाण—૧૨ થી ૨૪ રતિભાર. **अनुपान**—ઠંડું પાણી.

समय—દિવસમાં બેથી ત્રણ વખત.

उपयोग—પેશાબનાં દરદો, મૂત્રકૃચ્છ, દાહ થવો, પેશાબ થોડો થોડો આવવો, વગેરે માટે છે મૂત્રલ તરીકે ઠીક છે.

१४० सुवर्णपर्पटी

बनावट—શુદ્ધ પારદ તો. ૪, ગંધક તો. ૪ આ બન્નેને મેળવી ઘુંટી તેમાં સોનાના વરખ કે ભસ્મ તો. ०॥ મેળવી કજ્જલી બનાવી લેવી.

रीत—એક લોઢાની કડાઈમાં પ્રથમ જરા ઘી લગાડી તેમાં ઉપરની કજ્જલી નાખી ધીમે તાપે ગરમ કરવી તે રસ જેવું થાય ત્યારે ગાયના છાણ ઉપર કેળનું પાન સરખું મુકી તેનાં ઉપરે પર્પટી ઢાળી ઉપર બીજું પાન મુકી તે ઉપર છાણ વડે દાંબી દેવું. આ પ્રમાણે કર્યા પછી થોડીવારમાં તે બે પાન વચ્ચે જામેલો ટુકડો લઈ ખરલમાં નાખી તેને ઘુંટી તે ઉપરે ભાંગરાના તથા શતાવરીની જુદી જુદી એકેક ભાવના આપી સુકવી બાટલી ભરી લેવી.

प्रमाण—૧ થી ૨ રતિભાર દિવસમાં બે વખત.

अनुपान—માખણ કે મધ સાથે ચાટી લેવું.

उपयोग—તમામ જાતની સંગ્રહણી, ઝાડા મરડા, ક્ષય, ખાંસી, દમ, નબળાઈ વગેરે માટે તેમજ શરીરને દૃઢ તથા નિરોગી બનાવે. અંત્રક્ષય અને નબળાઈ માટે ઉત્તમ દવા છે.

१४१ क्षारपर्पटी

बनावट—સાફ કરેલો શુદ્ધ સુરાખાર તો. ૧૬ અને ફટકડી તો. ૪ બન્ને સાથે મેળવી એકત્ર વાટી ઝીણું ચૂર્ણ કરી લેવું.

રીત—તૈયાર કરેલા ચૂર્ણને એક લોઢાની સાફ કડાઈમાં નાખી ધીમા તાપથી ગરમ કરવું. જ્યારે એ દવા રસ રૂપ પાણી જેવી થઈ જાય ત્યારે નીચે ઉતારી સાફ અને સુકી કડછીથી તે દવાને કડાઈમાં ફેલાવી દેવી. થોડીવાર બાદ તે દવા સુકાઈ ગયેલી જણાય અને ઠંડી થયેલી કડાઈ દેખાય ત્યારે સાફ કડછીથી કે ચાકુથી ઉખેડી શીશી બાટલીમાં ભરી રાખવી.

સૂચના—આ દવા નીચે ઉતાર્યા પછી તે કડાઈમાં પાણી ન પડવું જોઈએ કેમકે તેથી ભારે અવાજ થઈ કડાઈ ફાટી જવાની ભીતિ રહે છે. માટે દવા ઉતાર્યા પછી પાણીથી સંભાળવું.

प्रमाण—૩ થી ૬ રતિભાર.

समय—જમ્યા પછી દિવસમાં બે વખત.

अनुपान—દવા મોમાં નાખી ઉપર પાણી પીવું જોઈએ.

उपयोग—અમ્લપિત, બરલ, પરિણામશૂલ, શૂળ, અજીર્ણ, રે[illegible] રીનો વરમ, ગુલ્મ, મંદાગ્નિ, તાવ, જ્લોદર વગેરેને મટાડે છે [illegible] તથા અમ્લપિત માટે ખાસ ઉત્તમ છે.

प्रकरण ५मुं — लोह

१२२ आमलक्यादिलोह

बनावट [illegible]

[illegible]

પ્રમાણ—૨ થી ૪ રતિભાર.

અનુપાન—ગાયના ઘી સાથે ચાટવી, ઉપર ગાયનું દૂધ પીવું.

સમય—સવાર, સાંજ બે વખત.

ઉપયોગ—ખાંસીમાં પડતું લોહી, અથવા ઉલટીમાં પડતું લોહી, ઉરક્ષત અને નબળાઇની ખાંસીને મટાડે છે. તથા લોહીના ગળફા કે લોહીની ઉલટીને મટાડે છે, શક્તિ આપે છે.

સૂચના—આવા દરદમાં ખોરાક તદ્દન સાદો અને સાત્વિક લેવો જોઇએ.

૧૪૨ નવાયસલોહ

બનાવટ—ચિત્રકમૂળનીછાલ, હરડેછાલ, બહેડાંછાલ, આંમળાની છાલ, પીપર, નાગરમોથ, શુંઠ, વાવડીંગ, મરી. એ સર્વ દવા એક એક તોલો લઇ તેનું બારીક ચૂર્ણ કરી તેમાં લોહભસ્મ તોલા. ૯ મેળવી ઘુંટી બાટલી ભરી લેવી, અથવા પાણીમાં વાટી ગોળી કરી રાખવી.

પ્રમાણ—૩ થી ૬ રતિભાર, સવાર સાંજ બે વખત.

અનુપાન—મધ અથવા ઘી સાથે ચાટી ઉપર દૂધ પીવું અથવા છાશ પીવી.

ઉપયોગ—પાંડુરોગ, ભગંદર, સોજો, કુષ્ટરોગ, અર્શ, ઉદરરોગ, મંદાગ્નિ, કૃમીરોગ, ત્રિદોષ, નબળાઈ વગેરે મટે છે.

સૂચના—લોહને બદલે જો મંડુર મેળવવામાં આવે તો તેનું નામ નવાયસમંડુર થાય છે. આ બનાવટ બાળકોને કે નબળા દરદીઓને માટે વધુ માફક આવે છે.

१४४ पुनर्नवादिमंडुर

बनावट—સાટોડી, નસોતર, શુંઠ, પીપર, મરી, વાવડીંગ, દેવ-
દાર, ચિત્રક, પુષ્કરમૂળ, હરડે, બહેડાં, આમળાં, હળદર, દારૂહળદર,
ચવક, દંતીમૂળ, કડુ, ઇંદ્રયવ, પીપરીમૂળ, નાગરમોથ, એ સર્વ ઔ[illegible]
એક તોલો લઇ ચૂર્ણ કરી લેવું. તેમાં મંડુરભસ્મ તો. ૪૦ તથા
ગૌમૂત્ર તો. ૧૦૦૦ (એક હજાર) નાંખી ધીમે તાપે પાક કરે
ત્યારે ગૌમૂત્ર બળી જવા આવે ત્યારે ઉતારી ઠારી રાખવું અને ખ[illegible]
લમાં ઘુટી ગોળી અથવા ચૂર્ણ કરી લેવું.

प्रमाण—૧ થી ૧૨ રતિભાર.

अनुपान—દૂધ અથવા મધ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—પાંડુરોગ, સોજા, આફરો, ઉદરરોગ, શ્વાસ, [illegible]
પ્લીહા, કૃમી, ગુલ્મરોગ, નબળાઇ અને લીવર તથા બરોળના [illegible]
મટાડી લોહીના લાલ રજકણ વધારે છે.

१४५ यकृत्प्लीहारीलोह

बनावट—શુદ્ધ પારદ તો. ૧, શુદ્ધ ગંધક તો. ૧, લો[illegible]
તો. ૧, અભ્રકભસ્મ તો. ૧, તામ્રભસ્મ તો. ૨, મનશીલ તો. ૧
[illegible] તો. ૧ નેપાળો શુદ્ધ તો. ૧, [illegible]
[illegible] તો. ૧ [illegible] ઘુટી [illegible] કરી લેવું

विधि [illegible]
[illegible]
[illegible]
[illegible]

प्रमाण—બે ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—પાણી અથવા દૂધ સાથે.

उपयोग—બરલ, કલેજાની ગાંઠ, ઉદરરોગ, જ્વર, પાંડુરોગ, કમળો, સોજા, મંદાગ્નિ, અરૂચી વગેરે મટાડે છે તથા શક્તિ લાવી જુની બરલને મટાડે છે.

૧૪૬ सप्तामृतलोह

बनावट— હરડેછાલ તો. ૫ બહેડાંછાલ તો. ૫
આંમળા તો. ૫ જેઠીમધ તો. ૫
સારી લોહભસ્મ તો. ૫

रीत—પ્રથમની ચાર ચીજોનું અલગ અલગ ચૂર્ણ લઇ તેને બારીક વાટી ખરલમાં ઘુંટી કપડે ચાળી તેમાં લોહભસ્મ મેળવી ઘુંટી બાટલી ભરી રાખવી.

प्रमाण—ચાર વાલ યાને બેઆનીભાર.

समय—સાંજે આઠ વાગે અથવા સવારે આઠ વાગે.

अनुपान—મધ તો. ાા તથા ઘી તો. ા લઈ સાથે મેળવી તેમાં ઉપરની દવાનું બેઆનીભારનુ એક પડીકું મેળવી ચાટી જવું ઉપર રૂચી પ્રમાણે દૂધ પીવું.

सूचना—આ દવા લીધા પછી ૭ કલાક પહેલાં કાંઈપણ ખોરાક ન લેવો ફક્ત દવા ઉપર રૂચી પ્રમાણે દૂધ પીવું.

उपयोग—નેત્રનાં તમામ રોગ, ટુંકી નજર, આંખની ઝાંખપ, વગેરે મટાડી મગજને પુષ્ટિ આપે છે. માથાનું દરદ, ધાતુક્ષીણતા, વીર્યસ્રાવ, નબળાઈ, રક્તદોષ વગેરે મટાડીને રસાયન ગુણ બતાવે છે. માત્ર ૪૦ દિવસ સુધી આ દવા લેવી જોઇએ. સંપૂર્ણ ફાયદા માટે ૭ માસ સુધી દવાનું સેવન કરવું જોઇએ.

પથ્ય—આ દવા ચાલતી હોય તે દરમ્યાન સાત્વિક ખોરાક લેવો. મરચાં, તેલ, ખટાશ, બજારની મીઠાઈ તથા અથાણું, વાસી અન્ન વગેરેનો ત્યાગ કરવો. અજીર્ણ થવા ન દેવું.

प्रकरण ६ठुं — वटी-गोळी-गुटीका

१४७ अर्कवटी

बनावट—

શુદ્ધ અફીણ	તો. ૧	લવંગ	તો. ૨[illegible]
આકડાના ફુલ	તો. ૨॥	સિંધવ	તો. ૧॥
ટંકણખાર	તો. ૧॥	તજ	તો. ૧॥
જેઠીમધ	તો. ૨॥	અજમો	તો. ૧॥

रीत—ઉપરની દવાઓને ખાંડી બારીક કરી ખરલમાં આ[illegible] પુના ક્રમુંત્રા સાથે ઘુટી રતિભારની ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—એક ગોળી ચુસવી. આખા દિવસમાં ૧૦ થી વધારે ન લેવી.

उपयोग—ખાંસી માટે સારો ઉપાય છે. નવી જુની ખાંસીને મટાડે છે, અને કફ છુટો કરી આરામ આપે છે.

१४८ अजमोदादिवटी

बनावट—

અજમો	તો. ૧	[illegible]	[illegible]
[illegible]	તો. ૧	[illegible]	[illegible]
[illegible]	તો. ૧	[illegible]	[illegible]
[illegible]	તો. ૧	[illegible]	[illegible]
[illegible]	[illegible]		

એ સર્વને વાટી બારીક ચૂર્ણ કરી મધમાં મેળવી બાજરાના દાણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—દૂધ કે સુવાના પાણી સાથે.

समय—સવાર સાંજ બે વખત.

उपयोग—બાળકોના ઝાડા, ઉલટી, અનિદ્રા, ખાંસી, શરદી વગેરેને મટાડે છે.

१४९ अतिसारहरवटी

बनावट— મોચરસ તો. ૧ અફીણ તો. ૧
લવંગ તો. ૧ જાયફળ તો. ૧
શુદ્ધ હિંગુલ તો. ૧

એ સર્વ લઇ બારીક કરી પાણીમાં વાટી તેની રતિભારની ગોળી કરી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી પાણી કે મધ સાથે.

समय—દર ચાર ચાર કલાકે.

उपयोग—દરેક પ્રકારના અતિસાર તથા આમાતિસાર માટે રામબાણ ઉપાય છે.

१५० अफीण छोडवानी गोळी

बनावट— શુદ્ધ અફીણ તો. ૨ શુદ્ધ વછનાગ તો. ॥
જાયફળ તો. ॥ જાવંત્રી તો. ॥
પીપર તો. ॥ કેશર તો. ॥
અક્કલકરો તો. ॥ ભાંગ તો. ॥
શુદ્ધ હિંગળો તો. ॥

रीत—બધી ચીજોને બારીક વાટી નાગરવેલનાં પાનના રસમાં મગ જેવડી ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—જેટલા પ્રમાણમાં અફીણ ખાવાની ટેવ હોય તેટલા પ્રમાણથી શરૂ કરી રોજ જરા જરા ઓછું પ્રમાણ કરતા જવું

अनुपान—મધ સાથે અથવા પાણી સાથે.

समय—અફીણ ખાવાની જ્યારે ટેવ હોય ત્યારે લેવી

उपयोग—અફીણનું બંધાણ છોડાવવા માટે આ દવા આપવી આથી બે ત્રણ માસમાં અફીણની ટેવ મટી જઈ કોઈપણ ઉપદ્રવ થવા પામતો નથી.

पथ्य—પૌષ્ટિક તથા દૂધના બનાવેલા પદાર્થો વધારે પ્રમાણમાં ખાવા જોઈએ.

૧૫૧ अभयादिवटी

बनावट—હરડેની છાલનું ચૂર્ણ તો. ૧, શુદ્ધ ટંકણ તો. ૧, મરી તો. ૧, પીપર તો. ૧, શુદ્ધ નેપાળો તો. ૪ એ સર્વને ૧ દિવસ [illegible] [illegible] ભાવના આપી [illegible] [illegible] પ્રમાણે [illegible] [illegible] [illegible] લેવી

प्रमाण—[illegible]

अनुपान—[illegible]

उपयोग—[illegible]

सूचना—[illegible]

१५२ अभ्रकवटी

बनावट— સારી રીતે તૈયાર કરેલી અભ્રકભસ્મ તો. ૧૦

આમળાં	તો. ૧૦	શુંઠ	તો. ૧૦
લીંડીપીપર	તો. ૧૦	મરી	તો. ૧૦
વાવડીંગ	તો. ૧૦		

रीत—બધી દવાઓ બારીક લઈ ખરલમાં નાખી ત્રણ દિવસ સુધી ઘુંટવી. ત્યારબાદ તેને ભાંગરાના રસમાં બરાબર ઘુંટી લઈ એકેક વાલ (૩ રતિભાર) ની ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—પાણી સાથે અથવા રોગાનુસાર.

उपयोग—અનુપાન ભેદથી દરેક વ્યાધિમાં વપરાય. ખાસ કરી દોષોને ઓછા કરે છે અને પૌષ્ટિક છે, તેમજ તાવ, ખાંસી, ઝાડા, નબળાઈ, મંદાગ્નિ, વાયુ, કફ વગેરે માટે ચાલુ વાપરવા લાયક છે.

१५३ अमरसुंदरीगुटीका

बनावट—શુંઠ, મરી, પીપર, હરડે, બહેડાં, આમળાં, પીપરી-મૂળ રેણુંકબીજ, ચિત્રક, લોહભસ્મ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, શુદ્ધ પારદ, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, વાવડીંગ, અક્કલકરો, મોથ. આ દરેક ચીજ સરખે વજને લઈ ચૂર્ણ કરી ખરલમાં ઘુંટી લેવું.

रीत—પ્રથમ પારદ વગેરે રસદ્રવ્યોની ખરલમાં કજ્જલી બનાવી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ મેળવી, આ દવાનું જે વજન થાય તેથી બમણા વજને ગોળ લઈ તેમાં બધી દવાઓ ઘુંટી લઈ ગોળી વાળવા જેવું થતાં ચણા જેવડી ગોળી બનાવી છાંયે સુકવી

प्रमाण—૧ થી ૨ ગોળી પાણી સાથે.

समय—દર ત્રણ ત્રણ કલાકે.

उपयोग—અપસ્માર, સન્નિપાત, દમ, ખાંસી, હરસ, સર્વ જાતના વાયુનાં દરદો, ઉન્માદ વગેરે મટાડી જ્ઞાનતંતુઓને પોતાના સરલકાર્યમાં મદદ કરે છે.

सूचना—ગોળી બનાવવા માટે ગોળ એકાદ વર્ષનો જુનો તથા નરમ લેવો તો ગોળી સારી થશે, અન્યથા થોડું મધ મેળવી આપવાથી ઠીક થશે.

૧૫૪ अमृतप्रभावटी

बनावट—અક્કલકરો, સિંધાલુણ, ચિત્રક, મરી, આમળાં, પીપર, અજમો, દારૂહળદ, એ દરેક એક તોલો તથા શુંઠ તો. ૫ [illegible] આ પ્રમાણે ઔષધિનું ચૂર્ણ લેવું.

रीत—ઉપરના ચૂર્ણને બીજોરા લીંબુના રસમાં એક દિવસ ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—બે ગોળી સવાર બપોર ને સાંજ.

अनुपान—પાણી સાથે આપવી.

उपयोग—મંદાગ્નિ, ખાંસી, [illegible], દમ, [illegible], [illegible] [illegible], [illegible] [illegible] [illegible] પેટની ચૂક વગેરે મટી [illegible] [illegible] [illegible]

૧૫૫ अम्लपित्तांतकवटी

बनावट— [illegible]

रीत— [illegible]

[illegible]

प्रमाण—૧ થી ૨ ગોળી ગરમ પાણી સાથે લેવી.

उपयोग—આ ગોળી લેવાથી અમ્લપિત્ત, છાતીનો દાહ, ખાટા ઘચરકા વગેરે મટે છે.

१५६ अर्शोघ्नीवटी

बनावट—ગુલાબજળમાં પીસેલા કેરબા તો. ૧, હીરાદખણ તો. ૨, રસવંતી તો. ૩, લીંબોડીનો મગજ તો. ૨.

रीत—ઉપરની ચારે ચીજોને ખરલમાં બારીક વાટી લઇ જરૂર જણાય તો જરા પાણી મેળવી ઘુંટી ગોળી બનાવવા જેવું થતાં ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી, રાત્રે સુતી વખતે અથવા સવારે અને રાત્રે બે વખત લેવી.

अनुपान—પાણી સાથે.

उपयोग—દરેક પ્રકારના હરસરોગમાં ખાવા માટે આ દવા આપવાથી સારો ફાયદો થાય છે. પડતું લોહી બંધ કરી દરદ મટાડે છે.

१५७ अहिफेनवटी

बनावट— શુદ્ધ અફીણ તો. ૧ જાયફળ તો. ૧
કપુર તો. । કસ્તુરી તો. ।

रीत—દરેક ચીજને ખરલમાં વાટીને પાનનાં રસમાં મગ જેવડી ગોળી બનાવી છાંયામાં સુકવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—પાનમા નાખીને ખાવી.

उपयोग—બહુમૂત્રનો રોગ, મધુપ્રમેહ અને તેના વિકારો માટે ઠીક જણાય છે

१५८ आकारकरभरादिवटी

बनावट—

અક્કલકરો	તો. ૧૦	કેશર	તો. ૧
લવંગ	તો. ૩	જાયફળ	તો. ૧
રસસિંદુર	તો. ૩	અફીણ	તો. ૧

रीत—બધી ચીજો બારીક વાટેલી લેવી. ફક્ત અફીણનો કસુંબો બનાવી તેને જુદું રાખવું અને ખરલમાં બીજી પાંચ ચીજોનું ચૂર્ણ નાખી તેમાં કસુંબો અફીણનો મેળવી બારીક વાટવું અને તેમાં નાગરવેલના પાનનો રસ નાખી ઘુંટી મટરના દાણા પ્રમાણે ગોળી વાળી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

समय—સવાર, સાંજ અથવા રાત્રે સુવાથી પહેલાં [illegible] આશરાથી લેવી ઉપર દૂધ પીવું.

उपयोग—નપુંસકતા, સ્થંભનની ખામી, ધાતુનું પાતળાપણું [illegible] ખામી, કફ, શરદી, શ્લેષ્મ, ઝાડા થવા, અપચો, [illegible] વગેરે માટે ઉત્તમ પ્રયોગ છે સ્થંભન માટે પણ ઠીક કામ [illegible]

१५९. आमवातारीगुटीका

बनावट

શુદ્ધ [illegible]	તો. ૧	[illegible]	[illegible]
અફીણ	તો. ૧	[illegible]	
[illegible]	તો. ૧		

रीत [illegible]

प्रमाण [illegible]

उपयोग [illegible]

ાં પાચનશક્તિ સુધારી તરત ઝાડા બંધ કરે છે. મરડા અને કોલે-
ામાં ખાસ ઉપયોગી છે. રક્તાતિસાર પણ બંધ કરે છે.

१६० आयुष्यवर्धनीगुटीका

बनावट—

શુંઠ	તો. ૧૨	હરડેછાલ	તો. ૧૨
પીપર	તો. ૮	પીપરીમૂળ	તો. ૮
મરી	તો. ૪	ચવક	તો. ૪
તાલીસપત્ર	તો. ૪	નાગકેશર	તો. ૪
એલચી	તો. ૨	વાળો	તો. ૨
તજ	તો. ૧	તમાલપત્ર	તો. ૧

रीत—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ કરી વાટી તેમાં ખપે
ેટલો (આસરે તો. ૬૦ સુધી) જુનો ગોળ મેળવી તેમાંથી ચણીબોર
પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

उपयोग—હરસ, મંદાગ્નિ, પીનસરોગ, વગેરેમાં વપરાય છે.
છાશ અને દૂધનું સેવન રાખવાથી સારી અસર બતાવે છે.

१६१ उपदंशहरवटी

बनावट—

હીમેજ	તો. ૪	લવંગ	તો. ૧
કાથો	તો. ૧	શુદ્ધ મોરથુથુ	તો. ૧

रीत—ઉપરની દવાઓનું બારીક ચૂર્ણ કરી લોઢાની ખરલમાં
૪૦ લીંબુના રસ વડે ખૂબ ઘુંટી લઇ તેની ૨૦૦ ગોળી થાય તે
પ્રમાણમાં ગોળી બનાવી રાખવી.

प्रमाण—૧ ગોળી ઘી સાથે ચાટી જવી.

समय—સવાર સાંજ બે વખત.

પથ્ય—ચોખા, ઘઉં અને ઘી સિવાય કાંઈપણ ખોરાક આપવો નહિં.

ઉપયોગ—ઉપદંશ, ગરમીનોરોગ, ગરમીથી થયેલો સંધિવા વગેરે ગરમીના રોગોને સાફ કરે છે.

સૂચના—આ દવાની ચૌદ ગોળી ફક્ત સાત દિવસમાં ખાઈને બંધ કરી દેવી પુરો ફાયદો થઇ જશે.

१६२ अंबरविलासगुटीका

બનાવટ—					
અંબર	તો.	૦।।	કસ્તુરી	તો	૦
સોનાનો વરક	,,	૧	ચાંદીનો વરક	,,	૧
શિલાજીત	,,	૨	મોઈ મુમણી	,,	૧
કૌચબીજ	,,	૧	ગોમત	,,	૧
શુદ્ધ વછનાગ	,,	૧	શુદ્ધ કનકબીજ	,,	૧
માચો અગર	,,	૧	લવીંગ	,,	૧
જાવંત્રી	,,	૧	તજ	,,	૧
પીપર	,,	૧	કેશર	,,	૧
સરસ	,,	૧	અક્કલકરો	,,	૧
ઉપલેટ	,,	૧	[illegible]	,,	૧
શુદ્ધ અફીણ	,,	૧	[illegible]	,,	૧
[illegible]	,,	૧	કર્પુર	,,	૧

વિધ [illegible]

[illegible]ાઢી તેની એકેક ભાવના આપી ઘુંટી લઈ ગોળી જેવું થતાં તિભારની ગોળી બનાવી છાંયે સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

समय—સવારે તથા રાત્રે બે વખત.

उपयोग—શરીરનું ઝલાઇ જવું, નબળાઈ, ધાતુક્ષીણતા, મ[illegible]જની કમજોરી, મંદાગ્નિ, વાયુનાં દરદો, શરદી, ખાંસી, બીમા[illegible] પછીની નબળાઇ, ક્ષયની નબળાઈ, નસોનીકમજોરી, નપુંસકના[illegible] વગેરેને મટાડી શરીરમાં કૌવત લાવે છે. અને દરેક પ્રકારની નબળાઇ[illegible] મટાડે છે

१६३ कनकवटी

बनावट—ધતુરાનાં લીલાં પાન તો. ૨, કાળાંમરી તો. ૨.

रीत—ધતુરાનાં પાનને ખરલમાં ઘુંટી તેમાં મરીનું ચૂર્ણ નાખી વાટી મરી પ્રમાણે ગોળી કરી લેવી.

प्रमाण—૨ ગોળી.

समय—સવાર, બપોર સાંજ. अनुपान—પાણી સાથે.

उपयोग—શ્વાસ, ખાંસી, જુનો વિષમજ્વર વગેરે મટે છે.

१६४ कर्पूरसुंदरीगुटीका

बनावट—કપુર, જાયફળ, જાવંત્રી ધતુરાનાંબીજ, સમુદ્રશોષનાં બીજ, અક્કલકરો, શુંઠ, મરી, પીપર, ચોપચીની, શેકેલ કાંકચનાં બીજ, એ દરેક એકેક તોલો તથા શેકેલી ભાંગ તો. ૧૧, અફીણ તો. ૧૧, વચ્છનાગ તો. ૫ાા

रीत—દરેક વસ્તુને ખાંડી [illegible]

ભાંગરાના રસની ભાવના આપી મરી જેવડી ગોળી બનાવી છાંયે સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી.

अनुपान—પાણી સાથે અથવા કડાછાલના ભૂકા સાથે

समय—દિવસમાં બે થી ત્રણ વખત લેવી.

उपयोग—ઝાડો, મરડો, સંગ્રહણી, અર્શ, મંદાગ્નિ, ભયંકર આમાતિસાર, વગેરે માટે ઉત્તમ છે. વળી થોડો વખત ચાલુ રાખવાથી અફીણની ટેવ છુટી જાય છે.

सूचना—આ દવામાં અફીણ મોટા પ્રમાણમાં છે માટે બાળકને સંભાળથી પ્રમાણનો વિચાર કરીને આપવી તથા અતિસાર દર્દ પ્રમાણે પથ્ય રાખવું

१६५ कस्तुर्यादिवटी (१)

बनावट—લવંગ, જાવંત્રી, તજ, [illegible], સૂંઠ, પીપર, [illegible] અકલકરો, અફીણ, કેશર એ સર્વે સમભાગે લઇ તે ચૂર્ણ [illegible] [illegible] કસ્તુરી તોલો ૦॥ એટલે છ માસા લેવી.

रीत—[illegible] [illegible] [illegible] [illegible] કરી [illegible] [illegible] [illegible] કસ્તુરી [illegible] અફીણનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ગોળી [illegible]

प्रमाण [illegible]

समय [illegible]

अनुपान [illegible]

उपयोग [illegible]

ઝાડા, નબળાઈ, ધાતુશ્રાવ, દમ, શ્વાસ અપચો, સુસ્તી, દૂધ ન પચવું, વગેરેમાં વાપરી શકાય છે.

१६६ कस्तुर्यादिवटी (२)

बनावट— કસ્તુરી તો. ૦। ઉત્તમ હીંગ તો. ૦।
શુદ્ધ ઝેરકુચલા તો. ૦। બીમસેનીકપુર તો. ૦।

रीत—દરેકને બરાબર વાટી ગુંદના પાણી સાથે રતિભારની ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

समय—ચાર ચાર કલાકે અથવા જરૂરત પ્રમાણે.

अनुपान—દૂધ અથવા સ્હેજ ગરમ પાણી સાથે.

उपयोग—વાયુરોગ, પાંડુ, સંગ્રહણી, શ્વાસ, ક્ષય, પ્રમેહ, મંદાગ્નિ, શૂળ, શીતાંગ, હીસ્ટીરીઆ, લકવો, પ્રલાપ અને સ્વપ્નદોષ, માટે સારી છે. બળ વધારે છે અને મગજને શાન્ત રાખે છે. આંચકીમાં પણ ઉપયોગી છે.

१६७ कासघ्नीवटी

बनावट— આકડાના ફુલ તો. ૧ યવક્ષાર તો. ૧
સિંધાલુણ તો. ૧ કાળાંમરી તો. ૧
પીપર તો. ૧ લવંગ તો. ૧

रीत—આદુના રસમાં ઉપરની દવાઓનું ચૂર્ણ નાખી ગોળી ચણાપુરની બનાવી સુકાવી રાખવી.

प्रमाण—એક ગોળી મોઢામાં રાખી ચુસવી.

उपयोग—ખાંસી માટે ઉત્તમ છે કફને છુટો કરે છે.

૧૬૮ कुटजादिवटी

बनावट—

કડાછાલ	તો.	૮૦	સુંઠ	તો.	૧
માયાફળ	,,	૧	જાયફળ	,,	૧
લવંગ	,,	૧	મરી	,,	૧
કાકડાશીંગ	,,	૧	પીપર	,,	૧
બહેડાછાલ	,,	૧	જાવંત્રી	,,	૧
વાવડીંગ	,,	૧	નાગકેશર	,,	૧
બીલફળનોમગજ	તો	૧			

रीत—પ્રથમ કડાછાલનો ભૂકો કરી પાણી તોલા ૮૦૦ માં ક્વાથ કરવો ત્યારે ૨૦૦ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી લેવું અને કપડે ગાળી તેને ફરી ચુલે ચડાવી ઘાટું થાય ત્યારે તે ઉપરની ઔષધિનું બારીક ચૂર્ણ કરી મેળવી સુકી ગોળી [illegible] ચણા પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૪ ગોળી, તાજી છાશ સાથે લેવી

समय—સવાર, બપોર અને સાંજ.

उपयोग—[illegible] મરડો, [illegible] અને [illegible] પણ [illegible] થાય છે

૧૬૯. कुमकुमवटी

बनावट [illegible]

प्रमाण [illegible]

अनुपान—[illegible]

उपयोग [illegible]

१७० केशरीवटी

बनावट—કેશર, જાયફળ, એલચી, શુંઠ, લવંગ, અફીણ તથા શુદ્ધ હિંગળો એ સર્વે સમભાગે લેવાં.

रीत—અફીણનાં ડોડવાનો કવાથ કરી ઉપરની દવાનું ચૂર્ણ ખરલમાં નાખી તે કવાથમાં ઘુંટી એકેક રતિભારની ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી ચોખાનાં ધોણ સાથે.

समय—સવાર, બપોર ને સાંજ.

उपयोग—અતિસાર, મરડો, પેટનીચૂક, જમ્યાપછી પેટમાં ગડબડાટ થઈ ઝાડા લાગવો વગેરે માટે ઠીક છે. ઝાડા બંધ કરી દુખાવો મટાડે છે.

१७१ केशरादिवटी

बनावट—શુદ્ધ રસકપુર, કેશર, સાકર, ઘસેલી સુખડનું ચૂર્ણ, લવંગ, જાવંત્રી, એ સર્વે સમભાગે લઈ એક સારી ખરલમાં નાખી પાણી સાથે ઘુંટવું બાદ મગનાદાણા જેવડી ગોળીઓ બનાવી સુકવી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

अनुपान—ઘીમાં ગોળીને લપેટી ઉતારી જવી (ગળી જવી) ચાવવી નહિં.

उपयोग—લોહીબિગાડ, ઉપદંશ, ચાંદી, વિસ્ફોટક, ગરમીનો રોગ, ગરમીનો ભરિત્ર, ચુમઠાં, ભગંદરોગ, ગંભીરવાયુ, કુષ્ટરોગ, ગલગંડ, લોહી તથા ત્વચાનાં તમામ જુના અને હઠીલાં દરદો, કુષ્ટ, નાડીવ્રણ વ. દરદો માટે આ દવા ખાસ જ પ્રસિદ્ધ છે.

सूचना—આ દવા સાથે ગંધકરસાયન તેમજ મહામંજીષ્ઠાદિ ક્વાથ અથવા તો કોઇપણ રક્તશોધક ગુગળ અને ત્રિફળા સાથે ગંધક મેળવી વાપરવાથી તરતમાં સારો ફાયદો આપે છે અને મોઢું આવ્યા સિવાય જીર્ણરોગને દૂર કરે છે, પરંતુ ધ્યાનમાં રાખવું કે તેમાં રસકપુર જેવી ઝેરી વસ્તુ આવે છે માટે પથ્ય બરાબર રાખી વૈદની સલાહ પ્રમાણે દવા ચાલુ રાખવી.

पथ्य—મીઠા વગરના ભાત, રોટલી, મગનીદાળ, ઘી, દૂધ, સાકર, માખણ વગેરે લેવાં, બીજો તમામ ખોરાક બંધ કરવો,

१७२ कोलेरानी गोळी

बनावट—શેકેલાધાણા, તો. ४, જાવંત્રી તો. ૩, જીરૂં તો ૩, અતિવિષ, ઇદ્રયવ, અજમો, કાંકચનીમીંજ, લવંગ, એ દરેક બબ્બે તોલા. વજ, હિંગ, કપુર, લસણ, સિંધાલુણ, જાયફળ, એરંડાનું મૂળ એ દરેક એકેક તોલો. બીડલવણ, સુંઠ, કાળાંમરી, બીલીફળનો ગરભ, પીપર, પીપરીમૂળ, રાળ, એલચી, હરડે એ દરેક અર્ધ અર્ધ તોલો, તથા લીંબુનો રસ જોઇએ તેટલો

रीत—પ્રથમ સર્વ દવાઓને ખાંડી કપડે ચાળી ખરલમાં નાખી લીંબુના રસમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી દર ०१ કલાકે.

अनुपान—કુંગળીનો રસ અથવા સ્વચ્છ પાણી.

उपयोग—કોલેરા માટે આ દવા અકસીર જણાઈ છે. એ સિવાય પેટના દર્દોમાં પણ ઉપયોગી છે.

૧૭૩ खदीरादिवटी

बनावट—શુદ્ધ સારો કાથો તો. ૨૦૦ લઇ તેને પાણી તો. ૪૦૦માં નાખી ક્વાથ કરી લેવો પછી તેમાં નીચેની વસ્તુઓનું બારીક ચૂર્ણ નાખી ઘુંટી સુકવીને ગોળી બનાવી લેવી.

ચીજોનાં નામઃ—ચંદન, પદમક, વાળો, મજીઠ, ધાવડીનાં ફુલ, મોથ, કમળકાકડી, જેઠીમધ, તજ, તમાલપત્ર, નાગકેશર, લાખ, રસવંતી, જટામાસી, લોદર, હરડે, બહેડાં, આમળાં, હળદર, દારૂહળદર, ધદૂંલા, એલચી, કાયફળ, વજ, જવાસો, અગર, પતંગ, ગેરૂ અને સુરમો એ દરેક અકેક તોલો તથા જાવંત્રી, જાયફળ, લવંગ, કંકોળ એ ચાર ચાર તોલા લેવા જોઇએ.

उपयोग—મોંમાં રાખી ચુસવી જોઇએ તેથી ગળાનાં, હોઠનાં, મોઢાંનાં તમામ દરદો મટી મુખપાક વગેરેમાં આરામ થાય છે, તથા દંતરોગ મટી દાંત મજબુત બને છે. મોં અને દાંતનાં તમામ દરદોમાં ઉત્તમ હોવાની સાથે ખાંસી તથા સ્વરભંગમાં પણ ઠીક છે.

૧૭૪ खांसीनी गोळीओ

बनावट—પીપર, પીપરીમૂળ, શુંઠ, મરી, લવંગ, તજ, જાયફળ, જાવંત્રી, એલચી, અક્કલકરો, જેઠીમધનોશીરો, કાથો, બહેડાંની છાલ, દાડમની છાલ, યવક્ષાર, ટંકણખાર વગેરે સમભાગે લેવાં.

रीत—આ વસ્તુઓનું બારીક કપડછાણ ચૂર્ણ લઈ તેને મધમાં મેળવી ખરલમાં ઘુંટી આસરે ચણા જેવડી ગોળીઓ બનાવી સુકવીને બાટલીમાં ભરી રાખવી.

उपयोग—મોઢામાં અકેક ગોળી રાખી ચુસવાથી ખાસી આવતી નથી, કફ છુટે છે, સ્વર સુધરે છે, ગળાનો વરમ મટાડી નવી જુની

ખાંસીને ફાયદો આપે છે.

પ્રમાણ—આસરે દશ–બાર ગોળી દિવસમાં લેવાય અને જરૂરત પ્રમાણે એક કે બે ગોળી મોંમાં રાખી ચુસાય.

१७५ गुडच्यादिवटी

બનાવટ—ગળોનું એકસ્ટ્રેટ (ઘન) તો. ૪૦ મંડુરભસ્મ તો ૫
શુદ્ધ ઝેરકુચલા તો. ૫ ક્વીનાઇન તો ૫

રીત—ગળોનુંઘન લીધું હોય (નરમ જેવું હોય) તેમાં બીજી ત્રણ ચીજ મેળવી ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

પ્રમાણ—૧ થી ૩ ગોળી.

સમય—સવાર, સાંજ બે વખત દૂધ સાથે.

ઉપયોગ—નબળાઇ, ફીકાસ, બરલ, લીવર, મંદાગ્નિ હોજરીનો વાયુ તથા પાંડુ અને સોજા વગેરે માટે ઉત્તમ છે. શક્તિ વધારે છે

१७६ गुडादिवटीका

બનાવટ— શુંઠ તો. ૫ હરડેછાલ તો ૫
પીપર તો. ૫ દાડમબીજ તો ૫

સમભાગે લઇ તેને વાટી તેમા ૨૦ તોલા ગોળ નાખી ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—બા તોલો દિવસમા બે વખત પાણી સાથે.

ઉપયોગ—મંદાગ્નિ, અરૂચી, વાયુ, અર્શ, ગુલ્મ, શ્વા વગેરે મટાડી ભૂખ લગાડે છે



૧૭૭ गंधकवटी

बनावट—લસણ, જીરૂં, શુદ્ધગંધક, સિંધાલુણ, શુંઠ, મરી, પીપર, શેકેલીહીંગ, સમભાગે લઈ ચૂર્ણ કરી લીંબુના રસમાં મર્દન કરી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં ત્રણ વખત.

अनुपान—પાણી સાથે.

उपयोग—વાયુ, અજીર્ણ, ઉલટી, મોળ, અરૂચી, શૂળ, ઝાડા, કોલેરા વગેરેમાં ઉત્તમ ઉપાય છે. કોલેરા માટે વખણાય છે.

सूचना—કોલેરામાં ફુંગળીના રસ સાથે એક કે બબ્બે કલાકે બબ્બે ગોળી આપવી ચાલુ રાખવાથી વાયુ શાંત થઇ ઝાડા બંધ થાય છે અને પેટ ચડતું નથી તેમજ ગરમી ટકી રહે છે.

૧૭૮ चित्रकादिवटी (१)

बनावट—

ચિત્રકમૂળ	તો. ૨૦	ચવક	તો. ૨૦
અજમો	,, ૨૦	સંચળ	,, ૨૦
શુંઠ	,, ૨૦	વડાગરૂં મીઠું	,, ૨૦
મરી	,, ૨૦	સમુદ્રલવણ	,, ૨૦
પીપરજીણી	,, ૨૦	બીડલવણ	,, ૨૦
સિંધાલુણ	,, ૨૦	ઉત્તમયવક્ષાર	,, ૨૦
પીપરામૂળ	,, ૨૦	નવસાર	,, ૨૦
સારી અને શુદ્ધ કરેલી હીંગ			,, ૧૦
શુદ્ધ સાજીખાર (સોડા બાઈકાર્બ)			,, ૨૦
જીરૂં	તો. ૨૦		

બધી ચીજો લઈ સાથે મેળવી ખાંડી બારીક ભૂકો કરી લેવો. પછી તેમાં ક્ષાર મેળવી દેવા.

रीत—तैयार थयेला भूकाने लींबुना रसमां घुंटी मर्दन करी तेनी चणा जेवडी गोळी बनावी सुकावी बाटली भरी राखवी.

प्रमाण—२ थी ४ गोळी.

अनुपान—पाणी के छाश साथे.

उपयोग—मंदाग्नि, वायु, अरुची, पेटनो दुखावो, नबळाइ अजीर्ण, कबजीआत, काचा दस्त थवा, वगेरेने मटाडी भूख लगाडे छे तथा खोराक पचावे छे.

१७९ चित्रकादिवटी (२)

बनावट—

चित्रक	तो.	५	पीपरीमूळ	तो.	
साजीखार	,,	५	यवक्षार	,,	
पांचलवण	,,	२०	शुंठ	,,	
मरी	,,	५	हींग	,,	
पीपर	,,	५	चवक	,,	
अजमोद	,,	५			

ए सर्व दवाओ लई तेने बारीक वाटी चूर्ण करी दाडमना रसमां घुंटी चणा जेवडी गोळी बनावी सुकवी राखवी.

प्रमाण—२ थी ४ गोळी. **अनुपान**—पाणी साथे.

समय—सवार. बपोर अने सांज अथवा जम्या पछी

उपयोग—मंदाग्नि मटाडी आमने पचावे छे तथा अरुचि मटाडी भूख लगाडे छे, अने भोजन पचावी रूची वधारे छे.

१८० चंद्रोदयनी गोळीओ

बनावट—

घुटेलो चंद्रोदय	तो.	१	काळांमरी	तो.	१
लवंग	तो.	१	जायफळ	तो.	१

જાવંત્રી તો. ૧ ભીમસેનીકપુર તો. ૧
અક્કલકરો તો. ૧ કસ્તુરી તો. ०।

રીત—દરેક વસ્તુઓનું બારીક કપડછાણ ચૂર્ણ લેવું અને ખરલમાં પ્રથમ ઘુંટેલો ચંદ્રોદય નાખી તેમાં ઉપરનું ચૂર્ણ થોડું થોડું મેળવતા જવું. જ્યારે તે બરાબર ઘુંટાઈ જાય ત્યારે તેમાં નાગરવેલનાં પાનનો રસ જોઈતા પ્રમાણમાં નાખી ત્રણ કલાક ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળી બાટલીમાં ભરી લેવી.

પ્રમાણ—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત સવાર, સાંજ.

અનુપાન—દૂધ સાથે અથવા પાનમાં ખાઇ ઉપર દૂધ પીવું.

ઉપયોગ—ધાતુની નબળાઈ, વીર્યસ્રાવ, નસોનું શિથીલપણું, મંદાગ્નિ, વાયુ, શરદી, ક્ષય, દમ, પ્રમેહ, મગજનીનબળાઈ, વગેરે મટાડી વીર્યનો વધારો કરે છે તથા વાજીકરણ શક્તિ વધારે છે.

પથ્ય—સારો અને પૌષ્ટિક ખોરાક લેવો, બજારની મીઠાઈ, વાયડા કે ખાટા અને ગરમ પદાર્થોનો ઉપયોગ ન કરવો. તેમજ બ્રહ્મચર્ય પાળવું.

૧૮૧ चंद्रप्रभावटी नं. १

બનાવટ—કચુરો, વજ, મોથ, કરીઆતુ, ગળો, દેવદાર, હળદર, અતિવિષ, દારૂહળદર, પીપરીમૂળ, ચિત્રક, ધાણા, હરડેદળ, બહેડાં, આમળાં, ચવક, વાવડીંગ, ગજપીપર, શુંઠ, મરી, પીપર, જવખાર, સાજીખાર, સિંધાલુણ, સંચળ, બીડલવણ, સુવર્ણમાક્ષિકભસ્મ એ દરેક તોલો ०।. નસોતર, દંતીમૂળ, તજ, તમાલપત્ર, એલચી, વાંસકપુર, દરેક તોલા બબ્બે. લોહભસ્મ તો. ૪, સાકર તો. ૮, શીલાજીત તો. ૧૬, ગુગળ તો. ૧૬ એ સર્વેનુ ચૂર્ણ કરી લેવું. પ્રથમ ગુગળનો પાણીમા કવાથ બનાવી તેમાં શિલાજીત મેળવી પછી બીજું ચૂર્ણ

મેળવી દેવું બરાબર ઘટ થાય ત્યારે ગોળી વાળવા જેવું થતાં તેને જરા ઘીવાળો હાથ આપી ચણા જેવડી ગોળી વાળી છાંયે સુકવી લઈ બાટલી ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

अनुपान—પાણી, દૂધ અથવા રોગાનુસાર.

उपयोग—સ્ત્રીઓનાં ઋતુદોષ, પુરુષોના ધાતુદોષ, વીર્યવિકાર પ્રદર, પ્રમેહ, ઉનવા, ભગંદર, વીર્યસ્રાવ, મૂત્રકૃચ્છ, મૂત્રાઘાત, પથુ પથરી, અંડવૃદ્ધિ, કમળો, દાહ, નેત્રરોગ, પિત્તદોષ, વગેરે મટાડી શરીરને પુષ્ટ બનાવે છે. લાંબો વખત સેવન કરવાથી રસાયનીક ગુણ બનાવે છે.

૧૮૨ चंद्रप्रभावटी नं. २

रीत—ઉપર ચંદ્રપ્રભા નં. ૧ ની જે બનાવટ બતાવી તેમાંથી ફક્ત શિલાજીત ન લેવી, બાકીની બધી ચીજો ઉપર બતાવ્યા પ્રમાણે લઈ ગોળી કરવી તેનું નામ વૈદ્યોમાં ચંદ્રપ્રભા નં. ૨ જો છે.

उपयोग—લગભગ નં. ૧ને મળતો છે. આમાં ફક્ત શિલાજીતની ખામી છે તો જે દરદીને એની જરૂર ન હોય તેને આપવી વધારે ઠીક છે.

૧૮૩ चंद्रप्रभावटी नं. ३

रीत—ઉપર નં. ૧ની ચંદ્રપ્રભામાં લોહભસ્મ તથા શિલાજીત નાંખ્યા વગર જો એમજ ગોળી તૈયાર કરી લેવાય તો તેને ચંદ્રપ્રભાવટી નં. ૩ જો કહેવાનો વૈદ્યોમાં રિવાજ છે.

उपयोग આ દવા શીતલ તથા મૃદુ છે અને જ્યાં [illegible] [illegible], [illegible], નહીં જરૂર હોય ત્યાં વાપરવી જોઈએ.

૧૮૪ छर्दिरिपु

बनावट— કપુરકાચડી તો. ૧૦, જોઇએ તેટલું પાણી.

रीत—પ્રથમ કપુરકાચડીનું બારીક ચૂર્ણ લઈ તેને ખરલમાં નાખી પાણી સાથે બરાબર ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—મોટા માણસને ૨ થી ૪ ગોળી, બાળકને ૧ થી ૨ ગોળી.

अनुपान—સ્વચ્છ પાણી તોલા બે લઇ દવા મેળવી તૈયાર કરી લેવી.

समय—જરૂર જણાય ત્યારે અથવા બબ્બે કલાકે.

उपयोग—ગમે તે કારણથી આવતી ઉલટી, ખાલી ઉબકા, વાયુની મોળ, બાળકને આવતી વાયુની ઉલટી વગેરેમાં વપરાય.

૧૮૫ जयवटी

बनावट—શુદ્ધ મનશીલ તો. ૧, શુદ્ધ હરતાલ તો. ૧, શુદ્ધ ગંધક તો. ૧, શુદ્ધ પારદ તો. ૧ા, લઈ મર્દન કરી તેમાં તામ્રભસ્મ તો. ॥ા નાખી ઘુંટી આકડાના દૂધમાં તથા ભોરીંગણીના રસમાં, અઘેડાના રસમાં, ત્રિફળાના કવાથમાં, ચિત્રકના અને ચવકના ઉકાળામાં જુદી જુદી એકેક ભાવના આપી મર્દન કરી એક ગોળો કરી લેવો. તે ગોળાને સુકવી તેનાપર આકડાનાં પાન વીંટીને ઉપર દશ કપડ-માટી કરી તેને સુકવી કુકુટ પુટમાં પકાવી લેવું. ઠંડું થયા બાદ ઉપરની કપડમાટી તથા પાન વગેરે દૂર કરી બહુજ સંભાળથી તેમાંનો ગોળો કાઢી લઈ ખરલમાં ઘુંટી તેનું વજન સાત તોલા થાય તો તેમાં શુદ્ધ વછનાગ, કુલાવેલો ટંકણખાર, પીપર, કાળામરી, એ દરેક

દવાઓ ચૌદ ચૌદ આનીભાર તથા શુદ્ધ નેપાળો તો. ૩॥ નાખી સર્વને ઘુંટી તેને લીંબુનારસની તથા આદુનારસની એકેક ભાવના આપી ઘુંટી મગ પ્રમાણે ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ ગોળી, વધુ જરૂર જણાય તો ૨ ગોળી સવાર સાંજ લેવી.

अनुपान—પતાસામાં મૂકી ચાવી જવી અથવા મધ સાથે લેવી.

उपयोग—કફજ્વર, વાતજ્વર, શ્વાસ, ખાંસી, મંદાગ્નિ, હર્ષ પાંડુરોગ, ભગંદર, વગેરેમાં ઠીક છે. ખાસ કરી આ ગોળીથી દસ્ત બે ત્રણ આવી પેટ સાફ થઈ જ્વર ઉતરી જાય છે. અનુપાન ભેદથી તમામ દરદમા વપરાય છે.

૧૮૬ ज्वरघ्नीवटी (१)

बनावट— ક્વીનાઈન તો. ૨ પીપરમેન્ટફુલ વાલ ૪
કપુર વાલ ૬ રસવંતી તો ૨
શુદ્ધ હિંગળો તો. ૦।

रीत—રસવંતી સિવાયની બધી દવાઓને ખરલમાં ઘુંટી લે રસવંતી નાખી ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખે.

प्रमाण—૨ ગોળી દિવસમાં ત્રણ વખત.

उपयोग—જુનો તાવ, પેટનાં દરદો સાથેનો તાવ, મેલેરિયા તાવ અને નવો અથવા કોઈપણ જાતના ચાલુ તાવ માટે આ દવા અપાય છે

सूचना—આ દવામા મુખ્ય ક્વીનાઈન હોવાથી જ્યાં ખાસ વાપરવાની જરૂર જણાય ત્યાંજ વાપરવી.

૧૮૭ ज्वरघ्नीवटी (२)

बनावट— પીપર તો. ૨ ભ્રૂઈ તો. ૨॥
કાંકચની મીંજ તો. ૪ બાવળનાંપાન તો. ૨॥

रीत—દરેકને બારીક વાટી ખરલમાં નાખી તેને પાણી સાથે ઘુંટી વટાણા પ્રમાણે ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી, દર ત્રણ ત્રણ કલાકે.

अनुपान—ગરમ પાણી સાથે લેવાય.

उपयोग—દરેક પ્રકારના તાવ માટે વપરાય છે તેથી તાવ ઉતરે છે તથા ટાઢીઓ તાવ અટકે છે.

૧૮૮ ज्वरांतकवटी

बनावट—ગળોસત્વ તો. ૧ વંસલોચન તો. ૦॥
એલચીબીજ તો. ૦॥ જહેરમોહરાખતાઇ તો. ૦॥
ક્વીનાઈન તો. ૦॥ એન્ટીફેબરીન તો. ૦॥

रीत—દરેક ચીજ બરાબર વાટેલી લાવી સાથે મેળવી ઘુંટી ગુંદના પાણી સાથે ચણાપુરની ગોળી બનાવી રાખવી.

समय—સવાર, બપોર અને સાંજ.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—નીચે જણાવેલ શરબત સાથે ગોળી લેવી.

શરબત બનાવવાની રીત.

ગુલેબનફસા તો. ૦॥, ગાવઝબાન તો. ૧, આલુબુખારા નંગ ૧૫, નીલોફર તો. ૦॥, ખતમીનાંબીજ તો. ૧, ઉનાબદાણા નંગ ૧૫, ગુલાબફુલ તો. ૦॥, અનીસુન તો. ૧, જેઠીમધ તો. ૧ મેંદીફુલ

તો. ૦ાા, અકતીનરૂમી તો. ૧ તુખ્મખ્યારીંગ તો. ૨, તુખ્મ બાવર તો. ૨ લાવી તેને જરા કુટી તેમાં ૧૨૦ તોલા પાણી નાખી ક્વાથ કરવો, જ્યારે ૪૦ તોલા બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં ગુલાબ જળ તો. ૧૦ નાખી ચુલે ચડાવવો. તથા તેમાં સાકર તો. ૬૦ નાખી શરબત બનાવી લેવું. તૈયાર થયેલ શરબત તો. ૨ માં પાણી તો. ૨ નાખી ગોળી સાથે લેવાથી તાવ ઉતરી જાય છે, તરસ મટે છે પસીનો આવી ગરમી ઘટી જાય છે.

१८९ जातिफलादिवटी (१)

बनावट—	જાયફળ	તો. ૧	લવંગ	તો. ૧
	પીપર	તો. ૧	સિંધાલુણ	તો. ૧
	શુંઠ	તો. ૧	શુદ્ધ કનકબીજ	તો. ૧
	શુદ્ધ હિંગુલ	તો. ૧	ટંકણખાર	તો. ૧

रीत—બધી ચીજોને વાટી લીંબુના રસમાં મર્દન કરી ચણા પ્રમાણે ગોળી વાળી સુકવીને રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી. **अनुपान**—પાણી સાથે

समय—દર ત્રણ ત્રણ કલાકે.

उपयोग—આમાતિસાર, સંગ્રહણી, મંદાગ્નિ અને અજીર્ણ મટી પાચનશક્તિ સારી થાય છે.

१९० जातिफलादिवटी (२)

बनावट—જાયફળ, અફીણ, ખારેકનો ભૂકો એ દરેક એક તોલો લઈ વાટી પાણી સાથે ઘુટી ચણોઠીઆની ગોળી બનાવી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—પાણી કે છાશ સાથે.

समय—દર ચાર ચાર કલાકે દિવસમાં ત્રણ વખત.

उपयोग—અતિસાર, સંગ્રહણી, આમાતિસાર કે પ્રવાહીકા માટે.

सूचना—આ દવામાં અફીણ મુખ્યભાગે આવે છે માટે ધ્યાન રાખીને વાપરવી. બાળકને આ દવા બનતાં સુધી આપવીજ નહિં.

૧૯૧ जुना तावनी गोळी

बनावट—	અતિવિષ	તો. ૪	કડુ	તો. ૨
	ક્વીનાઈન	તો. ૧	એન્ટીફિબ્રીન	તો. ૧
	સીન્કોના	તો. ૨		

रीत—દરેક વસ્તુનું ચૂર્ણ લઈ મધ સાથે ખરલમાં ઘુંટી વટાણા જેવડી ગોળીઓ બનાવી લેવી અને તેને બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી એક વખત માટે, દિવસમાં ૮ થી વધુ ન લેવી.

समय—સવાર, બપોર, સાંજ અથવા જરૂરત પ્રમાણે.

अनुपान—પાણી અથવા ચહા સાથે.

उपयोग—જુના અને લાંબી મુદતના હઠીલા તાવ માટે તેમજ તાવ, માથાનો દુખાવો, મલેરીઆજ્વર વગેરે માટે ઠીક ઉપયોગી છે.

૧૯૨ दाडिमीवटी

बनावट—	કડાછાલ	તો. ॥	ખુરાસાની અજમો	તો. ॥
	કેશર	,, ॥	ઉપલેટ	,, ॥
	ગાંજો	,, ॥	ગુગળ	,, ॥
	બીલીનો ગરભ	,, ॥	લોદર	,, ॥
	ધાવડીનાં ફુલ	,, ॥	આંબાની ગોટલી	,, ॥
	અફીણ	,, ॥	કાચા દાડીમ	નંગ ૨

रीत—ઉપરની તમામ દવાઓનું ચૂર્ણ તૈયાર કરી રાખવું અને માત્ર બે દાડીમ જુદાં લઈ તેમાં ડગળી આપી વચ્ચે ખાડો કરી તેમાં ઉપરનું ચૂર્ણ તથા તેનાં બીયાંને ભરી ડગળી બંધ કરી તેના ઉપર લીલું કપડું વીંટી ઉપર માટી લગાડી થોડાક છાણાંના અગ્નિમાં પકાવવું. જ્યારે ઉપરની માટી બરાબર લાલ થાય ત્યારે કાઢી લઈ ઠંડું થવા દેવું. પછી તે બે દાડમ ઉપરથી કપડું માટી દૂર કરી આખા બે દાડીમને ખરલમાં વાટી મધ નાખી વટાણા જેવડી ગોળી બનાવી લેવી.

प्रमाण—૨ ગોળી દિવસમાં બે થી ત્રણ વખત લેવી.

अनुपान—પાણી સાથે.

उपयोग—ઝાડો, મરડો, રક્તાતિસાર, પ્રવાહીકા વગેરે ગમે તેવા જોરદાર હોય તો પણ મટે છે.

१९३ दुग्धवटी

बनावट— વછનાગ તો. ૦॥। અફીણ તો. ०॥
લોહભસ્મ તો. ०। અભ્રકભસ્મ તો. ०।

रीत—ઉપરની દવાઓને ખરલમાં ઘુંટી દૂધમાં વાટી ઠેઠ રતિભારની અથવા એકેક ગ્રેનની ગોળી બનાવી સુકવીને બાટલીમાં ભરી લેવી.

प्रमाण—૨ થી ૪ ગોળી. (૧ થીર રતિભાર.)

अनुपान—દૂધ સાથે, સવાર સાંજ બે વખત.

उपयोग—સોજા, સંગ્રહણી, મંદાગ્નિ, વિષમજ્વર, પાંડુરોગ, ઝાડા, વગેરે મટે છે.

पथ्य—આ ગોળી ખાનારે જ્યાંસુધી દવા ચાલુ હોય ત્યાંસુધી માત્ર દૂધ ઉપરજ રહેવું પાણી અથવા બીજા કોઈપણ પદાર્થનો ઉપયોગ ન કરવો જેથી તરત સારો ફાયદો થઈ શકે.

રીત—એક નાની ખરલમાં ત્રણેને વાટીને જરા પાણીની સાથે ઘુંટી મરી જેવડી ગોળી બનાવી લેવી. આસરે ૦ાા થી ૧ ગ્રેનની ગોળી બનાવવી જોઇએ.

प्रमाण—૧ થી ૨ ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—મધ સાથે ચાટવી અથવા પાણી સાથે લેવી.

उपयोग—મરડો, આમાતિસાર, પ્રવાહીકા, સંગ્રહણી, ઝાડો, ખાસ કરી જુના મરડામાં વખણાય છે.

सूचना—આ દવા નાનાં બાળક માટે વાપરવી હોય તો બહુજ સંભાળથી ઓછી માત્રામાં વિચારીને આપવી. કારણ કે તેમાં અફીણ ખાસ આવે છે. વળી યોગ્ય પથ્ય રાખી દવા લેવી.

पथ्य—મરડાના રોગી માટે છાશ, ભાત અને દાડમનો રસ અથવા બીલીનો મુરબ્બો આપવાથી આ દવા જલદી ફાયદો આપે છે.

१९९ पिप्लीक्षारवटी

बनावट—	પીપર	તો. ૧	મરી	તો. ૧
	દાડમબીજ	તો. ૨	યવક્ષાર	તો. ૦ાા
	ગોળ	તો. ૮		

સુકી દવાઓ વાટી ચૂર્ણ કરી ગોળમાં મેળવી ગોળી બનાવી રાખવી.

प्रमाण—એકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

उपयोग—ખાંસી, ગળાનો રોગ, સ્વરભંગ વગેરેમાં આ ગોળી મોંમાં રાખી ચુસવાથી સારો ફાયદો થાય છે.

१९६ प्रमेहांतकगोळीओ

बनावट—વાંસકપુર, શિલાજીત, રૂમીમસ્તકી, ઈશબ, ચણકબાબ, એલચી, હળદર એ સર્વે સમભાગે લઈ વાટી બનાવી સુખડના તેલમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી દિવસમાં ત્રણ વખત.

उपयोग—તણખીયો પ્રમેહ, ઉનવા, પેશાબમાં બળતરા થઈ રસી આવવી વગેરે તમામ દરદોને તરતમાં આરામ આપે છે. ચોવીશ કલાકમાં ૭ ડોઝ લેવાથી તત્કાળ શાન્તી થાય છે. સુજાક (પરમીઓ) માટે સારી દવા છે.

१९७ प्रवाहीकावटी (१)

बनावट—બીલીફળનો ગરભ, મોચરસ, નાગરમોથ, ધાવડીનાં ફુલ, શુદ્ધ, જાયફળ, અફીણ એ સર્વે એકેક તોલો લેવાં.

रीत—બધી દવાઓ ખાંડી ભૂકો કરી અફીણનો કાઢો બનાવી તેમાં ઉપરની દવાઓનું ચૂર્ણ નાંખી ઘુંટી લઈ રતિભાર ગોળી કરવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

समय—સવાર, બપોર ને સાંજ.

उपयोग—ઝાડો, મરડો અને આમાતિસાર મટે છે.

१९८ प्रवाहीकावटी (२)

बनावट—અફીણ ૪ ભાગ, હિંગળો શુદ્ધ ૨ ભાગ, ટંકણખાર ફુલાવેલ ૧ ભાગ

રીત—એક નાની ખરલમાં ત્રણેને વાટીને જરા પાણીની સાથે ઘુંટી મરી જેવડી ગોળી બનાવી લેવી. આસરે ૦॥ થી ૧ ગ્રેનની ગોળી બનાવવી જોઇએ.

प्रमाण—૧ થી ૨ ગોળી સવાર સાંજ બે વખત.

अनुपान—મધ સાથે ચાટવી અથવા પાણી સાથે લેવી.

उपयोग—મરડો, આમાતિસાર, પ્રવાહીકા, સંગ્રહણી, ઝાડો, ખાસ કરી જુના મરડામાં વખણાય છે.

सूचना—આ દવા નાનાં બાળક માટે વાપરવી હોય તો બહુજ સંભાળથી ઓછી માત્રામાં વિચારીને આપવી. કારણ કે તેમાં અફીણ ખાસ આવે છે. વળી યોગ્ય પથ્ય રાખી દવા લેવી.

पथ्य—મરડાના રોગી માટે છાશ, ભાત અને દાડમનો રસ અથવા બીલીનો મુરબ્બો આપવાથી આ દવા જલદી ફાયદો આપે છે.

૧૬૬ पिप्लीक्षारवटी

बनावट—	પીપર	તો. ૧	મરી	તો. ૧
	દાડમબીજ	તો. ૨	યવક્ષાર	તો. ૦॥
	ગોળ	તો. ૮		

સુકી દવાઓ વાટી ચૂર્ણ કરી ગોળમાં મેળવી ગોળી બનાવી રાખવી.

प्रमाण—એકેક ગોળી મોંમાં રાખી ચુસવી.

उपयोग—ખાંસી, ગળાનો રોગ, સ્વરભંગ વગેરેમાં આ ગોળી મોંમા રાખી ચુસવાથી સારો ફાયદો થાય છે.

२०० बालरक्षकगुटीका

बनावट—જાયફળ, જાવંત્રી, તજ, લવંગ, એલચી, અજમોદ, સફેદમરી, વાપુંભા, વાવડીંગ, સુવા, સંચળ, હરડે, કરીયાતું, કાંચ, અતિવિષ, દાડમછાલ, પીપરીમૂળ, વંસલોચન, એળીઓ, હીરાબોળ, ખસખસ, લોબાન, કેશર એ સર્વે સમભાગે લેવાં.

रीत—દરેક વસ્તુનું સમભાગે ચૂર્ણ કરી કપડછાણ બનાવી મધ સાથે ઘુંટી મગનાદાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૧ થી ૨ ગોળી, વયઃ ૧ થી ૧૨ માસ સુધીના માટે, ૨ થી ૪ ગોળી, વયઃ ૧ થી ૨ વર્ષના માટે.

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—દૂધ કે ધાવણ હોય તેમાં મેળવીને પાઈ દેવું.

उपयोग—નાનાં બાળકોનાં તમામ દરદોમાં વપરાય છે. નિરંતર આનું વાપરવાથી શરીર મજબુત થાય, દૂધ પચે, ભૂખ લાગે, ઝાડો સાફ આવે, તાવ, ખાંસી, ઝાડા, ઉલટી, વાયુ, અજીર્ણ, નબળાઈ વગેરે મટી બાળકને આરામથી નિંદ્રા આવે, રડતું અટકે, શાન્તી થઈ શરીર મજબુત બને.

सूचना—બજારૂ બાળાગોળી ન વાપરતાં આની અનુભવી અને નિર્દોષ બનાવટ વાપરવા ખાસ ભલામણ કરવામાં આવે છે.

२०१ बालरक्षकमोगटी

बनावट—[illegible] વાપુંભા, સંચળ, હિંગળ, કરીયાતું, સું. [illegible] એલચી, પીપરીમૂળ, [illegible] [illegible] અતિવિષ [illegible], [illegible]

મરડાશીંગ, એ સર્વ સમભાગે લઇ વાટી ચૂર્ણ કરી લેવું. અને તેમાં ગુલાબનું પાણી નાખી ઘુંટી સોપારી જેવડી મોટી સોગઠી બનાવી સુકાવી રાખવી.

उपयोग—નાનાં બાળકોનો તાવ, ખાંસી, કબજીઆત, પેટનું દરદ વગેરેમાં જ્યારે જરૂર જણાય ત્યારે આ સોગઠીને સાફ પત્થરપર જરા પાણી સાથે ઘસીને એક બે રતિભાર દવા પાઇ દેવી, જેથી પેટ સાફ થઇ જ્વરાદિ ઉપદ્રવો તરત મટી જાય છે. હમેશાં ઘરમાં રાખવા લાયક છે. પેટના ભારને તોડી દૂધ પચાવે છે.

२०२ ब्राह्मीवटी

बनावट— અભ્રકભસ્મ તો. ૧ રસસિંદુર તો. ૧
સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૧ લોહભસ્મ તો. ૧
શુદ્ધશિલાજીત તો. ૧ વાવડીંગ તો. ૧
બ્રાહ્મીચૂર્ણ તો. ૬

रीत—દરેકને ખરલમાં બરાબર બારીક વાટી મધ સાથે ઘુંટી ચણા પ્રમાણની ગોળી બનાવી રાખવી.

प्रमाण—૨ ગોળી દૂધ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—મગજની નબળાઈ, યાદશક્તિની ખામી, ધાતુશ્રાવ, પ્રમેહ, નબળાઈ, બુદ્ધિની મંદતા વગેરે મટી યાદશક્તિ ખીલે છે.

२०३ भगंदरादिमोदक

बनावट—ચોપચીનીનુ બારીક કપડછાણ કરેલું ચૂર્ણ તો. ૧I, દેશી સાકર તો. ૧I આ બે ને મેળવી તેમાં ઝીણી ધારથી ઘી નાખવા જેવું અને મેળવવા જેવું, લાડુ બનાવવા જેવું થતાં તેનો લાડુ બનાવી લેવો.

प्रमाण—ઉપર લખેલ એક લાડુ એક વખતમાં ખાવો.

अनुपान—લાડુ ખાઈ ઉપરથી દૂધ પીવું.

समय—સવાર, સાંજ બે વખત.

मुद्दत—આ દવા ફક્ત ચૌદ દિવસ કરવાથી ફાયદો થાય છે.

परेजी—ઘી, રોટલી અને દૂધ સિવાય કંઇએ ખાવું નહિં. દૂધમાં સાકર લઇ શકાય.

उपयोग—નવો અથવા જુનો ભગંદર મટે છે. આ ઉપાય અત્યંત ખાત્રીયુક્ત અને એક ગૃહસ્થે અનુભવેલો હોવાથી અમોએ દાખલ કરેલ છે. વધુમાં તેણે જણાવેલ કે એક મહાત્માએ અમારી રૂબરૂમાં આ દવાથી દરદ મટાડી આપ્યું હતું અને શક્તિ પુરી આવી હતી.

सूचना—દવા ગરમ જણાય તો ખોરાકમાં ઘી, દૂધ વધારે લેવાં, છતાં પણ જો ગરમ જણાય તો દવાનું પ્રમાણ ઓછું કરી આપવું. આ દવાથી અનેકને સારો ફાયદો થયો છે. [લેખક]

૨૦૪ भागोत्तरवटी

बनावट—	શુદ્ધ પારદ	તો. ૧	શુદ્ધ ગંધક	તો. ૨
	પીપર	તો. ૩	હરડેદળ	તો. ૪
	બહેડાદળ	તો. ૫	અરડુસીનાંપાન	તો. ૬
	ભાંગરો	તો. ૭		

रीत—પારદ ગંધકની કજ્જલી કરી તેમાં બીજી દવાઓનું ચૂર્ણ મેળવી ખરલમાં નાખી અને પછી ભાંગરાના કવાથની ૨૧ ભાવના આપી સુકાયા બાદ પુરી આગ જેવડી ગોળી બનાવી રાખવી.

प्रमाण—સવાર સાંજ એક ગોળી લેવી.

उपयोग—ખાંસી, અથવા શ્વાસ, દમ માટે સારો ઉપાય છે. એથી ખાંસી, દમ મટે છે.

२०५ भीमसेनीगुटीका

बनावट—મોટી હરડેની છાલ, નાની હરડે, કડુ, ઇંદ્રવારૂણીની જડ, કુવાડીયાનાં બીજ, રેવચીનીનો શીરો, શુંઠ, મરી, પીપર, બહેડાંછાલ, આમળાંની છાલ, એ સર્વ સમભાગે તથા એ સર્વથી બમણું એળીઆનું ચૂર્ણ લેવું.

रीत—ઉપરની દવાઓને ખરલમાં નાખી કુંવારના રસમાં એ દહાડા ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

अनुपान—પાણી સાથે રાત્રે સુતી વખતે લેવાય.

उपयोग—જુલાબની ગોળી તરીકે લેવાથી પેટને સાફ કરી કબજીઆત મટાડે, ઉદરરોગ, કમળો, ક્રમીરોગ, જીર્ણજ્વર, અર્શ, વગેરેમાં પેટ સાફ કરી ફાયદો આપે છે.

२०६ भृंगराजवटी

बनावट— ભાંગરાનાં પાન તો. ૫ કાળાંમરી તો. ૦॥

બંનેને સાથે વાટી ઘુંટી તેની ગોળી ચણીબોર પ્રમાણે બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ ગોળી, સવારે તથા સાંજે પાણી સાથે.

उपयोग—દરેક જાતના સુકા તથા દુઝતા અર્શમાં ફાયદો કરી અર્શરોગ મટાડે છે.

૨૦૭ मल्लगुटीका

बनावट—શુદ્ધ સોમલ તો. ૧, એલચીનાં બીજ તો. ૧ વંસલોચન તો. ૧, એ સર્વેને વાટી કપડછાણ કરી એક ખરલમાં ઘુંટી લઇ તેમાં નાગરવેલનાં દેશીપાન એકેકપાન લઇ નાખતા જવું અને ઘુંટતા જવું આમ પચાસ પાન નાખી ઘુંટી લેવું. પછી તેમાં બસો પાનનો રસ નાખી એક દિવસ બરાબર ઘુંટી લઈ તેની બાજરીના દાણા જેવડી ગોળી બનાવી લેવી.

प्रमाण—૧ ગોળી પાણી સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—ખાંસી, શ્વાસ, મંદાગ્નિ, વાયુના અને શરીરના જુના રોગો વગેરે માટે ઉત્તમ છે.

सूचना—ખોરાકમાં ઘી, દૂધ વધારે આપવું અને ગરમ ચીજો મરચાં વગેરે ન ખાવી, તેમજ એકાદ માસ દવા લઈ વચ્ચે થોડા દિવસ બંધ કરી આપવી.

૨૦૮ मरडानी गोळी

बनावट— અફીણ તો. ૧ કેશર તો. ૧
જાયફળ તો. ૧ જાવંત્રી તો. ૧

रीत—સર્વ વસ્તુઓનું ચૂર્ણ લઈ અફીણનો કમુનો જે બનાવી તેમાં ઉમરડા (ગુલર) નું દૂધ નાખી ઘુંટીને મગ જેવડી ગોળીઓ બનાવી સુકવી લેવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

समय [illegible]

अनुपान [illegible]

उपयोग—પરૂવાળો, આમવાળો ઝાડો, મરડો, ચૂંક મટે છે. મરડા માટે અકસીર છે, તથા તેને ત્રણ દિવસમાં મટાડી આરામ આપે છે.

૨૦૯ मरिच्यादिवटी

बनावट— કાળાંમરી તો. ૨ પીપર તો. ૨
જવખાર તો. ૧ દાડમછાલ તો. ૪

रीत—દરેકનું જુદું જુદું ચૂર્ણ લઈ વાટી ખરલમાં મધ સાથે મેળવી ચણા જેવડી ગોળીઓ બનાવી સુકવીને તૈયાર કરવી.

प्रमाण—આખા દિવસમાં ૬ થી ૧૨ ગોળી.

अनुपान—પાણી સાથે બે બે ગોળી લેવી અથવા ખાંસી માટે એક ગોળી મોંમાં રાખી ચુસવી.

उपयोग—ખાંસી, દમ, ઝાડા, પેશાબની મુસ્કેલી વગેરેમાં વપરાય છે. સંધિવામાં પણ વાપરી શકાય.

૨૧૦ महामारीगुटीका (१)

बनावट—લાલમરચાં તો ૨, શેકેલીહીંગ તો. ૨, કપુર તો. ૨, શેકેલીભાંગ તો. ૨, અફીણ તો. ૦॥ લઈ વાટી અફીણનો કસુંબો નાખી પછી તેને આદુનારસમાં ઘુંટી ચણા પ્રમાણે ગોળી બનાવી સુકવી લેવી.

प्रमाण—૨ ગોળી.

अनुपान—સ્હેજ ગરમ પાણી સાથે.

समय—દર એક કલાકે અથવા જરૂરત પ્રમાણે.

उपयोग—કોલેરા, વિષુચિકા, ઝાડા, ઉલટી, નબળાઈ, ગોટલાં ચડવાં વગેરે ભયંકર વ્યાધિમાં સારૂં કામ કરે છે.

२११ महामारीगुटीका (२)

बनावट—				
	લસણ	તો. ૧	જીરું	તો. ૧
	શુદ્ધ ગંધક	,, ૧	સૂંઠ	,, ૧
	મરી	,, ૧	પીપર	,, ૧
	શેકલીહિંગ	,, ૧	શુદ્ધ હિંગળો	,, ૧
	સરપંખાનામૂળની છાલ તો. ૨			

रीत—બધી ચીજોને બારીક વાટી ભૂકો કરી કપડે ચાળી લીંબુના રસમાં ચણા જેવડી ગોળી બનાવી સુકવી રાખવી.

प्रमाण—૨ ગોળી, દર એકથી બબ્બે કલાકે.

अनुपान—પાણી અથવા પીપરમેન્ટના પાણી સાથે.

उपयोग—કોલેરાની રામબાણ દવા તરીકે આ ગોળીઓ વાપરવા લાયક છે. ઝાડા, ઉલટી, નબળાઇ, પેટનો વાયુ વગેરે મટે છે.

२१२ मुखवासवटी

बनावट—તજ, જાવંત્રી, લવંગ, સૂંઠ, અકલકરો, જાયફ[illegible] કેશર, એલચી, જેઠીમધનો શીરો, કબાબચીની, કપુર, પીપરમેન્ટ ફુલ, સાકર એ દરેક વસ્તુ સમભાગે લેવી

रीत—દરેક વસ્તુઓનું કપડછાણ કરેલું બારીક ચૂર્ણ [illegible] ખરલમાં નાખી પછી માથે પુરી મગનાદાણા જેવડી ગો[illegible] બનાવી છાંયે સુકવી રાખવી.

प्रमाण—એક વખતે ૨ થી ૪ ગોળી. આખા દિવસમાં ૨[illegible] [illegible]

गुण—[illegible]

દુઃખાવો, કફ, પેટનું દરદ, સાદ બેસી જવો, અપચો, શૂળ વગેરે મટી શરીર સતેજ બને છે.

२१३ मंडुरवटी

बनावट—દેવદાર, મોથ, દારૂહળદર, શુંઠ, મરી, પીપર, ચવક, ચિત્રક, પીપરીમૂળ, તજ, વાવડીંગ, હરડેછાલ, બહેડાંછાલ, આમળાં, સુવર્ણમાક્ષિકભસ્મ, એ પંદર ચીજો સમાનભાગે એટલે દરેક એકેક તોલો કરતાં પંદર તોલા, મંડુરભસ્મ તોલા ૩૦, ગૌમૂત્ર તોલા ૪૪૦ એક લોઢાનાં વાસણમાં પ્રથમ ગૌમૂત્રને નાખી તેમાં ઉપરનાં વસાણાનું ચૂર્ણ તથા ભસ્મો મેળવી ધીમે તાપે ઉકાળી ગોળી વાળવા જેવું થાય ત્યારે ઉતારી લઈ ઠંડું થતાં ચણા જેવડી ગોળીઓ બનાવી સુકવીને બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત.

अनुपान—છાસ અથવા પાણી સાથે.

उपयोग—કમળો, પાંડુ, હરસ, પ્રમેહ, સોજા, નબળાઈ, બરલ, અજીર્ણ, મંદાગ્નિ, કુષ્ટરોગ, કફરોગ, વગેરેમાં વખણાય છે.

२१४ यकृतरोगनाशकवटी

बनावट—

કડુ	તો. ૨૦	સંચળ	તો. ૪
સિંધાલુણ	તો. ૪	નવસાગર	તો. ૧૦
હિંગ	તો. ૨		

रीत—ઉપરની દવાઓનુ બારીક ચૂર્ણ કરી તેને પ્રથમ ગૌમૂત્રની તથા ચિત્રકના કવાથની અને કુવારનારસની ત્રણ ત્રણ ભાવનાઓ આપી ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી લેવી.

प्रमाण—અબ્બે ગોળી. **समय**—દિવસમાં ત્રણ વખત

अनुपान—સ્હેજ ગરમ પાણી સાથે અથવા કુમાર્યાસવ સાથે

उपयोग—યકૃત, પ્લીહા, પેટની કોઇપણ ગાંઠ, આ પ્રયોગથી મટી ભૂખ લાગે છે અને લોહી સાફ થઈ પેટ ચોકખું થાય છે.

२१५ यष्टीमधुवटी (१)

बनावट—

એલચી	તો. ૪	લવંગ	તો. ૪
બહેડાંની છાલ	તો. ૪	વરીઆળી	તો. ૪
ચોખો કાથો	તો. ૪	કાળાંમરી	તો. ૪
જેઠીમધ	તો. ૪	જેઠીમધનો શીરો	તો. ૧૧
પીપરમેન્ટનાં ફુલ	તો. ૧		

रीत—પ્રથમની આઠ દવાઓનું બારીક ચૂર્ણ કરી તેમાં નવમી દવા મેળવી પાણી સાથે ખરલમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવી સુકવીને બાટલીમાં ભરી લેવી.

प्रमाण—આખા દિવસમા બાર ગોળી સુધી લેવી.

समय—મોઢામાં ગોળી રાખી ચુસ્યા કરવી જ્યારે જ્યારે ખાંસી આવે ત્યારે ખાસ લેવી જોઇએ.

उपयोग—ખાંસી, સ્વરભંગ શ્લેષ્મ, ગળાનો રોગ, કફ વગેરે મટાડી કફ છુટો કરી ગળાને નરમ રાખે છે.

२१६ यष्टीमधुवटी (२)

बनावट—જેઠીમધનો શીરો, [illegible] [illegible] [illegible]

પ્રમાણ—૧ થી ૧૦ ગોળી સુધી.

વાપરવાની રીત—મોંમાં રાખી ચુસવી.

ઉપયોગ—ખાંસી, ગળાનો દુ:ખાવો, સ્વરભંગ, કફ, ઘતો ક્ષય સળેખમ, સુસ્તી, સુકીખાંસી વગેરે મટે છે. ગોળી સ્વાદમાં સારી થાય છે, અવાજ સુધારે છે.

२१७ योनीसंकोचनवटी

બનાવટ—ફુલાવેલ ફટકડી તો. ૪ માયાફળ ચૂર્ણ તો. ૪

બંન્નેને સાથે વાટી લેવું. સાકર તો. ૫નું ચૂર્ણ લઇ એક વાટકીમાં નાખી તેમાં ઘી નાખી સ્હેજ તાપ ઉપર ગરમ કરવું. જ્યારે સાકર રસરૂપ થાય ત્યારે ઉપરની ચીજોનું ચૂર્ણ નાખી ઘુંટી તેની તરતજ ગોળી ચણીબોર પ્રમાણેની બનાવી રાખવી. ગોળી તરતજ બનાવી લેવી, નહિં તો દવા સખત થઈ જશે.

ઉપયોગ—આ ગોળી ઉપર જરા રૂ (કપાસ) લપેટી તેના ઉપર જરા ગાયનું ઘી લગાડી તેને યોનીમાં રાખવાથી યોની મજબુત થાય છે અને પ્રસુતિ પછી થનારા અનેક ઉપદ્રવો તથા નબળાઇ અને વાયુ મટી શરીર મજબુત થાય છે.

સુચના—જ્યાંસુધી જરૂર જણાય ત્યાંસુધી આશરે ૮ થી ૧૫ દિવસ લગી આ દવા કરવી જોઇએ અને જો ગરમી જેવું જણાય તો તરત દવાની ગોળી કાઢી લઈ ત્યાં ઘીનું પોતું રાખવાથી તરત શાન્તી થઈ જશે. યોની સંકોચન કાર્ય માટે અકસીર છે.

२१८ रजःप्रवर्तनीवटी

બનાવટ— એળીઓ તો. ૧ હીરાબોળ તો. ૧
ટંકણખાર શુદ્ધ તો. ૧ શુદ્ધ હીંગ તો. ૧

શુદ્ધ હિરાકસી તો. ૧ શુદ્ધ સોમલ રતિ ૧
જટામાસી તો. ૧

રીત—ઉપરની દવાઓને બરાબર વાટી તેનું ચૂર્ણ કરી તેને એકસ્ટ્રેટ સમ્બલમાં વાટી મટરનાદાણા પ્રમાણે ગોળી બનાવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી સવાર સાંજ પાણી સાથે.

ઉપયોગ—ઋતુ લાવવા તથા મગજની અને જ્ઞાનતંતુઓની નબળાઈ મટાડી શરીરમાં કંઈપણ દરદ કર્યા સિવાય ઋતુ સાફ લાવે છે અને નબળાઈ મટાડી શરીરમાંનો વાયુ મટાડે છે.

સમય—ઋતુ આવ્યા પહેલાં આ દવા એક બે અઠવાડીઆ અગાઉ શરૂ કરવી અને ઋતુ આવ્યા પછી બંધ કરી આપવી.

૨૧૯ रजःपुष्पादिवटी

બનાવટ— રસસિંદુર તો. ૧ વાવડીંગ ચૂર્ણ તો. ૧
એળીઓ તો. ૧ હીંગ તો. ૧

આ દવાઓને કુવારના રસમાં વાટી ચણા પ્રમાણે [illegible] બનાવી રાખવી.

પ્રમાણ—૨ ગોળી. **સમય**—સવાર સાંજ બે [illegible]

અનુપાન—ઘી સાથે ચાટી ઉપર અંઘાડ મૂળ અથવા [illegible] કવાથ પીવો

ઉપયોગ—ઋતુ સાફ લાવે છે અને તે ગોળી [illegible] [illegible] મટાડી [illegible] શુદ્ધ કરે છે વાયુ પ્રકૃતિ માટે ઉત્તમ [illegible]

૨૨૦ रसादिवटी

બનાવટ [illegible] તો. ૧ શુદ્ધ [illegible] તો. ૧
[illegible]

નાખી ખરલમાં જરા પાણી નાખી બરાબર તેને ઘુંટવું. બરાબર મળી જાય ત્યારે તેમાં બીજું ૪ થી ૫ તોલા પાણી નાખી ઘુંટી દેવું અને તેમાં ઘસેલું શ્વેતચંદન, નાગરમોથ, વાળો, જટામાસી, એલચીના બીજ એ સર્વે ચીજોનું ચૂર્ણ એકેક તોલો બારીક લાવી તેમાં ઘુંટી તેની ચણીબોર પ્રમાણે ગોળી બનાવી સુકવી બાટલીમાં ભરી રાખવી.

प्रमाण—૨ ગોળી.

अनुपान—ગુલાબનું શરબત અથવા પાણી

उपयोग—તરસ, દાહ, પિત્તજ્વર, મગજની ગરમી, બેચેની, કોલેરા, ઉલટી, ઝાડા, વગેરે માટે બહુજ ઉત્તમ પ્રયોગ છે.

२२१ राजयोग

बनावट—શુદ્ધ અફીણ, શુદ્ધ વચ્છનાગ, કેશર, ચવક, ચિત્રક, શુદ્ધ કનકબીજ, ભાંગનાબીજ, સરગવાનાબીજ, સફેદજીરૂં, આસગંધ, કૌંચબીજ, ઇંદ્રયવ, લવંગ, અક્કલકરો, અજમોદ, શતાવરી, સફેદમુશળી, પીપર, પીપરીમૂળ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, એ દરેક એકેક તોલો લઇ વાટી ચૂર્ણ કરી તેને મધમાં ઘુંટી ગોળી બનાવી રાખવી. ગોળી ૦। તોલાની કરવી.

प्रमाण—૧ થી ૨ ગોળી.

बनावट—બાવળનીછાલ તો. ૨૦૦, પાણી તો. ૨૦૦૦ માં નાખી ઉકાળો કરી પાંચસો તોલા પાણી રહે ત્યારે ઉનારી કપડે ગાળી તેમાં ગોળ તો. ૨૫૦ નાખી મેળવી તથા તેમાં નીચેની વસ્તુઓનું ચૂર્ણ નાખી બે માસ સુધી એક બરણીમાં નાખી ભરી રાખવું.

ધાવડીનાંફુલ તો. ૧૬, પીપર તો. ૨, જાયફળ, કબાબચીની એલચી, તમાલપત્ર, તજ, નાગકેશર, લવંગ, મરી એ દરેક બબ્બે તોલા લઈ ચૂર્ણ કરી મેળવી દેવું. બે માસ રાખ્યા પછી ગાળી લઇ ઠરી રહે ત્યારબાદ ઉપયોગમાં લેવું.

प्रमाण—૧। થી ૨॥ તોલા દિવસમાં બે વખત.

अनुपान—સમભાગે પાણી મેળવીને પીવું

उपयोग—ખાંસી, ક્ષય, સ્વરભંગ, કુષ્ટ, અગ્નિમાંદ્ય, પ્રમેહ, શ્વાસ, વગેરે દર્દો મટી જઈ સારૂં થાય છે. ભગંદરના દર્દો અને સુવા આવી માટે સારો ઉપાય છે.

૪૦૧ बरोळनाशकयोग

बनावट—કુંવારનોરસ તો. ૪૦, નવસાર તો. ૪૦ તથા હીરાકસી તો. ૨॥ સાથે મેળવી હલાવી એક કાચની સ્ટોપર બાટલીમાં ભરી રાખવું. આઠ દહાડા પછી વાપરવું.

प्रमाण—૦। તોલો દવા.

अनुपान—પાણી તોલા ૨માં નાખીને પીવું.

समय—દિવસમાં બે વખત સવાર સાંજ.

उपयोग—બરલ મટે છે. નવી અથવા જુની બરલ તથા પેટનારોગને માટે ઉત્તમ છે.

૪૦૨ बालरक्षकआसव (अरविंदासव)

बनावट—કમળપુષ્પ, વાળો, ગંભારી, નીલોફર, મજીઠ, એલચી, ખરેંટી, જટીલો, નેત્રવાળો, અનંતમૂળ, નસોતર, પટોલપત્ર, ખડસલીઓ, અર્જુનછાલ, જેઠીમધ, મહુડાફુલ, કચૂરો આ દરેક ચીજ બે બે તોલા લઇ જાડી કુટી લેવી. પછી તેમાં પાણી શેર ૧૦, દ્રાક્ષ શેર ૧, દેશી ખાંડ શેર ૨॥, મધ શેર ૧, ધાવડીફુલ શેર ૦॥ નાખી એક બરણીમાં બંધ કરી બે માસ રાખી મુકવું પછી ગાળી ઉપયોગમાં લેવું.

प्रमाण—૦। થી ૧ તોલો બાળકો માટે.

समय—દિવસમાં ત્રણ વખત.

अनुपान—થોડા પાણી સાથે.

उपयोग—બાળકોના તમામ રોગ, નબળાઇ, ગ્રહદોષ, મંદાગ્નિ, દુર્બળતા વગેરે મટાડી તાકાત વધારે છે. અગ્નિ પ્રદિપ્ત કરી શરીરને પુષ્ટ બનાવે છે. આ દવા ખાસ બાળકો માટે છે.



४०३ बालरोगान्तकारिष्ट

बनावट—				
જેઠીમધ	તો. ૨૦	હરડે	તો. ૧
શતાવરી	,, ૨૦	આમળા	,, ૨
કાળીદ્રાક્ષ	,, ૮૦	કડુ	,, ૧
કરીઆતું	,, ૧૦	ગળો	,, ૧
કાકડાશીંગ	,, ૧૦	નાગરમોથ	,, ૧

આ સર્વ વસ્તુઓ ઉપર મુજબ લઇ જાડી કુટી લેવી

રીત—અધકચરેલી ઉપરની વસ્તુઓ લઇ તેને પાણી ૮ બે હજારમાં નાખી ઉકાળો કરી જ્યારે બાકી તો. ૫૦૦ રહે ત્યારે ઉતારી કપડાથી ગાળી તેમાં મધ તો. ૧૦૦ તથા સાકર તો. ૧ નાખી તેને આઠ દિવસ ખુલ્લું બરણીમાં કપડું ઢાંકી રાખી મુ ખમીર આવે ત્યારે ફરી કપડેથી ગાળી તેમાં નીચેની વસ્તુઓનું ચૂર્ણ કરી નાખી બરણી પેક કરી બે માસ રાખી મુકી પછી ગાળી બાટલીમાં ભરી રાખી ત્યારબાદ વાપરવું.

ચીજોનાં નામ—				
તજ	તો. ૨	તમાલપત્ર	તો. ૨
એલચી	,, ૨	અતિવિષ	,, ૨
પીપર	,, ૨	કેશર	,, ।।
મંડુરભસ્મ	,, ૨	ધાવડીનાંફુલ	,, ૧૦
દાડમછાલ	,, ૨		

પ્રમાણ—૧ થી ૧૨ માસ સુધીના માટે ૩૦ ટીપાં, ૧ વર્ષ થી ૩ વર્ષ સુધીના માટે ૬૦ થી ૧૨૦ ટીપાં

વાપરવાની રીત—દવાના સમભાગે પાણી લઈ તે સાથે એકત્રી લેવુ.

સમય—દિવસમા બેથી ત્રણ વખત આપવુ

उपयोग—બાળકોનોતાવ, ખાંસી, ઝાડા, ઉલટી, શરદી, કફબજીઆત, લોહીબિગાડ, નબળાઇ, મંદાગ્નિ, અપચો, બાળશોષ વગેરે તમામ દરદોમાં વાપરી શકાય છે.

४०४ भृंगराजआसव

बनावट—ભાંગરાનોરસ તો. ૧૦૦૦, ગોળ તો. ૫૦૮, હરડેછાલનુંચૂર્ણ તો. ૩૨ તેને એકવાસણમાં નાખી ખમીર આવે ત્યાંસુધી રાખી દેવું પછી તેને ગાળી તેમાં પીપર તો. ૧, જાયફળ તો. ૧, લવંગ તો. ૧, તજ તો. ૧, તમાલપત્ર તો. ૧, એલચી તો. ૧, નાગકેશર તો. ૧ એનું ચૂર્ણ કરી નાખી બંધ કરી બે માસ બરણીમાં ભરી રાખી તૈયાર થતાં ગાળીને વાપરવું.

प्रमाण—૧॥ થી ૨॥ તોલા. **अनुपान**—પાણી સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—ધાતુક્ષય, ખાંસી, નબળાઇ, નપુંસકતા અને વંધ્યત્વ માટે આ દવા વપરાય છે. પૌષ્ટિક છે.

४०५ मृतसंजीवनासुरा

बनावट—પાણી શેર ૬૫માં ગોળ શેર ૫ નાખી મેળવી દેવું તેમાં આદુ તો. ૮, બાવળનીછાલ તો. ૬૪, બોરડીનીછાલ તો. ૬૪, સોપારી તો. ૩૪, લોધ્ર તો. ૧૬ મેળવી એક વાસણમાં ભરી બંધ કરી વીશ દિવસ રાખી મુકવું. ત્યારબાદ તેને ખોલી ચુલે ચડાવી તેને ગરમ કરવું. અને તેમાં સોપારી, એળીઓ, દેવદાર, લવંગ, પદ્મક, વાળો, રક્તચંદન, વરિઆળી, અજમોદ, મરી, જીરૂં, કચુરો, જટામાસી, તજ, એલચી, જાયફળ, મોથ, સુંઠ, મેથી, મરડાશીંગ, ચંદન, ગ્રન્થીપર્ણી એ દરેક ચીજ બે બે તોલા લઈ કુટી મેળવી આપવી. પછી

તેને જોશ આપી નીચે ઉતારી ચોવીસ કલાક રાખી બાદ તેને નલિકા યંત્રમાં ભરી તેનું અર્ક કાઢી લેવું અને તે તૈયાર થયેલા અર્કનું નામ મૃતસંજીવનીસુરા કહેવાય છે.

प्रमाण—૧ થી ૨ તોલા. अनुपान—પાણી સાથે

समय—જરૂર જણાય ત્યારે.

उपयोग—દવા બનાવવા માટે વપરાય છે તથા દરદીને હુંશિઆરી લાવવા માટે અપાય છે.

૪૦૬ मृगमदासव

घनावट—સ્પીરીટ રેક્ટીફાઈડ તો. ૧૦, મધ તો. ૫, કસ્તુરી તો. ૦ાા, પાણી તો. ૫, કાળાંમરી, લવંગ, જાયફળ, પીપર, તજ એ પાંચ ચીજો દરેક અર્ધ અર્ધ તોલો લઇ તેનું ચૂર્ણ કરી ઉપરની દવાઓ સાથે એક સ્ટોપર બાટલીમાં ભરી એક માસ રાખી મુકવું પછી કપડેથી ગાળી વપરાસમાં લેવું.

प्रमाण—૫ થી ૧૫ ટીપાં, પાણી તોલા ૧ સાથે.

समय—દર બબ્બે કલાકે અથવા જરૂરત પ્રમાણે.

उपयोग—કોલેરા, સન્નિપાત, આંચકી, હાથપગ ઠંડા થઇ જવા, શરીર નબળું કે અચેતન અને ઠંડું થઇ જવું વગેરે ભયંકર લક્ષણો જણાય ત્યારે આ દવા ઘણુંજ સારૂં કામ આપે છે. હુંશીઆરી લાવી શરીરને સચેત બનાવી દરેક રોગને શાન્ત કરે છે.

૪૦૭ मंडूरारिष्ट

घनावट—

શુદ્ધ મંડૂર	તો.	૨૦૦	શુદ્ધ લોહચૂર્ણ	તો.	૨૦૦
ગોળ	,,	૬૦૦	બોરખાટા	,,	૧૬૪
દર્ભમૂળ	,,	૮	ચિત્રકમૂળ	,,	૮

વાવડીંગ તો. ૧૬ પીપર તો. ૧૬
ત્રિફલા „ ૧૯૪

એને પાણી તો. ૪૦૦૦ માં નાખી ઉકાળો કરવો જ્યારે ૨૦૦૦ તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી બરણીમાં એમજ ભરી બંધ કરી મુકી દેવું અને આસવની રીતે બે માસ રાખી પછી ગાળી લઇ બાટલી ભરી રાખવી.

प्रमाण—૧॥ થી ૨॥ તોલા. **अनुपान**—પાણી સાથે.

समय—જમ્યા પછી બે વખત.

उपयोग—પાંડુરોગ, કૃમી, અર્શરોગ, કુષ્ટરોગ, ખાંસી, શ્વાસ, સોજા, મંદાગ્નિ અને કફનારોગને મહાદી શક્તિ આપે છે.

૪૦૮ रक्तशोधकअर्क

बनावट—કરીઆતુ, ગળો, જવાસાનુંમૂળ, મંજીઠ, ચોપચીની, હરડે, પિત્તપાપડો (ખડસલીઓ), લીંબડાનીછાલ, સરપંખો, લાલચંદન, વાળો, ગુલાબનાંફુલ, અનંતમૂળ, હરડે, બહેડાં, આમળાં એ દરેક ચીજ પાંચ પાંચ તોલા લેવી.

रीत—ઉપરની દવાઓને અધકચરી કરી તેને પાણી શેર ૭માં (તો. ૪૮૦ માં) પલાળી એક દિવસ રાખી મુકવું પછી અર્ક ખેંચવાના નલિકાયંત્રથી ૪ શેર અર્ક કાઢી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૧॥ થી ૨॥ તોલા દિવસમાં બે વખત.

अनुपान—થોડું મધ સાથે નાખીને પીવું.

उपयोग—રક્તવિકાર અને રક્ત બગડવાથી થતા તમામ વ્યાધિ માટે આ દવા શ્રેષ્ટ ઉપાય છે ખસ, ખુજલી, ખરજવું, ઉપદંશ અને સંધિવાને મહાદી લોહી શુદ્ધ કરે છે.

સૂચના—પ્રથમ જુલાબ લઈ પછી આ દવા શરૂ કરે તરતમાં સારો ફાયદો થાય છે.

૪૦૯ रोहितारिष्ट

बनावट—રગતરોહીડાની અંતરછાલ, તો. ૨૦૦ અધ્ધ લઇ તેમાં પાણી તો. ૨૦૦૦ નાખી ચતુર્થાંસ કવાથ બનાવી લઈ તેમાં ગોળ તો. ૪૦૦ નાખી મેળવી દેવું અને ખમીર આં સુધી રાખી પછી તેમાં ધાવડીનાંફુલ તો. ૩૨, પીપર, પીપર ચવક, ચિત્રક, શુંઠ, તજ, તમાલપત્ર, એલચી, હરડા, બહેડા, આ એ દરેક બબ્બે તોલા લઇ કુટી જાડી ચાળણીમાંથી ચાળી તેમાં એક બરણીમાં ભરી બે માસ રાખી મુકવું. ત્યારબાદ ગાળી ઉપયોગમાં લેવું.

प्रमाण—૧ા થી ૨ા તોલા સુધી દિવસમાં બે વખત.

अनुपान—પાણી સાથે મેળવીને લેવું.

उपयोग—હરસ, મંદાગ્નિ, પાંડુરોગ, પ્લીહા, યકૃતરોગ, ઉદર રોગ, અરૂચી વગેરે મટાડી દસ્ત સાફ લાવે છે.

૪૧૦ लवंगासव

बनावट—

લવંગ	તો. ૮	પીપર	તો. ૮
મરી	,, ૮	ધવલા	,,

લઈ તેને પાણી તો. ૨૫૦ માં જરા ઉકાળી ઉતારી લેવું અને તેમાં લોહભસ્મ તો ૧ નાખી, ગોળ તો. ૫૦ નાખવો. તથા તજ તમાલપત્ર, એલચી, નાગકેશર એ દરેક અડધો તોલો નાખી આસવ ની રીતે તૈયાર કરી બાટલી ભરી રાખવી

प्रमाण—૧ા થી ૨ા તોલા **अनुपान**—પાણી સાથે

समय—સવાર સાંજ બે વખત જમ્યા પછી.

उपयोग—અરૂચી, પાંડુરોગ, સંગ્રહણી, હૃદયરોગ, બરલ, ગુલ્મ-રોગ, ઉદરરોગ, કુષ્ટ, સોજા, ક્ષય, કમળો, કૃમી, ચિત્રી, ગાંડ, અર્બુદ-રોગ, ખીલ મોઢાના, રાજયક્ષ્મા, જ્વર વગેરે માટે છે.

૪૧૧ लोध्रासव

बनावट—					
	લોદર	તો. ૨૦	લાંગુલી	તો.	૧
	કચુરો	,, ૧	કરિઆતું	,,	૧
	પુષ્કરમૂળ	,, ૧	કડુ	,,	૧
	એલચી	,, ૧	ભારંગી	,,	૧
	મોરવેલ	,, ૧	તગરગંઠોડા	,,	૧
	વાવડીંગ	,, ૧	ચિત્રક	,,	૧
	હરડા	,, ૧	પીપરીમૂળ	,,	૧
	બહેડા	,, ૧	કુષ્ટ	,,	૧
	આમળા	,, ૧	અતિવિષ	,,	૧
	અજમોદ	,, ૧	કાળીપાટ	,,	૧
	ચવક	,, ૧	ઈંદ્રિયવ	,,	૧
	ધર્તુલા	,, ૧	નાગકેશર	,,	૧
	સોપારી	,, ૧	વરિઆળી	,,	૧
	નખલા	,, ૧	તમાલપત્ર	,,	૧
	મરી	,, ૧	ચંદન	,,	૧
	પાણી	,, ૪૦૦	મધ	,,	૨૦૦

સાથે મેળવી બરણીમાં ભરી બે માસ રાખી પછી ગાળી લઈ વાપરવું.

प्रमाण—૧ા થી ૨ા તોલા. **अनुपान**—પાણી સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—પાંડુ, અરૂચી, અર્શરોગ, સંગ્રહણી, કફ અને પિત્તે પ્રમેહ, કુષ્ટ, વગેરેમાં સારો ફાયદો આપે છે તથા પ્રદર અને શ્વેત માટે ઉત્તમ છે.

૪૧૨ लोहासव

बनावट—લોહભસ્મ તો. ૪, શુંઠ, મરી, પીપર, હરડે બહેડાં આમળાં, અજમોદ, વાવડીંગ, નાગરમોથ, ચિત્રકછાલ એ દરેક દર ચાર તોલા લઈ તેનું ચૂર્ણ કરી તેમાં લોહભસ્મ તથા ત્રિફલા પણ સાથે મેળવી ઘુંટી લઈ પછી ધાવડીનાંફુલ તો. ૨૦ નાખી પછી એ વાસણમાં નાખી તેમાં મધ તો. ૧૦૦ ગોળ તો. ૧૦૦ અને પાણી તો. ૫૦૦ મેળવી હલાવી એક બરણીમાં ભરી પેક કરી બે માસ રાખી મુકવું. ત્યારબાદ ગાળી લઈ ઉપયોગમાં લેવું.

प्रमाण—૧। થી ૨॥ તોલા સવાર સાંજ બે વખત.

अनुपान—પાણી સાથે મેળવીને પીવો.

उपयोग—પાંડુ, સોજા, ગુલ્મ, અરૂચી, ઉદરરોગ હરસ, કોઢ પ્લીહા, ખુજલી, ખાંસી, શ્વાસ, ભગંદર, સંગ્રહણી, હૃદયરોગ વગેરેમાં વાપરવાથી ફાયદો આપે છે. જુના દરદો મટાડે છે.

૪૧૩ वासासव

बनावट—અરડૂસીનાં તાજા પાન તો. ૨૦૦ તેને અધકચરાં કરી તેમા પાણી તો. ૧૬૦૦ નાખી ઉકાળો કરી ૫૦૦ તોલા બાકી રહે ત્યારે ઉતારી લઈ ગાળી લેવુ અને તેમાં ગોળ તોલા ૨૫૦ નાખી મેળવી દેવુ પછી તેમા ધાવડીનાફુલ તો. ૩૨, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, ચણકબાબ, મરી, વાળો દરેક તોલા ચાર ચાર લઈ તેનું ચૂર્ણ કરી તેમાં [illegible] બરણીમાં ભરી રાખવુ બે. માસ રાખ્યા પછી ગાળી ઉપયોગમાં લેવુ

प्रमाण—૧। થી ૨॥ તોલા, દિવસમાં બે વખત.

अनुपान—સમભાગે પાણી મેળવીને પીવું.

उपयोग—ઉધરસ, ક્ષય, ઉરઃક્ષત, જીર્ણજ્વર, સોજા વગેરેમાં સારો ફાયદો આપે છે. ખાંસી, શ્વાસ માટે સારો ઉપાય છે.

૪૧૪ विषमुष्टयासव

बनावट—

શુદ્ધઝેરકુચલા	તો. ૨	કરિઆતું	તો. ૧
ગળો	„ ૧	નાગરમોથ	„ ૧
દ્રાક્ષ	„ ૪	ગોળ	„ ૩૦
પાણી	શેર ૨		

रीत—બધી ચીજોને આસવની રીતે એક બરણી (કાચની) માં ભરી બંધ કરી એક-બે માસ રાખી પછી ગાળી લઇ વાપરવું જોઇએ.

प्रमाण—૫ થી ૧૫ ટીપાં.

उपयोग—હૃદયને બળ આપનાર, નબળાઇ મટાડનાર, ભૂખ લગાડનાર તથા શળેખમ શરદી, તાવ, સુસ્તી વગેરે મટાડી હુશીઆરી લાવે છે.

૪૧૫ विडंगासव

बनावट—

વાવડીંગ	તો. ૨૦	કડાછાલ	તો. ૨૦
પીપરીમૂળ	„ ૨૦	ઇંદ્રિયવ	„ ૨૦
કાળીપાટ	„ ૨૦	રાસ્ના	„ ૨૦
આમળા	„ ૨૦	ભારંગી	„ ૨૦
ધર્દુલા	„ ૨૦		

એ દરેક ચીજને પાણી તો. ૪૦૦૦ માં નાખી ઉકાળો કરવો જ્યારે એક હજાર તોલા પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.

રીત—તેમાં મધ તો. ૪૦૦, ધાવડીનાંફુલ તો. ૮૦, દ્
તો. ૧૦, પીપર તો. ૧૦, મરી તો. ૧૦, તજ તો. ૨, તમાલપ
તો. ૨, એલચી તો. ૨, નાગકેશર તો. ૨, ઉદુંબર તો. ૪, છ
ડીનામૂળ તો. ૪, લોદર તો. ૪, લઇ એનું ચૂર્ણ કરી તે ચૂર્ણ તથ
મધ ઉપરના ક્વાથમાં મેળવી આસવની રીતે એક વાસણમાં ભરી
રાખી તૈયાર કરવું. બે માસ પછી ગાળીને વાપરવું

પ્રમાણ—૧। થી ૨॥ તોલાભાર.

અનુપાન—પાણી સાથે મેળવી લેવું.

સમય—સવાર, બપોર અને સાંજ.

ઉપયોગ—વાયુનોગોળો, અષ્ટિલા અને પ્રત્યષ્ટિલા નામનો રે
ભગંદર, ઉરૂસ્થંભ, વાયુ, પથરી, પ્રમેહ, કંઠમાળ, વિદ્રધિનો રે
આમવાયુ, ગળાનું ઝલાઇ જવું એ સર્વ રોગ માટે સારે ફાયદે
આપે છે.

૪૧૬ सारस्वतारिष्ट

બનાવટ—બ્રાહ્મી તો. ૮૦, શતાવરી તો. ૨૦, વિદારીક
તો. ૨૦, વારાહીકંદ તો. ૨૦, હરડેછાલ તો. ૨૦, વાળો તો. ૨૦,
આદુ તો. ૨૦, વરીઆળી તો. ૨૦, પાણી તો. ૨૦૦૦, મધ તે
૧૦૦, સાકર તો. ૧૦૦ તથા ધાવડીનાંફુલ તો. ૨૦, રેણુકબીજ,
પીપર, વજ, આસગંધ, ગળો, વાવડીંગ, નસોતર, લવંગ, કુઠ, બહેડાં,
એલચી, તજ એ દરેક એક તોલો લેવાં. એનુ ચૂર્ણ કરી જુદું રાખવું.

રીત—પ્રથમની આઠ દવાઓ અધકચરી બનાવી તેમાં પાણી
નાખી ક્વાથ બનાવી ચતુર્થાંશ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લઇ
તેમાં મધ તથા સાકર મેળવવુ પછી તેમા છેલ્લી તેર દવાઓ નાખી
મેળવી દેવી આ પ્રમાણે તૈયાર થતા બરણીમા ભરી મોં પેક કરી
બે માસ સુધી રાખી મૂકવુ બાદ તેને ગાળી ઉપયોગમા લેવુ.

प्रमाण—૧ા થી ૨ાા તોલા દિવસમાં બે વખત.

अनुपान—સ્વચ્છ પાણી સમભાગે લઈ મેળવીને પીવું.

उपयोग—મગજનાં તમામ દરદો, વાણીની અશુદ્ધતા, યાદશક્તિની ખામી, મંદબુદ્ધિ, માથાનું દરદ, વાઇ, હિસ્ટીરીઆ, વાયુ, જ્ઞાનતંતુઓની નબળાઈ વગેરે મટી જઈ યાદશક્તિ વધે તથા બુદ્ધિ સુધરે છે.

प्रकरण ११मुं — अवलेह-माजुन

४१७ अष्टांगवलेह

बनावट—કાયફળ, કુષ્ટ, કાકડાશીંગ, પીપર, મરી, ધમાસો, શાહજીરું, શુંઠ એ આઠ ચીજ સમભાગે લેવી અને તેમાં જોઈતું મધ મેળવી ચાટણ બનાવી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૦ા થી ૦ાા તોલો.

अनुपान—ગરમ પાણી કે દૂધ.

समय—દર ચાર ચાર કલાકે.

उपयोग—ભયંકર સન્નિપાત, ખાંસી, ગળાનોરોગ, કંઠનાદરદો, તથા કફ માટે અદ્ભુત ઉત્તમ પ્રયોગ છે.

४१८ अश्वगंधादिअवलेह

बनावट—

આસગંધ	તો. ૫	જાયફળ	તો. ૧
શતાવરી	„ ૧	બલબીજ	„ ૧
મમુઝ્લાખના બીજ	„ ૧	જાવત્રી	„ ૧

એખરો	તો.	૧	તજ	તો.	૧
શેમળાનુંમૂળ	,,	૧	વંસલોચન	,,	૧
એલચીબીજ	,,	૧	જેઠીમધ	,,	૧
વિદારીકંદ	,,	૧	મોટાગોખરૂ	,,	૧
કૌચબીજ	,,	૧	લવંગ	,,	૧
નાગકેશર	,,	૧	તમાલપત્ર	,,	૧
ગળોસત્વ	,,	૧	મોટી એલચી	,,	૧
કેશર	,,	૧			

रीत—બધી દવાઓ ખાંડી બારીક ચૂર્ણ કરી તેમાં [illegible] તો. ૮૦ નાખી મેળવી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—૧ તોલો.

समय—સવાર, સાંજ બે વખત.

अनुपान—દવા ખાઈ ઉપર દૂધ પીવું.

उपयोग—મગજનીનબળાઈ, કમરનો દુઃખાવો, વાયુ, નબળાઈ, ધાતુક્ષીણતા, સ્વપ્નશ્રાવ, પ્રમેહ, નસોનીશીથીલતા વગેરે મટી શક્તિ આપે છે

૪૧૯ अंबरनुं चाटण

बनावट—

ગાવઝબાનનાફુલ	તો.	૧	ગાવઝબાન	તો.	૧
ધાણા	,,	૧	આબરેશમ	,,	૧
બહમન સફેદ	,,	૧	તુખમબલંગા	,,	૧
સુદન સફેદ	,,	૦॥	ફરીઝેનુસ	,,	૧
[illegible]	,,	૧	વંસલોચન	,,	૦॥
[illegible]	[illegible]	૧	કેશર	,,	૧
[illegible]	તો.	[illegible]			

રીત—કેસર, વંસલોચન અને અંબર શિવાયની બાકીની ચીજોને ક્યરીને ગુલાબજળમાં એક રાત પલાળી મુકવી સવારે તેનો ઉકાળો કરવો જ્યારે ઉકાળતાં ૩૦ તોલા રહે ત્યારે તેને ઉતારી ગાળી લેવું અને તેમાં સાકર તો. ૫૦ નાખી ચાસણી જલેબી જેવી કરી લેવી અને તેમાં કેશર, અંબર, વંસલોચન જુદા જુદા વાટી મેળવી દેવાં. તથા તેમાં સોનાનાંવરખ તો. ૦।, ચાંદીનાવરખ તો. ૦॥ નાખી દેવા પછી માણેક, જહરમહોરાખતાઈ અને જમર્રદ એ દરેક ૦।, પા તોલો ગુલાબજળમાં અલગ અલગ વાટીને મેળવી દેવાં પછી તેને ખરલમાં વાટી મેળવી ચાટણ કરી બરણીમાં ભરી રાખવું.

प्रमाण—૦। થી ૦॥ તોલો.

अनुपान—ગરમ દૂધ સાથે લેવું અથવા દવા ચાટી ઉપર દ્રાક્ષાસવ પાવો.

उपयोग—હૃદયનીનબળાઈ, મગજનીકમજોરી, ક્ષયરોગની પ્રથમ અવસ્થા, શીરદર્દ ધાતુક્ષીણના તથા નબળાઈમટાડે છે અને શરીરમાં પણ તાકાત લાવી હૃદય, મગજને ફાયદો પહોંચાડે છે.

૪૨૦ इत्रीफलकसनीजी

बनावट—

પીળીહરડેનીછાલ	તો. ૧॥	હીમેજહરડે	તો. ૧॥
કાબુલીહરડેનીછાલ	„ ૧॥	બહેડાંનીછાલ	„ ૧॥
આમળાંનું ચૂર્ણ	„ ૪॥	ધાણાનું ચૂર્ણ	„ ૫
બદામનું તેલ	„ ૫	સાકર	„ ૨૦
મધ	„ ૪૦		

રીત—પ્રથમ દરેક ચીજનુ જુદું જુદુ ચૂર્ણ લઈ તેમા બદામનુ તેલ મેળવી પછી મધ મેળવી દઈ ચાટણ બનાવી બરણી ભરી રાખવી

प्रमाण—ા થી ૧ તોલો, સવાર સાંજ બે વખત.

अनुपान—દૂધ અથવા સ્હેજ ગરમ પાણી સાથે.

उपयोग—મગજનોદુઃખાવો, કબજીઆત, નજલો, ખોટી ગરમી, લોહીવિકાર, નેત્રરોગ, આંખની રોશનીમાં ખામી થવી, રતાંધળાપણું, માથાનુંદર્દ વગેરે મટી પાચનશક્તિ સુધારે છે.

૪૨૧ कणावलेह

बनावट—ઝીણી પીપર લઇ વાટી તેનું ચૂર્ણ કરી રાખવું.

प्रमाण—૨ થી ૮ વાલ સુધી. **अनुपान**—મધ સાથે.

समय—દર ચાર ચાર કલાકે.

उपयोग—શ્વાસ, ખાંસી, પાંડુરોગ, બરલ, ઉદરરોગ, વાયુ, અને અજીર્ણ તથા અરૂચી અને જ્વરને મટાડે છે. ખાંસી, શ્વાસ માટે ઉત્તમ છે.

૪૨૨ कुटजावलेह

बनावट—કડાછાલ તો. ૪૦૦ લઇ ખાંડી તેનો પાણી તો. ૧૬૦૦ માં ક્વાથ કરવો. ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી લઈ ગાળી તેમા ગોળ તો. ૨૦૦ નાખી અવલેહ બનાવવો અને તેમાં રસવંતી, મોચરસ, સૂંઠ, પીપર, મરી, હરડે, બહેડાં, આમળાં, રીંગણી, ચિત્રકમૂળ, પહાડમૂળ, બીલીફળ, ઇંદ્રજવ, વજ, શુદ્ધભિલામા, વાળો, અતિવિષ, વાવડીંગ એ દરેકનું ચૂર્ણ તોલા ચાર ચાર લઇ નાખવું પછી તેમાં મધ તો. ૩૨ નાખી બરાબર અવલેહ તૈયાર કરી લેવો.

प्रमाण—૧ થી ૨ તોલા, સવાર સાંજ બે વખત

अनुपान—છાશ, દૂધ, દહીં, પાણી, ચા, ઘી એ બધાંમાંથી

યોગ્ય લાગે તે સાથે

उपयोग—હરસ, અતિસાર, અરૂચી, સંગ્રહણી, મરડો, પાંડુ, રક્તપિત્ત, કમળો, અમ્લપિત્ત, સોજા, કૃશતા ઇત્યાદિમાં સારો ફાયદો આપે છે.

४२३ कुलींजनअवलेह

बनावट—કુલંજણ (પાનની જડ અથવા જેને કુલીંજન કહે છે) તો. ૮૦ લઇ કચરી તેને પાણી તો. ૬૦૦ માં ઉકાળી અર્ધું બાકી રહે ઉતારી ગાળી લેવું ફરી તેને ચુલે ચડાવી ઘાટું થાય ત્યારે ગોળ શેર ૧ નાખી પાક કરવો પછી તેમાં કાયફળ, પુષ્કરમૂળ, ભારંગી, સુંઠ, પીપર, ચવક, ચિત્રક, પીપરીમૂળ, મરી, હરડે, બહેડા, આમળા, વાવડીંગ, ધાણા, જીરૂં, શાહજીરૂં, કાંકચ, અઘેડાનાબીજ, અરડુસીના-પાન એ દરેક ચીજ એકેક તોલો લઇ તેનું ચૂર્ણ કરી લેવું અને મધ તો. ૮૦ લેવું તેમાંથી ગોળ ઉપરના ક્વાથમાં નાખી જાડો પાક કરવો જ્યારે ચાટણ જેવુ થાય ત્યારે ઉપરની દવાઓનું ચૂર્ણ નાખી ઠંડું કરી તેમાં મધ મેળવી ચાટણ બનાવી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—ાા થી ૧ તોલો.

समय—દિવસમાં ત્રણ વખત.

उपयोग—દરેક જાતની ખાંસી, હેડકી, સાદ બેસી જવો, ગળાના દરદો, શલેષ્મ અને ખાસ કરી અવાજ સુધારવા માટે ઉત્તમ છે. ક્ષયમાં પણ વપરાય છે. જઠરાગ્નિ સુધારે છે.

४२४ कुष्मांडअवलेह

बनावट—પેન કહોળું લાવી તેને છોલી તેની નાની ચીરો બનાવી તેનું વજન તો. ૪૦૦ હોય તો તેમાં પાણી તો. ૫૦૦ ના

થોડુંક બાફી લેવું જરા નરમ પડે ઉતારી કપડામાં રાખી પાણી નીતરી જાય ત્યારે સુકાયા જેવું કરી તેને એક ત્રાંબાની કલાઈવાળી કડાઇમાં ઘી તો. ૬૦ નાખી સેકી લેવું અને જ્યારે લાલ થાય ત્યારે ઉતારી લેવું પછી સાકર શેર બે ની ચાસણી કરી તેમાં એ શેકેલ કોહોળાનો માવો નાખવો. પછી તેને બાફ આપી ઉતારી લેવો તેમાં પીપર તો. ૮, નાગકેશર તો. ૮, એલચી, તજ, તમાલપત્ર, ધાણા, મરી એ દરેક બે બે તોલાનું ચૂર્ણ નાખવું અને અવલેહ જેવું થાય ત્યારે તેમાં ૪૦ તોલા મધ મેળવી ભરી રાખવું.

प्रमाण—૨ થી ૪ તોલા ખાઇ ઉપર દૂધ પીવું.

उपयोग—રક્તપિત્ત, ખાંસી, ક્ષય, દમ, શ્વાસ, તરસ, પિત્તજ્વર, દૃશના, શોષ અને સ્વરભંગ મટાડી દેહને મજબુત બનાવે છે.

४२५ केशरादिअवलेह

बनावट—

કેશરનુંચૂર્ણ	તો. ૫	કસ્તુરી	તો. ૦॥
અભ્રકભસ્મ	,, ૦॥	સોહભસ્મ	,, ૦॥
સોનાનોવરખ	,, ૦॥	ચાંદીનોવરખ	,, ૦॥
અંબર	,, ૦।	બંગભસ્મ	,, ૦।

એ સર્વ ચીજોને ૪૦ તોલા મધમાં મેળવી પછી તેમાં ભાંગનું ચૂર્ણ તો. ૫, માકડનું ચૂર્ણ તો. ૨, વંસલોચન, એલચીબીજ, તજ, નાગકેશર, લવંગ, પીપર, કાકોલઅગર, મોહનવેલ, જાયફળ, જાવંત્રી, અકલકરો, કબાબચીની, ગોખરુ, વરધારાનાબીજ, અજમોદ, [illegible] ([illegible]), [illegible], ચુઓ, મરી, હરડે, બહેડાં, આમળા એ દરેક [illegible] ચૂર્ણ અર્ધ અર્ધ તોલો [illegible]

[illegible]

प्रमाण—[illegible]

अनुपान—ગરમ દૂધ સાથે.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—અશક્તિ, નામરદાઈ, છાતીનું દરદ, ખાંસી, પ્રમેહ, બહુમૂત્રતા, ક્ષયરોગ, શ્વાસ, પાંડુરોગ, મંદાગ્નિ, સંગ્રહણી વગેરેમાં લાભદાયક છે.

૪૨૬ कंटकार्यावलेह

बनावट—ભોંરીંગણીનું પંચાંગ તો. ૪૦૦ લઈ સાધારણ કચરી તેમાં પાણી તોલા ૧૦૦૦ નાખી ઉકાળો કરવો. ચોથા ભાગ જેટલું બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું અને તેમાં સાકર તો. ૨૦૦ નાખી ચુલે ચડાવી પાક કરવો. જ્યારે અવલેહ જેવું થાય ત્યારે તેમાં ગળો, ચવક, ચિત્રક, મોથ, કાકડાસીંગી, શુંઠ, મરી, પીપર, ધમાસો, રાસ્ના, ભારંગમૂળ, કચુરો એ દરેકનું ચૂર્ણ તોલા બે બે લઇનાખી બરાબર પાક થયે ઉતારી લેવું અને તેમાં મધ તો. ૩૨, વંસલોચન તો. ૧૬, પીપર તો. ૧૬ ચૂર્ણ કરી મેળવી બરણી ભરી રાખી મુકવું.

प्रमाण—૧ થી ૨ તોલા.

अनुपान—દૂધ સાથે સવાર સાંજ બે વખત.

उपयोग—ક્ષય, ખાંસી, દમ, હેડકી, શ્વાસ, ફેફસાંનાંદરદો, વગેરેમાં સારો ફાયદો આપે છે.

૪૨૭ गोक्षुरादिअवलेह

बनावट—ગોખરૂ આમળાં, સતાવરી, વિદારીકંદ બલબીજ, જેઠીમધ, એખરો, કૌંચબીજ, મૂસળી, વરધારાનાબીજ, લવંગ, મોટી-એલચી, જાવંત્રી, કેસર, જાયફળ, તજ, વંસલોચન, ગળોસત્વ, એલચી-બીજ, નાગકેસર એ દરેક બીજ એક એક તોલો લઈ ચૂર્ણ કરી

લેવું અને તેમાં મધ તો. ૪૮ નાંખી મેળવી બરણીમાં ભરી લેવું.

प्रमाण—ાા થી ૧ તોલો સવારે તથા રાત્રે બે વખત.

अनुपान—ચાટણ લઈ ઉપર દૂધ પીવું.

उपयोग—ધાતુક્ષય, નપુંસકતા, કમજોરી વગેરે મટી રસાયન ગુણ આપે છે અને બળ તથા આયુષ્યની વૃદ્ધિ કરે છે.

૪૨૮ च्यवनप्राशावलेह

बनावट—દશમૂળની દશ ચીજો, પીપર, કાકડાશીંગ, દ્રાક્ષ, ગળો, હરડેછાલ, બળદાણા, ભોંઆમળાં, અરડુસી, મીઠીખરખોડી, કચુરો, શતાવરી, આસગંધ વિદારીકંદ, વારાહીકંદ, મોથ, પુષ્કરમૂળ, પીલુડી, સારોડી, કમળકાકડી, જંગલીમગ, જંગલીઅડદ, એલચી, અગર, સુખડ એ ૩૪ ચીજ દરેક તોલા ચાર ચાર લઇ અધકચર્યાં કરી તેનો પાણી તો. ૧૦૦૦ માં કવાથ કરવો. કવાથનું અર્ધું પાણી બળે ત્યારે તેમાં લીલા આમળાં મોટા નગ ૫૦૦ નાખી દેવાં. જ્યારે કાઢો ૨૦૦ તોલા રહે ત્યારે ઉતારી કપડેથી ગાળી લઇ જુદો રાખવો અને આમળાં જુદાં લઇ તેને કલઇવાળાં વાસણમાં રાખી છુંદી લઇ જાડા કપડાથી છાણી માવો કાઢી જુદો મુકવો. ત્યારબાદ ઘી તોલા ૪૦ લઇ તેમાં આમળાનો માવો બરાબર શેકી લઇ લાલ થાય ત્યારે ઉપરનો રહેલ કવાથ લઇ તેમાં સાકર તો. ૪૦૦ નાખી ધીમે તાપે પાકી ચાસણી કરી તેમાં માવો નાખી બરાબર ચાટણ જેવું થાય ત્યારે તેમાં પીપર તો. ૮, વંસલોચન તો. ૧૬, તજ, તમાલપત્ર, નાગકેશર, એલચી એ દરેક તો. ૧ાા એ સર્વેનું બારીક ચૂર્ણ કરેલું [illegible] તે ઉપર નાખી [illegible] ઠંડુ થાય ત્યારે તેમાં મધ તો. ૬૦ [illegible] ભરી રાખવું (બરણીના અંદર [illegible] [illegible])

પ્રમાણ—ભૂખે પેટે ૨ થી ૪ તોલા, સવાર સાંજ બે વખત.

અનુપાન—તાજું કે ગરમ કરેલું દૂધ રૂચી પ્રમાણે પીવું.

ઉપયોગ—ક્ષય, ધાતુક્ષીણતા, મંદાગ્નિ, નબળાઈ, માથાનું દરદ, ખાંસી, શ્વાસ, હૃદયરોગ, મૂત્રદોષ, નેત્રરોગ વગેરે મટી દૂધ પાચન થાય છે. અનેક જુના રોગો મટાડી પુષ્ટિ આપે છે. રસાયન અને પૌષ્ટિક છે.

૪૨૯ द्राक्षादिअवलेह

બનાવટ—કાળીદ્રાક્ષ, જરદાલુ, મરી, સિંધાલુણ, શેકેલીલાંગ, જીરૂં, શુંઠ, સંચળ લસણનીકળી એ દરેક અકેક તોલો લેવાં. ઠળીયા વિનાનો ખજુર તો. ૫, હીંગ તો. ૧, ગુલાબનાંફુલ તો. ૧, પીપર તો. ૧, લીંબુનોરસ તો. ૨૦, ગોળ તો. ૨૦.

રીત—પ્રથમ સુકી દવાઓ ખાંડી જુદી રાખવી પછી દ્રાક્ષ, ખજુર, જરદાલુ વગેરેના ઠળીયા કાઢી નાખી બાવાને વાટવું અને તેમાં ગોળ તથા લીંબુનોરસ નાંખી લોંદા જેવું થાય ત્યારે ઉપરનું ચૂર્ણ તેમાં નાખી ચાટણ જેવું બનાવી બરણી ભરી રાખવી.

સૂચના—આ દવા બનાવનાં વાસણ ચીનીનું લેવું, ધાતુપાત્રમાં કાટ લાગે છે જેથી તે લેવું નહિ.

પ્રમાણ—૦॥ થી ૧ તોલો લેવાય.

ઉપયોગ—આ ચાટણ ભૂખ લગાડે, રૂચી પેદા કરે, દસ્ત સાફ લાવે તથા ખાધું પચાવે છે.

૪૩૦ निमगुलकंद

બનાવટ—

ત્રિફલા	તો. ૨	ત્રિકટુ	તો.	૨
સરપુંખાનુંમૂળ	,, ૨	પિત્તપાપડો	,,	૨
કુમારપાન	,, ૨	લોહભસ્મ	,,	૨

સુવર્ણમાક્ષિકભસ્મ તો. ૨   શુદ્ધખાપરીયું તો. ૧
ઇંદ્રવારૂણીનીજડ „ ૨   સાકર „ ૧૧૦
લીંબડાના ફુલનો મોર તો. ૨૦૦
સોડાબાયકાર્બ „ ૫

રીત—બધા ઓસડીઆ વાટી બારીક ભૂકો કરી લેવો લીંબડાના ફુલ સાફ કરી જુદાં રાખવા અને સાકરનું ચૂર્ણ કરી જુદું રાખવું. પછી સાકર અને લીંબડાના ફુલને સાથે ખુંદી મેળવી લેવું અને તેમાં ઉપરની દવાઓનું ચૂર્ણ તથા ભસ્મ મેળવી લોંદા જેવું કરી લેવું તેને બરણીમાં ભરી એક માસ તડકામાં રાખી મુકવું અને દરરોજ તેને લાકડી વડે હલાવી દેવુ. તડકામાં રાખવાથી જલદી તૈયાર થશે

પ્રમાણ—ા। તોલો. **અનુપાન**—પાણી અથવા દૂધ

પથ્ય—તેલ, લાલમરચાં, ખટાઇ અને ગરમચીજ ન ખાવી.

ઉપયોગ—રક્ત શુદ્ધ કરે છે, વાયુરોગ મટાડે છે, હરસવાળાને માટે ઉત્તમ ઉપાય છે. ખસ, ખુજલી, દાદર, ઉપદંશ વગેરે માટે રામબાણ ઉપાય છે.

૪૩૧ प्रदरारिअवलेह

बनावट— અશોકનીછાલ તો. ૨   મોચરસ તો. ૨
ધાવડીનાફુલ „ ૧   ચોખા [illegible] „ ૧

रीत—એ દરેક દવાઓને અધકચરી કરી તેમાં પાણી તો. ૮૦ નાખી [illegible] [illegible] ભાગ રહે ત્યારે ઉતારી [illegible] [illegible] દવાઓનું ચૂર્ણ નાખી [illegible] કરી લેવુ

[illegible]
[illegible]

નાખી મેળવી તૈયાર થાય ત્યારે તેમાં કપુર માસો ૧ મેળવી નાખી મુકવું.

प्रमाण—ના થી ૧ તોલો. समय—સવાર સાંજ.

अनुपान—બકરીના દૂધ સાથે.

उपयोग—દરેક જાતના પ્રદર માટે ઉત્તમ યોગ છે.

४३२ पुनर्नवाहरितकीअवलेह

बनावट— પુનર્નવા તો. ६४ ચિત્રક તો. ६४
કાળીપાટ „ ४० શુંઠ „ ४०
દંતીમૂળ „ ४० હરડે(આખી)નંગ ૧૦૦
દશમૂળ „ ૨૦૦

એ દરેક ચીજ સાથે લઇ તેને પાણી તો. ४००० માં ઉકાળી ચોથા ભાગનું પાણી બાકી રહે ત્યારે ઉતારી ઠંડું કરી તેમાંથી હરડે કાઢી તેનો માવો જુદા કપડેથી છાણીને રાખવો અને બાકીના છાણેલા ક્વાથમાં ગોળ તો. ४०० નાખી પાક કરવો અને તેમાં હરડેનો માવો નાખી દેવો, જ્યારે બરાબર અવલેહ થાય ત્યારે ઉતારી તેમાં નાગકેશર, શુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, એલચી એ દરેક બે બે તોલા લઇ તેનું ચૂર્ણ કરી નાખવું અને મધ તો. ૩૨ નાંખી મેળવી બરણીમાં ભરી રાખવું.

प्रमाण—૧ થી ૨ તોલા. अनुपान—દૂધ સાથે.

समय—સવાર અને સાંજ.

उपयोग—સોજાનોરોગ, અર્શરોગ, ગુલ્મરોગ વગેરે માટે ઉત્તમ ઉપાય છે. પેટ સાફ કરે છે.

सूचना—કેટલાક વૈદો, હરડે આખી રાખી માવો ન બનાવતાં તે આખી હરડે, અવલેહ નરમ હોય તેમાં નાખી આખી રહેવા દે છે અને પછી એક એક હરડે રોજ ખાવા માટે આપે છે.

૪૩૩ પંચામૃતચાટણ

બનાવટ—સુંઠ, મરી, પીપર, સિંધાલુણ એ દરેક એકેક તોલો તથા કાળીદ્રાક્ષ બીજ કાઢી લીધેલ ચોખ્ખો મેંદા જેવો લોંદો તો. ૪૦.

રીત—પ્રથમની ચાર વસ્તુઓનું બારીક ચૂર્ણ કરી પછી કાળી દ્રાક્ષના લોંદાને ખરલમાં નાખી ઘુંટવું. બાદ તેમાં ઉપરનું ચૂર્ણ મેળવી દઈ પહોળા મોંની એક નાની બરણીમાં ભરી રાખવું.

પ્રમાણ—ા। થી ૨ તોલા સુધી.

સમય—જરૂરત પ્રમાણે અથવા સવાર સાંજ.

અનુપાન—રૂચી પ્રમાણે ગમે તે અથવા કાંઇપણ ન હોય તો પણ ચાલે.

ઉપયોગ—અરૂચી, વાયુ, કફ, મોઢાંનીફીકાશ, મોળ, ઉલટી, શરદી, તાવ, ખાંસી, મંદાગ્નિ, ઇન્ફ્લુએન્ઝા, ત્રિદોષ, તાવ, કબજીઆત, વાયુનીચૂંક વગેરેમાં ફાયદાકારક છે. દરેક ફરીયાદને શાંત કરી પેટ સાફ કરે છે.

૪૩૪ બત્રીશું (કાટલું)

બનાવટ— સુંઠ	તો.	૫	ગુંદબાવળનો	તો.	૨૦
મેથી	,,	૧	જાયફળ	,,	ા।
જાવત્રી	,,	ા।	[illegible]	,,	ા।
તજ	,,	ા।	ખસખસ	,,	ા।
[illegible]	,,	૧	[illegible]	,,	ા।
[illegible]	,,	ા।	વરીઆળી	,,	૧
તમ.પત્ર	,,	ા।	પીપર	,,	૧
[illegible]	,,	૧	[illegible]	,,	ા।
[illegible]	,,	૧	[illegible]	,,	૧

મુશલીકાળી	તો.	૧	મરી	તો.	૧
બલબીજ	,,	૨	કુલીંજન	,,	૦॥
વાપુંબા	,,	૧	જીરૂં	,,	૦॥
ધાણા	,,	૧	હળદર	,,	૦॥
એખરો	,,	૧	કોપરૂં	,,	૫
અશેરીએ	,,	૧	પીસ્તા	,,	૫
બદામબીજ	,,	૫	સફેદમુશલી	,,	૧

રીત—ઉપરની દવાઓ સાફ કરી ખાંડી રવાદાર જાડો ભૂકો કરી લેવો અને તેને ઘી તો. ૧૦ માં ભૂકો તો. ૪ નાખી તળી લાલ કરી તેમાં ગોળ તો. ૧૦ તથા ઘઉંનો શેકેલો લોટ તો. ૬ નાખી કીટી બનાવી લઇ ઠંડું કરી ખાઈ જવી. આ કીટી દરરોજ સવારે ખાઈ ઉપર દૂધ પીવું અને પચે ત્યારે સાદો અને પૌષ્ટિક ખોરાક ખાવો.

ઉપયોગ—આ દવા સુવાવડી સ્ત્રીને માટે બહુજ અકસીર છે અને તેથી શરીર મજબુત થાય છે. નબળાઈ મટી જઠરાગ્નિ તેજ થાય છે. સિવાય વાયુ, શરદી મટે છે. નબળા માણુસો માટે પણ પૌષ્ટિક તરીકે સારી છે. આ દવા પાકના રૂપમાં બનાવીને પણ ખાઇ શકાય છે અને ખપે તો ગુંદ બીજું વધારે નાખી બનાવાય છે.

૯૩૫ बालारोग्यचाटण

बनावट—

ગળોસત્વ	તો.	૨॥	મંડુરભસ્મ	તો.	૨॥
અતિવિષ	,,	૧	અભ્રકભસ્મ	,,	૧
પીપર	,,	૧	વંસલોચન	,,	૧
કાકડાશીંગ	,,	૧	જેઠીમધ	,,	૨॥
મરી	,,	૧	સુંઠ	,,	૧
ટાંકચ	,,	૦॥	વાવડીંગ	,,	૧

रीत—દરેક વસ્તુનું બારીક ચૂર્ણ લઈ ખરલમાં ઘુંટી તેમાં મધ તો. ૩૦ નાખી ઘુંટી મેળવી બાટલીમાં ભરી રાખવું.

प्रमाण—બે આનીભાર અથવા ૧ થી ૪ વાલ સુધી.

समय—સવાર સાંજ બે વખત.

उपयोग—નબળાઇ, ખાંસી, જીર્ણજ્વર, રતવા, ઝાડા, મંદાગ્નિ, ઉલટી, રક્તવિકાર, પીકાશ, પેટનું દરદ, સોજા, કબજીઆત વગેરે બાળકોનાં દરદો મટાડે અને ખાસ કરી નબળાઈ મટાડી શરીરને પુષ્ટ બનાવે છે.

૪૩૬ विभीतकअवलेह

बनावट—બહેડાની છાલનું જાડું ચૂર્ણ તો. ૨૦ લઇ તેને ૨૦ ગણા ગૌમૂત્રમાં નાખી ઉકાળો કરી લેવો અને ૪થા ભાગનો બાકી રહે ત્યારે ઉતારી ગાળી તેનો ફરી પાક કરવો. પાકું થાય ત્યારે તેમાં મધ તો. ૪૦ નાખી ઉતારી રાખવું.

प्रमाण—૦॥ તોલો.

समय—સવાર, બપોર અને સાંજ.

अनुपान—દવા ચાટી ઉપર દૂધ પીવું.

उपयोग—ખાંસી, શ્વાસ, સોજો અને મંદાગ્નિ મટાડે છે

૪૩૭ माजुनेनानखाह

बनावट					
	[illegible]	તો. ૩	[illegible]	તો.	૩
	[illegible]	„ ૩	[illegible]	„	૩
	[illegible]	„ ૩	[illegible]		[illegible]
	[illegible]	„ ૦॥=	[illegible]	„	[illegible]

અક્કલકરો	તો. ૦।ન્ન	જાવંત્રી	તો. ૦।ન્ન
અગરખાન	વાલ ૫	કસ્તુરી	વાલ ૧
કેશર	,, ૬	સાકર	તો. ૪૦

રીત—સર્વ વસ્તુઓનું બારીક ચૂર્ણ કરી લેવું. તેમાં સાકરની મધ જેવી ચાસણી કરી તેમાં દવાઓ નાખી મેળવી બરણીમાં ભરી રાખવું. ચાટણ જેવું થઇ જશે.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો.

સમય—સવાર સાંજ જમ્યા પહેલાં લેવું.

ઉપયોગ—મગજ અને હોજરીને શક્તિ આપે છે, ખોરાક પચાવે છે, મુખને સુગંધયુક્ત બનાવી દાંતના મૂળને મજબુત બનાવે છે. મોળ, અરૂચી, પેટનાફમી, વાયુ, ગુરદાનીબીમારી, ઇંદ્રિની શિથિલતા, મૂત્રકૃચ્છ વગેરે મટાડી શક્તિ આપે છે.

સૂચના—આ દવા ખાવામાં સ્વાદિષ્ટ હોવાથી તેનાપર અનુપાન તરીકે કાંઇપણ લેવાની જરૂર નથી.

૪૩૮ माजुनेबुकरात

બનાવટ—

ગાજરનાંબીજ	તો. ૨॥	અનીસુન	તો. ૨॥
સુઆદાણા	,, ૨॥	અજમોદ	,, ૨॥
અક્કલકરો	,, ૦।	લવંગ	,, ૦।
રૂમીમસ્તકી	,, ૦।	સાચોઅગર	,, ૦।
ગુલાબનાં ફુલનાં તંતુ (ઝરવર્દ)			,, ૦॥

રીત—એ સર્વેને ખાંડી બારીક ભૂકો કરી તેમાં મધ તો. ૩૫ નાખી મેળવી બરણી ભરી રાખવી.

પ્રમાણ—૦। થી ૦॥ તોલો.

૨૫।

સમય—જમ્યા પછી બે વખત. દવા ખાધા પછી જો હોય તો પાન ખાવું.

ઉપયોગ—હીવરનીકમજોરી, આમાશયનીકમજોરી, મરજીનગાઇ, પાચકશક્તિનીખામી, હૃદયનીનબળાઇને મટાડી બેહદો ફાયદો કરે છે, કાચો ફફ થતો અટકાવે છે અને શરીરને બળ આપે છે

૪૩૯ પૌષ્ટિકમાજુન

બનાવટ—

નાનીએલચી	તો. ૩	જટામાસી	,, ૧ાા
મોટીએલચી	,, ૫	નાગરમોથ	,, ૧
તજ	,, ૧ાા	તગરગંઠોડા	,, ૧ાા
નાગકેશર	,, ૧	પદમનસરૈ	,, ૧
જાયફળ	,, ૧ાા	તાલીસપત્ર	,, ૧
જાવંત્રી	,, ૧ાા	કેશર	,, ાા
કપુરકાચલી	,, ૧ાા	મહેરચંદન	,, ૧
રૂમીમસ્તકી	,, ૧	ગાવઝબાનનાફુલ	,, ૧
ગુલાબનાંફુલ	,, ૩	વંસલોચન	,, ૧ાા
ચાંદીનાવરક	,, ૧	સોનાનાવરક	નંગ ૨૫
તમાલપત્ર	,, ૧ાા	સાકર	ટો ૧
આંમળાનો મુરબ્બો	,, ૪૦		

રીત—બધી દવાઓમાંથી સોનાના તથા ચાંદીના વરખ, કેશર, સાકર અને મુરબ્બો એ સર્વ જુદા રાખી બાકીની ઔષધીઓનું બારીક છાણુ કરી લેવી, મુરબ્બામાંથી ઠળીઆ કાઢી માવો બનાવી રાખવો બાદ સાકરની ચાસણી કરી તેમાં માવો (આમળાના મુરબ્બાનો) નાખી પાક જેવું થાય ત્યારે તેમાં બીજી દવાઓ તથા કેશર તથા વરખ નાખી હલાવી ઠંડું કરી બરણી ભરી લેવી.

प्रमाण—૧ તોલો દૂધ સાથે લેવાય.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—શક્તિ વધારનાર ઉત્તમ પ્રયોગ છે. ક્ષય, ખાંસી, ક્ષીણતા, જીર્ણજ્વર, મંદાગ્નિ વગેરે મટાડે છે.

૪૪૦ यवानीकाअवलेह

बनावट—

અજમો	તો. ૩	બીસ્કીટઈઝ	તો. ૦।~
ગાજરનાંબીજ	„ ૩	મધ	„ ૩૦
શુંઠ	„ ૩	કેશર	„ ૦।~
અજમોદનાંમૂળ	તો. ૧॥		

रीत—બધી ચીજોને ખાંડી બારીક કરી તેમાં મધ મેળવી બાટલી ભરી રાખવી અવલેહ જેવું ચાટણ થઇ જશે.

प्रमाण—૦। થી ૦॥ તોલો.

समय—જમ્યા પછી લેવું.

उपयोग—હોજરીને શક્તિ આપે છે, દીપન અને પાચન ગુણ હોવાની સાથે મોઢામાંથી જતી લાળ બંધ કરી ગુરદાને તથા મૂત્રપિંડને તાકાત આપે છે. ધાતુપુષ્ટ કરી શક્તિ આપે છે. મોળ, વાયુ, કૃમી વગેરે મટાડી ખોરાક પચાવે છે.

૪૪૧ याकुती

बनावट—ભાંગનાપાન તો. ૪૦ લઇ તેની પોટલી બાંધી પાણીમાં ખુબ ધોઇ લેવી પછી તેને ગાયનું દૂધ તો. ૪૦૦ લઇ તેમા નાખી ખુબ ઉકાળવી. પછી તે દૂધને જમાવી તેનું દહીં બનાવી તેમાંથી માખણ કાઢી તેનું ઘી બનાવી લેવું. ત્યારબાદ તેમા

समय—જમ્યા પછી બે વખત. દવા ખાધા પછી જરૂર હોય તો પાન ખાવું.

उपयोग—લીવરનીકમજોરી, આમાશયનીકમજોરી, મગજની નબળાઇ, યાદશક્તિનીખામી, હૃદયનીનબળાઇને મટાડી ખોરાકને પચાવે છે, કાચો કફ થતો અટકાવે છે અને શરીરને બળ આપે છે.

૪૩૧ पौष्टिकमाजुन

बनावट—

નાનીએલચી	તો.	૩	જટામાસી	તો.	૧॥
મોટીએલચી	,,	૫	નાગરમોથ	,,	૨
તજ	,,	૧॥	તગરગંઠોડા	,,	૧॥
નાગકેશર	,,	૧	બહમનસફેદ	,,	૧॥
જાયફળ	,,	૧॥	તાલીસપત્ર	,,	૨
જાવત્રી	,,	૧॥	કેશર	,,	૦॥
કપુરકાચલી	,,	૧॥	સફેદચંદન	,,	૧
રૂમીમસ્તકી	,,	૧	ગાવઝબાનનાફૂલ	,,	૧
ગુલાબનાંફૂલ	,,	૩	વંસલોચન	,,	૧॥
ચાંદીનાવરક	,,	૧	સોનાનાવરક	નગ	૨૫
તમાલપત્ર	,,	૧॥	આકરો	[illegible]	૧
આમળાનો મુરબ્બો	,,	૪૦			

रीत—બધી દવાઓમાંથી સોના તથા ચાંદીના વરખ, કેશર, આકર અને મુરબ્બો એ ચાર જુદા રાખી બાકીની ઔષધિઓનું કપડછાણ કરી લેવું. મુરબ્બામાંથી [illegible] [illegible] [illegible] [illegible] (આમળાના મુરબ્બાની) [illegible] [illegible] તથા મુરબ્બો [illegible] [illegible] [illegible]

प्रमाण—૧ તોલો દૂધ સાથે લેવાય.

समय—સવાર, સાંજ બે વખત.

उपयोग—શક્તિ વધારનાર ઉત્તમ પ્રયોગ છે. ક્ષય, ખાંસી, ક્ષીણતા, જીર્ણજ્વર, મંદાગ્નિ વગેરે મટાડે છે.

४४० यवानीकाअवलेह

बनावट—

અજમો	તો. ૩	બીસફાઇઝ	તો. ०।–
ગાજરનાંબીજ	,, ૩	મધ	,, ૩૦
સૂંઠ	,, ૩	કેશર	,, ०।–
અજમોદનાંમૂળ	તો. ૧॥		

रीत—બધી ચીજોને ખાંડી બારીક કરી તેમાં મધ મેળવી બાટલી ભરી રાખવી અવલેહ જેવું ચાટણ થઇ જશે.

प्रमाण—० થી ०॥ તોલો.

समय—જમ્યા પછી લેવું.

उपयोग—હોજરીને શક્તિ આપે છે, દીપન અને પાચન ગુણ હોવાની સાથે મોઢામાંથી જતી લાળ બંધ કરી ગુરદાને તથા મૂત્રપિંડને તાકાત આપે છે. ધાતુપુષ્ટ કરી શક્તિ આપે છે. મોળ, વાયુ, કૃમી વગેરે મટાડી ખોરાક પચાવે છે.

४४१ याकुती

बनावट—ભાંગનાપાન તો. ૪૦ લઇ તેની પોટલી બાંધી પાણીમાં ખુબ ધોઇ લેવી. પછી તેને ગાયનું દૂધ તો ૪૦૦ લઈ તેમા નાખી ખૂબ ઉકાળવી. પછી તે દૂધને જમાવી તેનું દહીં બનાવી તેમાંથી માખણ કાઢી તેનું ઘી બનાવી લેવું. ત્યારબાદ તેમા

બદામ	તો. ૪૦	રૂમીમસ્તકી	તો. ૧
પીસ્તા	,, ૪૦	કંકોલ	,, ૧
દૂધનો માવો	,, ૨૦	સાલમ	,, ૧
ચીરાંજી	,, ૪૦	મુસળી સફેદ	,, ૨
ચારોલી	,, ૪૦	એખરો	,, ૨
તલ સફેદ	,, ૪૦	ગોખરૂ	,, ૨
જાયફળ	,, ૧	મુસળીકાળી	,, ૨
જાવંત્રી	,, ૧	શતાવરી	,, ૨
એલચી	,, ૧	કૌચબીજ	,, ૨
વરધારાનાબીજ	,, ૧	અક્કલકરો	,, ૧
અરીઠુ	,, ૧	સૂંઠ	,, ૧
કેશર	,, ૧	મરીકાળાં	,, ૧
આસગંધ	,, ૨	પીપરીમૂળ	,, ૧

રીત—ભાગમાંથી તૈયાર થયેલા ઘીમાં આ સર્વ દવાઓનું બારીક કરેલુ ચૂર્ણ મેળવી દેવુ. તથા બદામ પિસ્તા વગેરે પ્રથમની [illegible] ચીજોને જુદી જુદી ગાખવી ને તથા ભાગ વધેલી હોય તેને ફેરી [illegible] ચૂર્ણ કરી લેવુ પછી એક વાસણમાં સાકર તો. ૫૦૦ની [illegible] કરી તેમા બધી ચીજો બરાબર મેળવી [illegible] અથવા પાકના [illegible] તેમ તૈયાર કરી લેવુ

પ્રમાણ—૧ થી ૪ [illegible] **સમય**—[illegible]

અનુપાન—[illegible]

ઉપયોગ—[illegible]

૪૪૨ योगराज

बनावट— ત્રીફલા તો. ૧૨ ત્રીકટુ તો. ૧૨
ચિત્રક „ ૪ વાવડીંગ „ ૪
શિલાજીત „ ૨૦ રૌપ્યમાક્ષિકભસ્મ „ ૨૦
સુવર્ણમાક્ષિકભસ્મ „ ૨૦ લોહભસ્મ „ ૨૦
સાકર „ ૩૨

रीत—એ દરેકને ખરલમાં ઘુંટી તેમાં શિલાજીત મેળવી ચૂર્ણ કરી લેવું અને તેમાં જોઇએ તેટલું મધ મેળવી ચાટણ જેવું કરી વાસણમાં ભરી રાખવું.

प्रमाण—ાા થી ાાા તોલો. **अनुपान**—દૂધ સાથે.

समय—સવાર સાંજ.

उपयोग—પાંડુ, કમળો અને નબળાઇ માટે ઉત્તમ ગોગ છે અને તેની પ્રશંસા ચરક સંહિતામાં બહુજ કરેલી છે અને અનુભવમાં પણ ઉત્તમ જણાય છે.

૪૪૩ वासावलेह

बनावट—અરડુસીનાં લીલાંપાન તો. ૨૦૦ તથા પાણી તો. ૧૬૦૦ લઇ તેનો ઉકાળો કરવો ત્યારે ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યારે ઉતારી ઠંડું થયે ગાળી લેવું.

रीत—ઉકાળેલા ક્વાથના પાણીમાં સાકર તો. ૧૨૮, નાખી મંદ અગ્નિ વડે અવલેહ જેવો પાક તૈયાર કરવો. તૈયાર થાય ત્યારે પીપર તો. ૨, વંસલોચન તો. ૪, તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર એ ચારે મળી તોલા ત્રણ એ સર્વેનું ચૂર્ણ નાખી નીચે ઉતારી ઠંડું થયે તેમાં મધ તો. ૨૦ નાખી ચીનીની બરણીમા ભરી રાખવું

प्रमाण—૧ થી ૨ તોલા જરૂર જણાય ત્યારે દિવસમાં બે વખત.

अनुपान—દવા ચાટી ઉપર દૂધ પીવું.

उपयोग—ખાંસી, ક્ષય, ઉરઃક્ષત, રક્તપિત્ત, લોહીવાળીખાંસી, જીર્ણજ્વર, કફ, હૃદયરોગ વગેરે મટાડે છે.

૨૪૪ स्वादिष्टखारेक

बनावट—				
છુવારી ખારેક	તો. ૪૦	પીપર	તો. ૨ાા
સુંઠ	,, ૧	જાવંત્રી	,, ાા
વછનાગ	,, ાા	મરી	,, ૨ાા
તજ	,, ૨ાા	પીપરીમૂળ	,, ૨ાા
સિંધાલુણ	,, ૧	ગંગણ	,, ૨

લીંબુનો રસ જરૂરત પ્રમાણે.

रीत—પ્રથમ ખારેકના ઠળીઆ કાઢી નાખી તેને લીંબુના પુરતા રસમાં પલાળી મુકવી, પછી ઉપરનાં બીજાં વસાણાનું ચૂર્ણ સર્વ માંહે મેળવી બે ત્રણ દિવસ પલાળી રાખી સુકાય કે તેને ખાંડી દવાદાર ચૂર્ણ બનાવી બાટલી ભરી રાખવી.

प्रमाण—[illegible] અથવા ાા થી ૧ તોલો.

अनुपान—[illegible]

समय—[illegible] પછી, સવાર સાંજ

उपयोग—[illegible]

---

૩૪૫ सालमपाक

બનાવટ—	સાલમ	શેર ૦।	ધોળી મુશળી	તો. ૫
	કાળી મુશળી	તો. ૫	એખરો	,, ૨॥
	નરગંડી	,, ૨॥	પીપર	,, ૨॥
	અક્કલકરો	,, ૨॥	બલદાણા	,, ૨॥
	કૌંચબીજ	,, ૧૦	જાયફળ	,, ૨॥
	જાવંત્રી	,, ૨॥	કેશર	,, ૨
	તજ	,, ૨॥	તમાલપત્ર	,, ૨॥
	શુંઠ	,, ૫	લવંગ	,, ૨॥
	વંસલોચન	,, ૫	શીંગોડા	,, ૫
	ચીનીકબાલા	,, ૫	આસગંધ	,, ૫
	મરી	,, ૨॥	એલચી	,, ૫
	નાગકેશર	,, ૫	ભીમસેનીકપુર	,, ૧।
	બદામબીજ	શેર ૦।	પીસ્તાં	શેર ૦।
	કસ્તુરી	તો. ૦।	અંબર	તો. ૦।
	ઘી	શેર ૮	સાકર	શેર ૮
	અડદની દાળનો લોટ	,, ૧।	બેશનું દૂધ	,, ૨૦

રીત—પ્રથમ દૂધમાં સાલમનો ભૂકો નાખી માવો બનાવી તેની ઘીમાં કીટી કરી લેવી. પછી અડદની દાળનો લોટ લઈ તેની કીટી કરી લેવી. એ બંને જુદા રાખી સાકરની ચાસણી બનાવી તેમાં કીટી નાખી પાકની રીતે પાક બનાવવો કીટી નાખ્યા પછી ઉપરની સર્વ વસ્તુઓનું ચૂર્ણ નાખી મેળવી તેમાં બધું ઘી નાખી દઈ તે ઉપર કેશર, બદામ, પીસ્તાં, અંબર, કસ્તુરી વગેરે નાખી દેવાં અને ઇચ્છા હોય તો ચંદ્રોદય તો. ૧, લોહભસ્મ તો. ૨, પ્રવાલભસ્મ તો. ૨, બંગભસ્મ તો. ૨ તથા અભ્રકભસ્મ તો. ૨ મેળવી નાખી દઈ

ઉકાળો તૈયાર કરવો. જ્યારે ચતુર્થાંસ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. ગાળેલા કવાથમાં સાકર નાખી શરબત જેવી ચાસણી કરી ઉતારી ગાળી ઠંડું થયે બાટલી ભરી રાખવી. આસરે ૬ રતલ શરબત થશે. બને તો લીલી આમળીનો રસ તોલા ૮૦ લેવો.

प्रमाण—૧। તોલો, આખા દિવસમાં અઢી તોલા.

समय—સવાર સાંજ બે વખત.

अनुपान—પાણી સાથે મેળવીને લેવું.

उपयोग—મગજની, જ્ઞાનતંતુઓની, તેમજ લોહીનીનબળાઈ, યાદશક્તિનીખામી, માથાંનુંદરદ, ચક્કરી, ઉન્માદ, હિસ્ટીરીયા, વાઈ ગાંડપણ વગેરેમાં બુદ્ધિવર્ધક તથા ઉત્તેજક તરીકે વપરાય છે.

सूचना—આ દવા વાપરતાં જો ગરમ જણાય તો એ અઠવાડીયું દવા વાપરી ત્રણ ચાર દિવસ બંધ કરવી, ફરી પાછી શરૂ રાખવી. આ પ્રમાણે વાપરવાથી ગરમ નહિ જણાય.

९८९ रक्तशुद्धिशर्बत

बनावट—

ઉન્નાબ	શેર	॥	જાવાકુમ	તો.	૨
અનંતમૂળ	,,	॥	તેજપત્ર	,,	૨
મેંદીની	,,	॥	ગુલેબનફશા	,,	૨
[illegible]		૨	[illegible]	,,	૨
[illegible]	,,	૨	નાગકેશર	,,	૨
[illegible]	,,	૨	[illegible]	,,	૨
[illegible]	,,	૨	[illegible]	,,	૨
[illegible]	,,	૨	[illegible]	,,	૨
[illegible]			[illegible]	,,	૨
			[illegible]	,,	૨

જેઠીમધ	તો. ૨	હરડેકાળી	તો. ૨
કમળનાફુલ	,, ૪	અજમોદ	,, ૨
લવંગ	,, ૨	અજમો	,, ૨
જાવંત્રી	,, ૨	ખડસલીઓ	,, ૪
દ્રાક્ષ	,, ૪	સરપુંખો	,, ૪
વાવડીંગ	,, ૪	શુંઠ	,, ૨
મજીઠ	,, ૧૦	ઉશબો ઇરાની	,, ૧૦
ગુલાબફુલ	,, ૧૦	મીંઢીઆવળ	,, ૧૦
ત્રિફલા	,, ૧૦	નાગરમોથ	,, ૩
લીંબડાનાફુલ	,, ૧૦	અમ્બ્નુસણુરા	,, ૫

રીત—દરેક ચીજ જાડી ખાંડી ક્વાથ કરી લેવો. દવાના વજનથી આઠગણું પાણી લેવું, અને જ્યારે ચોથા ભાગનું પાણી રહે ત્યારે ઉતારી ઠંડું થયે ગાળી લેવું. પછી તેમાં સાકર શેર ૫ નાખીને શરબત કરી લેવું અથવા નળીકાયંત્રમાંથી અર્ક ખેંચી પછી તેનું શરબત બનાવી લેવું.

પ્રમાણ—૧ થી ૨ તોલા. **અનુપાન**—પાણી.

સમય—સવાર, સાંજ.

ઉપયોગ—રક્તવિકારનાં તમામ દરદો મટાડી લોહી શુદ્ધ કરે છે તથા શરીરમાં શક્તિ લાવી નબળાઇ મટાડે છે. અત્યંત ઉત્તમ અને અનુભવી પ્રયોગ છે.

મોટા વાસણમાં પાકનાં ચોસલાં પાડી દેવાં, ઠંડું થયે કાઢી બરણીમાં ભરી રાખવો.

प्रमाण—૫ થી ૧૦ તોલા સુધી.

अनुपान—દૂધ, પચે તેટલું લેવું તેમજ પૌષ્ટિક ખોરાક લેવો.

उपयोग—શિયાળામાં શક્તિવર્ધક તરીકે વાપરવાથી સારો ફાયદો થાય. ધાતુપુષ્ટ થાય, વાયુ, શરદી તથા ધાતુઓના અનેક રોગ મટે. તાકાત માટે આ પાક સર્વોત્તમ ઉપાય છે.

૪૪૬ सितोपलादिअवलेह

बनावट— શુદ્ધ હિંગળો તો. ૨ લવંગ તો. ૧
અભ્રકભસ્મ ,, ૦॥ સાબરશૃંગભસ્મ ,, ૧
સિતોપલાદિચૂર્ણ ,, ૪॥ ગળોસત્વ ,, ૧

ઉપરની દવાઓને ખરલમાં વાટી તેમાં મધ તો. ૧૦ નાખી ઘૂંટી ચાટણ જેવું બનાવી બાટલી ભરી રાખવી.

प्रमाण—૦। થી ૦॥ તોલો.

अनुपान—ચાટણ ચાટી ઉપર અરડૂસીનો ક્વાથ પીવો.

समय—દિવસમાં ત્રણ વખત ચાટવો અને દવા ચાટી ઉપર [illegible]

उपयोग— [illegible]

૪૪૭ [illegible]

बनावट [illegible]

ંખાવળી, ભારંગમૂળ, ગજપીપર, બલદાણાનાંમૂળ, પુષ્કરમૂળ એ
રેક આઠ આઠ તોલા લેવાં.

રીત—ઉપરની વસ્તુઓને અધકચરી કરી ખાંડી તેનાથી
આઠગણું પાણી નાખી કવાથ કરવો. ફક્ત હરડે ખાંડયા સિવાય આખી
નાખી દેવી. જ્યારે ચતુર્થાંશ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું.
પછી જે હરડે રહી હોય તેને ભાંગી માવો કાઢી લેવો અને ઠળીયા ફેંકી
દેવાં. માવાને કપડામાંથી દાબી લઇ છાણી લેવું તેને ઘી તો. ૩૨
લઇ તેમાં સેકી લેવું અને કવાથમાં ગોળ તો. ૪૦૦ નાખી પાક કરવો
તેમાં ઉપરનો માવો નાખી દેવો, જ્યારે બરાબર અવલેહ થાય ત્યારે
તેમાં પીપર તો. ૧૬ નું ચૂર્ણ તથા મધ તો. ૫૦ નાખી ઠંડું થયે
બરણી ભરી રાખવી.

પ્રમાણ—૧ થી ૨। તોલા સવાર સાંજ બે વખત ચાટી
ઉપર દૂધ પીવું.

ઉપયોગ—ક્ષય, ખાંસી, તાવ, દમ, હેડકી, હરસ, અરૂચી,
પીનસરોગ, સંગ્રહણી વગેરે મટે છે અને દસ્ત સાફ આવે છે.

प्रकरण १२ मुं — शरबत

---

९९८ ब्राह्मीशरबत

બનાવટ—બ્રાહ્મીનાં સુકાંપાન તો. ૮૦ લઇ તેને સાફ કરી
લેવાં તેમજ સાકર શેર અઢી (રતલ પાંચ) અને સ્વચ્છ પાણી શેર ૪.

રીત—કલઇ કરેલા એક મોટા તપેલામાં પ્રથમ બ્રાહ્મીનાં
સાફ કરેલાં પાન લઇ તેમાં પાણી શેર ચાર નાખી તેનો ધીમી આંચે

प्रकरण १३ मुं — मलम

૪૫૦ खरजवानोमलम

બનાવટ—ગંધકનોબારીકભૂકો તો. ૨॥ વેસેલાઇન તો. ૪૦
એસીડસાલીસીલસ ,, ૧॥ બોરીકએસીડ ,, ૧॥
કપુરનો ભૂકો ,, ૧॥ જસતની ભસ્મ (ઝીંક ઓક્સાઇડ) તો. ૨॥

રીત—વેસેલાઇન થોડું ગરમ કરી તેમાં ઉપરની બીજી દવાઓ બારીક વાટીને મેળવી દેવી. પછી ઉતારી ડબીમાં ભરી લેવું.

ઉપયોગ—પ્રથમ ખરજવાવાળા ભાગને લીંબડાનાપાનથી ગરમ કરેલા પાણી વડે ધોઇ સાફ કરી તેના ઉપર મલમ લગાડવો. આ પ્રમાણે નિયમિત દવા લગાડવાથી-સાફાઇથી ડ્રેસીંગ કરવાથી થોડાક વખતમા ખરજવુ મટે છે

૪૫૧ खसनोमलम

બનાવટ— ગંધકનોભૂકો તો. ૫ વેસેલાઇન તો. ૩૫

રીત—પ્રથમ એક ચીનીના મોટા પ્યાલામા વેસેલાઇનને [illegible] [illegible] પછી તેમા ગંધકનો ભૂકો નાખી [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

અને ચમત્કાર:જોઇ ખુશી થશો. ધોવા માટે બને તો લીંબડાનાં પાન-વાળું ગરમ પાણી વાપરવું સારૂં થશે.

૪૫૨ जसतनोमलम

बनावट—જસતનીભસ્મ (ઝીન્કઑક્સાઇડ) કે જે બજારમાં મળે છે તે તો. ૨॥ તથા વેસેલાઇન તો. ૨૦.

रीत—પ્રથમ એક વાટકામાં વેસેલાઇન થોડું ગરમ કરી તેમાં જસતની ભસ્મ મેળવી ઠંડું થાય ત્યારે બરાબર હલાવી ડબીમાં ભરી રાખવું.

उपयोग—ગરમીના દિવસોમાં અથવા ગરમીને લીધે છાલાં અથવા ગુમડાં થાય છે તે ઉપર આ ઠંડો મલમ બહુજ ઠીક જણાય છે. દાઝ્યા પછી જે ચાંદા રહે છે તે માટે ઠંડો અને અને સારો ઉપાય છે. મનલભ કે રૂઝવવાનું કામ ત્વરાથી કરે છે.

सूचना—મલમ લગાડયા બાદ જ્યારે સાફ કરવું હોય ત્યારે બાવળનીછાલના ઉકાળેલા પાણીથી ધોવું.

૪૫૩ दद्रुनाशकमलम

बनावट—

ગંધક	તો. ૫	કારબોલીક ઍસીડ	તો. ૧૧
કપુર	,, ૨॥	ગોઆ પાઉડર	,, ૫
વેસેલાઇન	,, ૮૦	બોરીકઍસીડ	,, ૨॥
ઍસીડ સાલીસીલસ	તો. ૨॥		

रीत—પ્રથમ એક વાસણમાં વેસેલાઈન ગરમ કરી તેમાં પ્રવાહી કારબોલીક ઍસીડ નાખી નીચે ઉતારી લેવું. પછી તેમાં બાકીની ચીજો એક એક ચૂર્ણ રૂપમાં હોય તે હળવે હળવે મેળવી આપવી અને મલમ જેવું જરા જાડું થાય કે તરત બાટલીઓમાં ભરી રાખવું

उपयोग—ગમે તેવી દરાજને માટે આ મલમ લગાડવાથી ખાજ ઝરી મટાડી આપે છે અને ચામડી સાફ કરે છે. પેટંટ તરીકે વેચવા લાયક છે.

सूचना—દવાવાળા હાથ સાબુથી બરાબર ધોઈ લેવા જોઈએ કારણ આ મલમ ઝેરી છે.

૪૫૪ दराजनीदवा

बनावट—ગંધક ૧ ભાગ, ફટકડી ૧ ભાગ, ટંકણખાર ૧ ભાગ.

रीत—ત્રણે વસ્તુઓનું ચૂર્ણ લઈ ખરલમાં બારીક વાટી તેમાં થોડોક સીગ્નોરમ નાંખી ઘુંટવાથી એ રમ મલમ જેવો થઈ જશે.

उपयोग—જ્યાં દરાજ હોય ત્યાં લગાડવી.

[illegible]—ગમના દરાજ ઉપર દવા ચોળી મસારે ગરમ પાણી ને સાબુથી સાફ કરવું

फायदो—તમામ જાતની દરાજ જડમૂળથી મટી ચામડી સ્વચ્છ બને છે

પાણી નાખવાનું ચાલુ રાખવાથી મલમ જેવો ચીકાશદાર મોટો લોંદો તૈયાર થશે છેવટે પાણી નાખતાં સફેદ રંગનું પાણી નીકળશે ત્યારે મલમ તૈયાર થયો સમજવો. પ્રથમ તો લીલા રંગનુંજ પાણી નીકળશે તે સર્વ કાઢી દેવું અને મલમ તૈયાર કરી પાણીથી નીતારી બરણીમાં ભરી રાખવું.

उपयोग—ખરજવું, સડતા ચાંદા, ધારાં, વ્રણ, જુનાં અને ચેપી તેમજ બળી જવાથી થઈ પડેલાં તમામ વ્રણ–જખમ સારા કરે છે. અને તાજું માંસ લાવી સંપૂર્ણ રૂઝાવે છે. બહુજ અકસીર છે.

૪૫૬ व्रणनाशकमलम

बनावट—				
કપુર	તો. ૨	બોદારસીંગ	તો. ૧૪
સફેદો	,, ૧૪	સફેદરાળ	,, ૭
મીણ સફેદ દેશી	,, ૧૮	સિંદુર	,, ૬
કારબોલીક એસીડ	,, ૨	લીંબડાનીલીંબોળીનું તેલ	તો. ૪૦

रीत—પ્રથમ એક લોઢાની કડાઇમાં તેલને ગરમ કરી તેમાં મીણ મેળવી દેવું. બરાબર મીણ જ્યારે અંદર બળી જાય ત્યારે નીચે ઉતારી ઉપરની દવાઓનું બારીક કપડછાણ કરેલું ચૂર્ણ થોડું થોડું મેળવતા જવું અને લાકડાના તવેથા વડે બરાબર હલાવતા જવું અને જ્યારે તે બરાબર મળી જાય ત્યારે તેમાં કુકડાના ચાર ઇંડાનો રસ નાખી બરાબર મેળવી ડબામાં ભરી રાખવું.

उपयोग—વ્રણને રૂઝાવવા, માંસ ભરવા તથા સાફ કરવા માટે આ મલમ અત્યંત ઉપયોગી છે. જખમ સાફ કરવા માટે પ્રથમ લીંબડાનાપાનનો ક્વાથ કરી તે વડે ધોઇ લેવું પછી આ મલમની પટી લગાડી દેવી. નાડીવ્રણમાં આ મલમની વાટ ભરવાથી સારો

ફાયદો થાય છે. ગાંઠ, વ્રણ અને ફોડા માટે તથા પ્લેગની ગાંઠ માટે પણ ઉપયોગી છે.

૪૫૭ हरसनोमलम (१)

बनावट—શુદ્ધ રસકપુર તો. ૧ વાટી ભૂકો કરી લેવો.
એકસો વખત પાણીથી ધોએલું માખણ તો. ૪૦

रीत—બન્નેને સાથે ઘુંટી મલમ જેવું કરી વાસણમાં ભરી મેલું.

उपयोग—આ મલમ હરસની જગ્યાએ મસા ઉપર લગાડવાથી હરસ સુકાઈ જાય છે, અને ત્યાં થતો દાહ, શૂળ તથા પીડા મટે છે.

सूचना—આ મલમ ઝેરી છે માટે બનાવનારે લગાડનારે હાથ બરાબર ધોઈ સાફ કરવા જોઈએ.

૪૫૮ हरसनोमलम (२)

बनावट—લીંબોળીઓનું મગજ તો. ૨, કપુર તો. ૧, રસવંતી તો. ૪ એ ત્રણેને સાથે વાટી ખરલમાં ઘુંટી મલમ જેવું બનાવી ડબી ભરી રાખવી.

उपयोग—હરસની જગ્યાએ મલમ લગાડવાથી રાહત તથા મસા ખરી હરસની પીડામાં ફાયદો કરે છે

सूचना [illegible]

प्रकरण १४ मुं — अंजन

૪૫૯ चंद्रोदयवर्ती

ઘનાવટ—				
હરડેછાલ	તો. ૧		વજ	તો. ૧
કુષ્ટ	,, ૧		પીપર	,, ૧
બહેડાનાફળીઆનીમીંજ	,, ૧		મરી	,, ૧
શંખની નાભી	,, ૧		શુદ્ધમનશીલ	,, ૧

रीत—એ સર્વને લઇ બારીક વાટી ચૂર્ણ કરી તેને બકરીના દૂધમાં વાટી ગોળી અથવા વાટ બનાવી સુકવી રાખવી.

उपयोग—આ ગોળીને ત્રાંબાના સાફ વાસણ પર જરા પાણી નાખી ઘસીને આંખમાં આંજવાથી નવું અથવા જુનું ફુલું, માંસની વૃદ્ધિ, રતાંધળાપણું વગેરે નેત્રરોગ મટી દ્રષ્ટિ સાફ થાય છે.

૪૬૦ नयनामृतअंजन

घनावट—સીસું (નાગ) શેર ૧ લઈ તેને ગરમ રસ જેવો કરી ત્રિફલાનોક્વાથ, ભાંગરાનોરસ, કમળનીડાંડીનો રસ, બકરીનું દૂધ, ગાયનું ઘી, એ પાંચ ચીજોમાં વારા ફરતી સાત સાત વખત શુદ્ધ કરી લેવું. શુદ્ધ થયા બાદ જે સીસું રહે તેના સરખે વજને શુદ્ધ પારદ અને તેટલાજ ગંધક તથા તે સર્વના સરખે વજને શુદ્ધ કાળોસુરમો મેળવી એકદમ બારીક વાટી તેમાં પારદનાં વજન પ્રમાણે ભીમસેનીકપુર નાખી બારીક ઘુંટી કપડછાણ કરી બાટલીમાં ભરી રાખવું.

उपयोग—શુદ્ધ સીસાની સળી વડે આ અંજન આંખમાં આંજવાથી તમામ નેત્રરોગ મટી આંખની રોશની સાફ થાય છે. દરેક વ્યક્તિને માટે આ અંજન સારો ફાયદો આપે છે. બની શકે

તો ઉપર બનાવેલ શુદ્ધ સીસાની એક સળી હોય તે વડે આ અંજન આંજવું કે જેથી ગુણમાં બહુજ ફાયદો થશે.

૨૬૧ नेत्रबिन्दु

બનાવટ—ફુલાવેલ ટંકણખાર તો. ૦।, અફીણ તો. ૦।, ફુલાવેલી ફટકડી તો. ૦।, મોરથુથુ તો. ૦)॥, વરીઆળી તો. ૦।, સાકર તો. ૦।, ગુલાબજળ તો. ૨૦.

રીત—પ્રથમ દરેક સુકી વસ્તુનું બારીક ચૂર્ણ લેવું અને અફીણને એક ચીનીના પ્યાલામાં કે ખરલમાં થોડા ગુલાબજળમાં ઘુંટીને રસ બનાવી તેમાં ઉપરની વસ્તુઓનું ચૂર્ણ નાખી ખાર[illegible]લમાં ઘુંટી તેમાં ધીમે ધીમે ગુલાબજળ રેડવું. બાદ એક બાટલીમાં ભરી ખૂબ હલાવી બાર કલાક રહેવા દેવું. ત્યાર પછી નગર [illegible] કપડેથી છાણી લઈ એક કાચની ઝુચવાળી સ્વચ્છ શીશીમાં ભરી રાખવી.

સમય—સવાર, બપોર અને રાત અથવા જરૂર મુજબ.

પ્રમાણ—બેથી ચાર ટીપાં આંખમાં નાખવાં.

ઉપયોગ—[illegible] આવવી, સ્રાવ, ખરી, ફુલું, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વગેરે [illegible] [illegible] નિર્ભયપણે વાપરી શકાય.

૨૬૫ नेत्रांजन

બનાવટ—[illegible]

રીત—[illegible]

ઉકાળો કરવો. જ્યારે ફક્ત ૧૦ તોલા પાણીબાકી રહે ત્યારે ઉતારી ઠંડું થયે ગાળી લેવું અને તેને ફરી ધીમે તાપે ઉકાળી જાડું થાય ત્યારે ઉતારી લેવું. પછી તેમાં મધ તોલા ૪ નાખી ઘુંટી તેમાં ભીમસેની-કપુર તો. ⟌ નાખી દેવું અને મેળવી એક બાટલીમાં ભરી રાખવું.

ઉપયોગ—આ દવા કાંજી જેવી પ્રવાહી અને ચીકાશવાળી થશે. તેની સળી ભરી આંખે સુરમાની માફક આંજવાથી અનેક ફાયદા થાય છે. રોશની વધે છે, ગરમી મટે છે, રતાશ મટે છે, ફુલ્લું મટે છે, ખીલ થતા અટકી જાય છે, પાંપણનાં દરદો તથા પરવાળાં, ચીપડા, આંજણી, સોજો, રતાશ, વગેરે મટી સારો ફાયદો આપે છે.

સૂચના—આ દવા હંમેશાં સુરમાની માફક રાત્રે સુતી વખતે આંજવી જોઇએ. વળી ખાસ આંખનું દરદ હોય તો બપોરે પણ આંજી શકાય. નિરોગી માણસ પણ વાપરે તેમાં હરકત નથી. ખાત્રી લાયક અનુભવી પ્રયોગ છે.

૪૬૨ શ્વેતાંજન

બનાવટ— ઝીન્કસલફેટ વાલ ૨ બોરીકએસીડ વાલ ૫
ભીમસેનીકપુર ,, ૨ ચીનાઇસાકર ,, ૫

રીત—ઉપરની દરેક ચીજ બારીક વાટેલી લેવી. તેને ખરલમાં મેળવી ઘુંટી શીશીમાં ભરી રાખવું.

ઉપયોગ—આંખનાં તમામ દરદો જેવાંકે આંખ આવવી, રતાશ, ફુલું, છારી, પડળ, પરવાળાં, ઝાંખ, રતાંધળાપણું, વગેરેમાં આ અંજન સળી ભરી આંજવાથી સારો ફાયદો આપે છે અને તાપોડીયાં વગેરે મટાડી દ્રષ્ટિ સાફ બનાવે છે

प्रकरण १५ मुं — तेल

४६४ आयुष्यवर्धकतेल

बनावट—શતાવરી, આસગંધ, અસારાણા, ખપાટબીજ, ગળો, ગોખરૂપંચાંગ, રૂદ્રવંતી, અરણી, આમળાં, હરડે, બહેડાં, લવંગ, ભાંગરો, આંબાહળદર, હળદર, દારૂહળદર, ગળો, જટ, ધતુ, એલચી, વાવડીંગ, ચણકબાબ, ગોરખમુંડી, કમળફુલ, કમળનોકંદ, કેળનોકંદ, વાળો, ચંદન, પાનડી, કપુરકાચલી, દેવદાર, ગુલાબફુલ એ દરેક ચીજ અઢી અઢી તોલા લઈ ખાંડી કુટી તેમાં પાણી તો. ૮૦૦ નાખી બે દિવસ રાખવું. પછી આમળાનોરસ તો. ૫૦ તથા તલનુંતેલ તો. ૩૨૦ નાખી એક મોટા વાસણમાં ધીમે તાપે ઉકાળવું. પાણી બળી જાય ત્યારે માત્ર તેલ રહે ત્યારે ઉતારી લઈ ગાળી બાટલીમાં ભરી લેવું

उपयोग—આ તેલ શરીરે માલીશ કરવાથી શરીરમાં બળ વધે છે, વર્ણ સુધારે છે, ચામડી રેશમ જેવી બનાવે છે. માથમાં ઘસવાથી મગજને ઠંડક આપી વાળ કાળા અને રેશમી નરમ કરે છે. વાળ ખરતા નથી અને કાળા રહે છે

४६५ कर्णानंदतेल

बनावट [illegible]

[illegible]

લીંબડાનાં પાનની ચટણી કરી નાખી તેલ તૈયાર થાય ત્યારે ઉતારી લેવું. ઠંડું થતાં કપડે ગાળી બાટલી ભરી રાખવી.

ઉપયોગ—કર્ણસ્રાવ, કર્ણનાદ, કર્ણશૂળ, કર્ણપિરજ વગેરે મટાડે છે. કાનનાં દરદોમાં આ તેલનાં ટીપાં નાખવાથી સત્વર ફાયદો થાય છે.

૪૬૬ कासीसादितेल

બનાવટ—હીરાકસી, લાગુલી, કુષ્ટ, શુંઠ, મરી, પીપર, સિંધાલુણ, મનશીલ, કણેરનામૂળનીછાલ, વાવડીંગ, ચિત્રકમૂળ, દંતીમૂળ, અરડુસીપાન, કડવીનઇનાબીજ, દારૂડી, હરતાલ એ સર્વ સમભાગે લઇ પાણીમાં વાટી કલ્ક કરવો. તેમાં તલનું તેલ તો. ૬૪, થોરનુંદૂધ તો. ૮, આકડાનુંદૂધ તો. ૮ અને ગૌમૂત્ર શેર ત્રણ એ બધાને એક કડાઈમાં નાખી ચુલે ચડાવી ગરમ થાય ત્યારે ઉતારી લેવું.

ઉપયોગ—હરસના મસા ઉપર આ તેલ લગાડવાથી મસા મટી જાય છે દરદ મટે છે અને મસા સુકાઈ જાય છે.

૪૬૭ कुमकुमाघतेल

બનાવટ—

તલનું તેલ	શેર ૪		ઘઉંલા	તો. ૨
લાખનો ક્વાથ	,, ૮		દારૂહળદર	,, ૨
બકરીનું દૂધ	,, ૮		હળદર	,, ૨
પલાશપુષ્પ	તો. ૨		ગૌરોચન	,, ૨
